# અહો શ્રુતજ્ઞાનમ્ ગ્રંથ જીર્ણોદ્ધાર

**શ્રી આશાપૂરણ પાર્શ્વનાથ જૈન જ્ઞાનભંડાર**

હીરાજૈન સોસાયટી, રામનગર, સાબરમતી, અમદાવાદ-૩૮૦૦૦૫.

(મો.) ૯૪૨૬૫૮૫૯૦૪ (ઓ) ૨૨૧૩૨૫૪૩ (રહે.) ૨૭૫૦૫૭૨૦

---

પ્રાયઃ જીર્ણ અપ્રાપ્ય પ્રત-પુસ્તકોને સ્કેન કરાવીને ૫૪ પુસ્તકોના સેટ નં.-૧ ની

ડી.વી.ડી. (DVD) બનાવી તેની યાદી ----- ઈ. સ. ૨૦૦૯ (સં. ૨૦૬૫)

*આ પુસ્તકો www.jainelibrary.org / www.jainelibrary.com વેબસાઇટ પરથી પણ ડાઉનલોડ કરી શકાશે.*

| ક્રમાંક | પુસ્તકનું નામ | કર્તા-ટીકાકાર-સંપાદક | પૃષ્ઠ |
|---|---|---|---|
| 001 | श्री नंदीसूत्र अवचूरी | पू. विक्रमसूरिजी म.सा. | 238 |
| 002 | श्री उत्तराध्ययन सूत्र चूर्णी | पू. जिनदासगणि चूर्णीकार | 286 |
| 003 | श्री अर्हद्गीता-भगवद्गीता | पू. मेघविजयजी गणि म.सा. | 84 |
| 004 | श्री अर्हच्चूडामणि सारसटीकः | पू. भद्रबाहुस्वामी म.सा. | 18 |
| 005 | श्री यूक्ति प्रकाशसूत्रं | पू. पद्मसागरजी गणि म.सा. | 48 |
| 006 | श्री मानतुङ्गशास्त्रम् | पू. मानतुंगविजयजी म.सा. | 54 |
| 007 | अपराजितपृच्छा | श्री बी. भट्टाचार्य | 810 |
| 008 | शिल्प स्मृति वास्तु विद्यायाम् | श्री नंदलाल चुनिलाल सोमपुरा | 850 |
| 009 | शिल्परत्नम् भाग-१ | श्रीकुमार के. सभात्सव शास्त्री | 322 |
| 010 | शिल्परत्नम् भाग-२ | श्रीकुमार के. सभात्सव शास्त्री | 280 |
| 011 | प्रासादतिलक | श्री प्रभाशंकर ओघडभाई | 162 |
| 012 | काश्यशिल्पम् | श्री विनायक गणेश आपटे | 302 |
| 013 | प्रासादमञ्जरी | श्री प्रभाशंकर ओघडभाई | 156 |
| 014 | राजवल्लभ याने शिल्पशास्त्र | श्री नारायण भारती गोंसाई | 352 |
| 015 | शिल्पदीपक | श्री गंगाधरजी प्रणीत | 120 |
| 016 | वास्तुसार | श्री प्रभाशंकर ओघडभाई | 88 |
| 017 | दीपार्णव उत्तरार्ध | श्री प्रभाशंकर ओघडभाई | 110 |
| 018 | જિનપ્રાસાદ માર્તણ્ડ | શ્રી નંદલાલ ચુનીલાલ સોમપુરા | 498 |
| 019 | जैन ग्रंथावली | श्री जैन श्वेताम्बर कोन्फ्रन्स | 502 |
| 020 | હીરકલશ જૈન જ્યોતિષ | શ્રી હિમ્મતરામ મહાશંકર જાની | 454 |
| 021 | न्यायप्रवेशः भाग-१ | श्री आनंदशंकर बी. ध्रुव | 226 |
| 022 | दीपार्णव पूर्वार्ध | श्री प्रभाशंकर ओघडभाई | 640 |
| 023 | अनेकान्त जयपताकाख्यं भाग-१ | पू. मुनिचंद्रसूरिजी म.सा. | 452 |
| 024 | अनेकान्त जयपताकाख्यं भाग-२ | श्री एच. आर. कापडीआ | 500 |
| 025 | प्राकृत व्याकरण भाषांतर सह | श्री बेचरदास जीवराज दोशी | 454 |
| 026 | तत्त्पोपप्लवसिंहः | श्री जयराशी भट्ट, बी. भट्टाचार्य | 188 |

| | | | |
|---|---|---|---|
| 027 | शक्तिवादादर्शः | श्री सुदर्शनाचार्य शास्त्री | 214 |
| 028 | क्षीरार्णव | श्री प्रभाशंकर ओघडभाई | 414 |
| 029 | वेधवास्तु प्रभाकर | श्री प्रभाशंकर ओघडभाई | 192 |
| 030 | शिल्परत्नाकर | श्री नर्मदाशंकर शास्त्री | 824 |
| 031 | प्रासाद मंडन | पं. भगवानदास जैन | 288 |
| 032 | श्री सिद्धहेम बृहद्वृत्ति बृहन्न्यास अध्याय-१ | पू. लावण्यसूरिजी म.सा. | 520 |
| 033 | श्री सिद्धहेम बृहद्वृत्ति बृहन्न्यास अध्याय-२ | पू. लावण्यसूरिजी म.सा. | 578 |
| 034 | श्री सिद्धहेम बृहद्वृत्ति बृहन्न्यास अध्याय-३ (१) | पू. लावण्यसूरिजी म.सा. | 278 |
| 035 | श्री सिद्धहेम बृहद्वृत्ति बृहन्न्यास अध्याय३ (२) (३) | पू. लावण्यसूरिजी म.सा. | 252 |
| 036 | श्री सिद्धहेम बृहद्वृत्ति बृहन्न्यास अध्याय-५ | पू. लावण्यसूरिजी म.सा. | 324 |
| 037 | વાસ્તુનિઘંટુ | પ્રભાશંકર ઓઘડભાઈ સોમપુરા | 302 |
| 038 | તિલકમઞ્જરી ભાગ-૧ | પૂ. લાવણ્યસૂરિજી | 196 |
| 039 | તિલકમઞ્જરી ભાગ-૨ | પૂ. લાવણ્યસૂરિજી | 190 |
| 040 | તિલકમઞ્જરી ભાગ-૩ | પૂ. લાવણ્યસૂરિજી | 202 |
| 041 | સપ્તસન્ધાન મહાકાવ્યમ્ | પૂ. વિજયઅમૃતસૂરિશ્વરજી | 480 |
| 042 | સપ્તભઙ્ગીમિમાંસા | પૂ. પં. શિવાનન્દવિજયજી | 228 |
| 043 | ન્યાયાવતાર | સતિષચંદ્ર વિદ્યાભૂષણ | 60 |
| 044 | વ્યુત્પત્તિવાદ ગુઢાર્થતત્ત્વાલોક | શ્રી ધર્મદત્તસૂરિ (બચ્છા ઝા) | 218 |
| 045 | સામાન્યનિર્યુક્તિ ગુઢાર્થતત્ત્વાલોક | શ્રી ધર્મદત્તસૂરિ (બચ્છા ઝા) | 190 |
| 046 | સપ્તભઙ્ગીનયપ્રદીપ બાલબોધિનીવિવૃત્તિઃ | પૂ. લાવણ્યસૂરિજી | 138 |
| 047 | વ્યુત્પત્તિવાદ શાસ્ત્રાર્થકલા ટીકા | શ્રીવેણીમાધવ શાસ્ત્રી | 296 |
| 048 | નયોપદેશ ભાગ-૧ તરઙ્ગિણીતરણી | પૂ. લાવણ્યસૂરિજી | 210 |
| 049 | નયોપદેશ ભાગ-૨ તરઙ્ગિણીતરણી | પૂ. લાવણ્યસૂરિજી | 274 |
| 050 | ન્યાયસમુચ્ચય | પૂ. લાવણ્યસૂરિજી | 286 |
| 051 | સ્યાદ્વાર્થપ્રકાશઃ | પૂ. લાવણ્યસૂરિજી | 216 |
| 052 | દિન શુદ્ધિ પ્રકરણ | પૂ. દર્શનવિજયજી | 532 |
| 053 | બૃહદ્ ધારણા યંત્ર | પૂ. દર્શનવિજયજી | 113 |
| 054 | જ્યોતિર્મહોદય | સં. પૂ. અક્ષયવિજયજી | 112 |

# “અહો શ્રુતજ્ઞાનમ્” ગ્રંથ જીર્ણોધ્ધાર – ૧૧

<u>શિલ્પશાસ્ત્ર ગ્રંથ</u>

# પ્રાસાદ તિલક

**: દ્રવ્ય સહાયક :**

અધ્યાત્મયોગી આચાર્ય મહારાજા શ્રી કલાપૂર્ણસૂરીશ્વરજી મ.સા.ને જ્ઞાનનો
એટલો રસ, વિહાર ગમે તેટલો કરીને આવ્યા હોય છતાં મહાત્માઓને
વાચના આપે જ, તેઓશ્રીના હાથમાં પુસ્તક હોય જ, ક્યારે પણ પુસ્તક
વીના બેઠેલા જોયા નથી... જેઓશ્રીએ જ્ઞાન માટે અથાગ મહેનત કરી હતી
એવા અધ્યાત્મયોગી પ.પૂ. કલાપૂર્ણસૂરીશ્વરજી મહારાજાના પટ્ટપ્રભાવક
ગચ્છનાયક પ.પૂ. કલાપ્રભસૂરીશ્વરજી મહારાજાના આજ્ઞાવર્તીની સરલ
સ્વભાવી પ.પૂ. ન્યાયશ્રીજીના શિષ્યા માતૃહૃદયા પ.પૂ. વિદ્યુતપ્રભાશ્રીજીના
શિષ્યા વિક્રમઇન્દ્રાશ્રીજીના શિષ્યા શ્રીઈન્દ્રયશાશ્રીજી મ.સા.ની પ્રેરણાથી
કેશવબાગ કોલોનીના બહેનોની જ્ઞાનખાતાની ઉપજમાંથી

**: સંયોજક :**


**શાહ બાબુલાલ સરેમલ બેડાવાળા**

**શ્રી આશાપૂરણપાર્શ્વનાથ જૈન જ્ઞાનભંડાર**

**શા. વીમળાબેન સરેમલ જવેરચંદજી બેડાવાળા ભવન**

હીરાજૈન સોસાયટી, સાબરમતી, અમદાવાદ-૩૮૦૦૦૫

(મો.) ૯૪૨૬૫૮૫૯૦૪ (ઓ.) ૨૨૧૩૨૫૪૩ (રહે.) ૨૭૫૦૫૭૨૦



**સંવત ૨૦૬૫ ઈ.સ. ૨૦૦૯**

"Aho Shrutgyanam"

સૂત્રધાર વીરપાલ પ્રણિત

બેડાયા

# પ્રાસાદ તિલક

મૂળપાઠ સહિત. ગુજરાતી ભાષા ટીકાસહિત.

# PRASADATILAK

By

SUTRADHAR VIRAPAL

संपादक

पद्मश्री स्थपति प्रभाशंकर ओघडभाइ सोमपुरा

शिल्पविशारद

EDITED BY

PADMASHRI-STHAPATI PRABHSHANKAR O. SOMPURA

Shilp-Visharad

प्रकाशक

श्री बलवंतराय पी सोमपुरा शिल्पशास्त्री अने भाइओ

वि. सं. २०२८

મહાપ્રસાદ સન્મુખ દર્શન પદ્મશ્રી પ્રભાશંકર સોમપુરા

"Aho Shrutgyanam"

सू-विरपाल-विरचित प्रासादतिलक

अनुवादक स्थपति प्रभाशंकर ओ. सोमपुरा

शिल्पविशारद

प्राप्ति स्थान

પદ્મશ્રી સ્થપતિ પ્રભાશંકર ઓ. સોમપુરા

૩૧ ઇલોરા પાર્ક, નારણપુરા ચાર રસ્તા

અમદાવાદ-૧૩

શ્રી ચંદ્રકાન્ત બળવંતરાય શિલ્પશાસ્ત્રી

૩ પથીક સોસાયટી, સરદાર પટેલ કોલોની

અમદાવાદ-૧૪

बुकसेलर्स

મોતીલાલ બનારસીદાસ વારાણસી

એન. એમ. ત્રિપાઠી મુંબઈ

મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે અમદાવાદ

ગુર્જર ગ્રંથ રત્ન કાર્યાલય અમદાવાદ

સંસ્કરણ

શાસ્ત્રીજી બંસીધરજી ઝા લક્ષ્મીકાન્ત ઝા

વ્યાકરણાચાર્ય

ઠહેરા. દરભંગા મિથિલા પ્રદેશ, બિહાર.

સહ

શ્રી અમૃતલાલ મૂળશંકર ત્રિવેદી

ધ્રાંગધ્રા

"Aho Shrutgyanam"

# प्रासादतिलकनी अनुक्रमणिका

१ પ્રસ્તાવના ૧
વાસ્તુશાસ્ત્ર સ્થાપત્ય અને શિલ્પની વ્યાખ્યા વાસ્તુશાસ્ત્રના પ્રણેતા ૩
પુરાણો સંહિતાઓમાં વાસ્તુશાસ્ત્ર આલેખન પંચમુખી વિશ્વકર્મા ૫
૨ ભારતનો શિલ્પી વર્ગ ૬
૧. સોમપુરા શિલ્પીઓ. ૨. મહાપાત્ર મહારાણા
૩. પંચાનન જાતિનાં શિલ્પીઓ ૪. તૈલંગણ શિલ્પીઓ ૭
૫. વિરાટ વિશ્વબ્રાહ્મણ આચાર્ય શિલ્પીઓ ૭
૬. થી ૧૦ વૈશ્યા મેવાડા ગુર્જરપંચોલી પંચાલો ૧૧ ગૌડબ્રાહ્મણ શિલ્પીઓ ૮
૧૨ જાંગડજાતિના શીલ્પી
૩. ભારતીય પ્રાસાદની ચૌદજાતિઓ ૯
૧. નાગર, ૪. દ્રવિડ ૫. ભૂમિજે ૬. સાંધાર૭ ફાંસના ૮ વિરાટ ૯ વિમાન ૧૦
૧૦ વિમાનનાગર ૧૧ વિમાનપુષ્પક ૧૨ મિશ્રક ૧૩ સિંહાવલોકન ૧૪ રથારુહ ૧૧
પ્રાસાદના આલેખન
૧ ફાંસના ૨ દ્રવિડ પ્રાસાદ ૩ લતિન ૪ લતીનસંવરણા ૫. નાગર પ્રાસાદના શિખર ૬. દ્રવિડ પ્રાસાદના ઉર્ધ્વ શીખર ૭ વલ્લભી ૮ નાગરપ્રાસાદનું તળ ઇલીવેશન ૯ ભુમિજ શિખર
૪ ભારતની કળામાં આવેલી વિકૃતિ ૧૧
૫ કળાને પ્રોત્સાહન ૧૨
શિલ્પ ગ્રંથો ૧૨
૭ સૂત્રધાર વિરપાલ વિષય ૧૨
સંસ્કૃત સંસ્કરણકારનું ગ્રંથ પર મંતવ્ય ૧૩
સંપાદકનું ગ્રંથ પર વિવેચન ૧૪
૮ અપૂર્ણ ગ્રંથ પર ગ્રંથ પૂર્તિ ૧૪
अ પ્રથમોધ્યાય સર્વસંગ્રહ ૧૭
ब દ્રીતિયોધ્યાય ખાતકર્મા શિલાસ્થાપનવિધિ ૨૦
क ત્રતિયોધ્યાય ભીટ્ટ પીટ મંડોવર દ્વાર સ્તંભપ્રમાણ નામ ૩૩
ड ચતુર્થોધ્યાય દેવસ્થાપન પંચાયતન લિઙ્ગ ૬૬
દેવતા દીગમુખાદિ લક્ષણ અપૂર્ણ
પ્રાસાદતિલકની પુર્તિના ૭ વિષયના પ્રકરણોના પાના ૭૨ થી ૧૩૮
૧ જગતી. ૨. દેવતાદષ્ટિપદ સ્થાપન ૩. શિખરાધિકાર
૪ મંડપાધિકાર. ૫. વેધદોષાદિક પ્રતિમા
અધ્યાય ૫ જગતી માન પ્રમાણ ૭૮
આલેખન જગતિ સ્વરૂપ ૭૯
,, ચતુર્મુખ આયતન સ્વરૂપ ૮૦
,, રાજ સેનક વેદીકા આસનપટ રૂત્તરાણ ૮૧
અધ્યાય ૬–૨ દેવતાદષ્ટિપર સ્થાપન
૩૨ ભાગ અને આઠ ભાગે દષ્ટિસૂત્ર ૮૨

"Aho Shrutgyanam"

| | | |
|---|---|---|
| | આલેખન, દશાવતાર સ્વરૂપ | ૮૩ |
| | પ્રતિમામાનં પીઠમાન | ૮૪ |
| | ,, કોષ્ટક | |
| | આલેખન પરિકરયુક્ત બ્રહ્મા. મહીષાસુરમર્દિની સૂર્ય અનોવિષ્ણુ | |
| | ,, પીઠબંધ | ૮૫ |
| | દ્વારોદયના ૭ ભાગો પીઠ અને પ્રતિમાના વિભાગ | ૮૬ |
| | જેષ્ઠ મધ્ય અને કનિષ્ટ માનનું કોષ્ટક | |
| અધ્યાય ૭. | ૩ શિખરાધિકાર | ૮૬ |
| | આલેખન શ્રુંગોપશ્રુગ તથા ઉરુશ્રુંગોપર ઉરુશ્રુંગ ભાગ | |
| | ,, ત્રણ પ્રકારે શીખરોદયમાં અને તેના સૂત્રવૃત | ૮૭ |
| | ,, વાલંજર બે પ્રકારે | ૮૮ |
| | પાયચા પ્રમાણુ | ૮૮ |
| | મૂળ રેખાદી સ્કંધ પ્રમાણુ | |
| | શુકનાસ | ૮૯ |
| | આલેખન શીખર જંઘા જરૂખા | ૯૦ |
| | કોકિલા લક્ષણ | ૯૦ |
| | આલેખન શીખરના સ્કંધ પ્રમાણુ આમલસારા | ૯૧ |
| | આમલસારા વિભાગ આલેખન | ૯૨ |
| | ધ્વજાધાર સ્તંભવેધ પ્રમાણુ | ૯૩ |
| | ,, ,, ,, તેનું આલેખન | ૯૪ |
| | કળશમાન વિભાગ | ૯૪ |
| | ,, આલેખન | ૯૫ |
| | પ્રાસાદ પુરૂષની આકૃતી આલેખન | ૯૬ |
| | ધ્વજદંડ પૃથુમાન | ૯૬ |
| | ધ્વજદંડ લંબાઈ માન | ૯૭ |
| | ,, કોષ્ટ | ૯૭ |
| | આલેખન | ૯૮ |
| | ધ્વજદંડ તેનુસ્થાન દંડની પતાકા પાટલીનું પ્રમાણુ | |
| | ધ્વજદંડ મર્કટી માન | ૯૯ |
| | પતાકામાન | ૯૯ |
| | ધ્વજ વગર શીખર રાખવુ નહિ | ૯૯ |
| અધ્યાય ૮ | ૪ મંડપાધિકાર | ૯૯ |
| | પ્રાસાદના પ્રમાણુથી મંડપનું પ્રમાણુ | ૧૦૦ |
| | મંડપના ત્રણુ પ્રકાર શુદ્ધ સ્ત્રીક નૃત્ય | ૧૦૦ |
| | સ્ત્રીક મંડપના બાર સ્વરૂપ પ્રાગિવ મંડપ | ૧૦૦ |
| | પ્રાગીવ સ્ત્રીક મંડપનું આલેખન | ૧૦૧ |
| | પુષ્પકાદિ ૨૭ મંડપના સ્તંભ સંખ્યા ક્રમથી નામ ભેદ | ૧૦૨ |
| | મેરવાદી ૨૫ મંડપ પંચભૂમિના | ૧૦૨ |


"Aho Shrutgyanam"

આલેખન પુષ્પકાદિ મંડપો ૨૭ — ૧૦૩થી ૫
મેરવાદિ મંડપનું કોષ્ટક — ૧૦૬
ગુઢમંડપ આઠ — ૧૦૭
મેઘનાદાદિ છ મંડપો — ૧૦૭
આલેખન ગુઢમંડપના આઠ સ્વરૂપો — ૧૦૮થી૯
આલેખન મેઘનાદિ છ મંડપના સ્વરૂપ — ૧૧૦થી૧૧૧
આલેખન સાંધાર નિરંધાર પ્રાસાદના મંડોવર સ્તંભનો સમન્વય — ૧૧૨
સ્તંભનું પ્રમાણ — ૧૧૩
મત્તવારણ કક્ષાસન વાળા મંડપની ઉભણીના વિભાગ — ૧૧૩
વિતાન-કરોટક— — ૧૧૩
આલેખન વિતાન ઈલીવેશન — ૧૧૪
,, ,, તળદર્શન — ૧૧૫
,, સમતલ વિતાન ત્રણ — ૧૧૬-૧૭ ૧૮
પંચવિધ બલાણક — ૧૧૭
આલેખન સંવરણ તળ ઈલીવેશન — ૧૧૯
સંવરણ— — ૧૨૦
કીર્તિસ્થંભ પ્રતોલ્યા — ૧૨૦
આલેખન પ્રતોલ્યા તોરણ — ૧૨૧
પ્રતોલ્યાના પ્રકાર — ૧૨૨
પ્રાસાદમાને
કુર્મશીલા જગતી ભિટપીઠ પ્રાસાદોદય ભીત્તિમાન દ્વારમાન
સ્તંભમાન ચાર ઉભી બેઠી પ્રતિમામાનનું કોષ્ટક — ૧૨૩
અધ્યાય ૮ ૫ વેધદોષાદિ — ૧૨૪
દિગ્મૂઢદોષ શલ્યદોષ શલ્ય શોધન — ૧૨૪
કયા દેવથી કઈ દીશામાં ઘર ન કરવું — ૧૨૪
આલેખન મહેશ વિષ્ણુ બ્રહ્માની મૂર્તિનું ઉદ્‌ગમ — ૧૨૫
નાભિવેધ — ૧૨૫
તલ વિભક્તિભંગ અમાનપ્રમાણ દ્વારહીન કોલીહીન પ્રનાલહીન
અપદ સ્તંભસ્થાપનવેધ ઉદયહીન—પીઠહીન—ઉપાંગહીન — ૧૨૬
જંઘાહીન—શીખરહીન
શીખર પ્રમાણથી લાંબુ કે ટુંકુ થાય તે વેધ. જાડુ-સ્કંધહીન.
સાંધચલિત ન હોય તે વેધ. માથાભારે, પાયા વગરનું હોય તે દોષ — ૧૨૬
આલેખન લક્ષ્મીનારાયણ યોગેશ્વર વિષ્ણુ શિવ — ૧૨૭
જગતી-શાળા ચોકી મંડપ અને ગર્ભગૃહ એમ ઉત્તરોત્તર — ૧૨૮
ઉંચી ભૂમિતળ રાખવાની યા દોષીત
માનથી લાંબુ ટુંકુ વાંકુ કે છંદભંગ જાતિભેદ. હીનમાનથી — ૧૨૮
દોષ ઉપજે.
મંદિરમાં બિમ્બદોષ જાળા બાંકા પોપડા ચીરાડો પડે તે બીગ્ર દોષ — ૧૨૮
જિર્ણોદ્ધારવાસ્તુ


"Aho Shrutgyanam"

અન્યાયથી દ્રવ્ય પ્રાપ્ત કરેલ હોય તેનાથી મંદિર ને મૂર્તિ કરાવે
અમર–અન્ય સ્થળનુ વાસ્તુ દ્રવ્ય બીજામાં વાપરે તો દોષ ૧૨૮
પ્રતિમા અંગથી હીન અધિક અંગવાળી હોય તો દોષ
જે વાસ્તુ ન પડે તેવું હોય તે પાડે તેમ શિવાલયને પાડે તો ૧૨૯
મહા દોષ
સ્થિર વાસ્તુને નિષ્કારણ પાડે તે દોષ ૧૨૯
પાડવા યોગ્ય હોય તે વાસ્તુનો વિધિથી જીર્ણોદ્ધાર કરવો ૧૨૯
પાડવા યોગ્ય વાસ્તુને વિધિથી પાડવું સોના ચંદીના નંદી
કે હાથીના દંતુસળે વિધિથી પાડે તો દોષ નહિ ૧૨૯
જીર્ણોદ્ધાર કરતાં જેવું હોય તેજ માપનું જ કરવું ૧૨૯
નાનું કે મોટું ન કરવુ
વાસ્તુ દ્રવ્યાધિક કરવામાં દોષ નથી.
આલેખન તોરણ સ્તંભો ઉપર ઈલીકા તોરણયુક્ત પ્રવેશમાર્ગ ૧૩૦
દીગમુઢ પદલોપ ગર્ભલોપ થરભંગ વીકર્ણ દોષ કર્તા ને પદ ૧૩૧
કે પાટડા એકી સ્તંભ હોય તે સર્વ દોષ કર્તા.
સંવર્ધન
ભવનપતિ સમૃદ્ધ થાય તો ભવન વાસ્તુ ને ચારે તરફ વૃદ્ધિ ૧૩૧
કરવી પરંતુ એકલો પાછલો ભાગ ન વધારવો
તુલાવેધ તાલવેધ ૧૩૧
છાયાદોષ દેવની ધ્વજાની છાયા બીજા કે ત્રીજા પ્રહારે પડે તો જ દોષ ૧[illegible]
લોહ બધી ધાતુથી કનિષ્ટ છે તે દેવ મંદિરમાં વર્જવું ૧૩૨
શાસ્ત્રીવીહીન મંદિર કે ઘરમાં વાસ ન કરવો ૧૩૨
આલેખન શિવતાંડવ નૃત્ય ૧૩૨
દ્વારની સામે પાટ સ્તંભ ભિત આવે તો દોષ કારક છે. ૧૩૩
ચણતરમાં સાંધામાં ઓછો કે વધુ ચુનો હાય કે સાંધ ચાળો ન હોય ૧૩૩
માથાભારે કામ હોય–પાયા પીઠહીન હોય તે નાશકારક
કયા દેવની કેટલી પ્રદક્ષણ કરવી ? ૧૩૩
જે વાસ્તુમાં ઘણા ગુણ હોય અને અન્ય દોષ હોય તે
વાસ્તુ નિર્દોષ જાણવું.
પરંતુ જેમાં ઘણા દોષ હોય અને ગુણ અલ્પ હોય તેનું ૧૩૩
વાસ્તુ તજી દેવું.
આલેખન–નવ ગ્રહો અને દેવ સિંહાસન
અધ્યાય ૯ ૬ પ્રતિષ્ઠા. ૧૩૪
પ્રતિષ્ઠા મુહુર્ત શુભ દીવસે કરવી ૧૩૩
યજ્ઞમંડપનું ચિત્રણ તેનું પ્રમાણ યોનિ મેખલા
આહુતિ સંખ્યાપરથી કુંડનું પ્રમાણ ગ્રહ પૂજના કુંડને ચેખલાઓ
સર્વતોભદ્ર મંડપ નવનાભિનું લિંગોદ્ભવ મંડળ ભરવું ૧૩૬
ભદ્ર મંડળ તથા શૌરિતિલક મંડપો ભરવા
સ્થપતિ પૂજન તેનું સન્માન કર્મકારોને સંતુષ્ઠ કરવા ૧૩૬
આલેખન સપ્તમાતુકાઓ ૧૩૭
આલેખન યમ-ભૈરવ ઉમા મહેશ. ઉર્ધ્વંતિપક શિવ ભૂતશિવ ૧૩૭
દિગંમ્બર નૃત્યશિવ ઈશાનશીવ બ્રહ્મા ૧૩૭
આલેખન દેવાંડનાઓના ચાર સ્વરૂપ ૧૩૮

"Aho Shrutgyanam"

ધારેલ દેવ ગણુ અને મનુષ્ય ગણુ નક્ષત્રો લાવવાનું કોષ્ટક ક્ષેત્રફળના બન્ને બાજુના આગળના આંકડા કોષ્ટકમાં મૂકેલા છે.

| ગણુ | દેવ ગણુના નક્ષત્રો | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ચંદ્રમા | શ્રી પૂર્વ | | | દક્ષિણુ | | પશ્ચિમ | | ઉત્તર | |
| નક્ષત્ર | મૃગશીર્ષ | પુનર્વસુ | પુષ્ય | હસ્ત | સ્વાતિ | અનુરાધા | શ્રવણ | અશ્વિની | રેવતી |
| ૧ | ૪ | ૧૧ | ૧ | ૫ | ૧૨ | ૯ | ૨૩ | ૧૭ | ૨૭ |
| ૨ | ૨ | ૧૯ | ૧૪ | ૧૬ | ૬ | ૨૩ | ૨૫ | ૨૨ | ૨૭ |
| ૩ | — | — | — | — | ૪-૨૨-૧૩ | — | — | — | ૨૭-૯-૧૮ |
| ૪ | ૧ | ૨૩ | ૭ | ૮ | ૩ | ૨૫ | ૨૨ | ૧૧ | ૨૭ |
| ૫ | ૧૭ | ૧૩ | ૧૧ | ૧ | ૨૪ | ૨૦ | ૧૦ | ૨૫ | ૨૭ |
| ૬ | — | — | — | — | ૨-૨૦-૧૧ | — | — | — | ૨૭-૧૮-૯ |
| ૭ | ૧૬ | ૧૭ | ૪ | ૨૦ | ૨૧ | ૨૨ | ૧૧ | ૧૪ | ૨૭ |
| ૮ | ૧૪ | ૨૫ | ૧૭ | ૪ | ૧૫ | ૨૬ | ૧૩ | ૧૯ | ૨૭ |
| ૯ | — | — | — | — | — | — | — | — | ૩-૬-૧૨-૧૮ ૨૧-૨૭ |
| ૧૦ | ૨૨ | ૨૦ | ૧૯ | ૧૪ | ૧૨ | ૧૦ | ૫ | ૨૬ | ૨૭ |
| ૧૧ | ૨૦ | ૧ | ૫ | ૨૫ | ૬ | ૧૪ | ૭ | ૪ | ૨૭ |
| ૧૨ | — | — | — | — | ૧-૧૦-૧૯ | — | — | — | ૨૭-૯-૧૮ |
| ૧૩ | ૧૯ | ૫ | ૨૫ | ૧૭ | ૩ | ૧૬ | ૮ | ૨૦ | ૨૭ |
| ૧૪ | ૮ | ૨૨ | ૨ | ૧૦ | ૨૪ | ૧૧ | ૧૯ | ૭ | ૨૭ |
| ૧૫ | — | — | — | — | ૮-૧૭-૨૧ | — | — | — | ૨૭-૮-૧૮ |
| ૧૬ | ૭ | ૨૬ | ૨૨ | ૨ | ૨૧ | ૧૩ | ૨૦ | ૨૩ | ૨૭ |
| ૧૭ | ૫ | ૭ | ૮ | ૧૩ | ૧૫ | ૧૭ | ૨૨ | ૧ | ૨૭ |
| ૧૮ | — | — | — | — | — | — | — | — | ૨૭-૩-૬-૯ ૧૫-૧૮-૨૧-૨૪ |
| ૧૯ | ૧૩ | ૨ | ૧૦ | ૨૩ | ૧૨ | ૧ | ૧૪ | ૮ | ૨૭ |
| ૨૦ | ૧૧ | ૧૦ | ૨૩ | ૭ | ૬ | ૫ | ૧૬ | ૧૩ | ૨૭ |
| ૨૧ | — | — | — | — | ૨૫-૭-૧૬ | — | — | — | ૨૭-૯-૧૮ |
| ૨૨ | ૧૦ | ૧૪ | ૧૬ | ૨૬ | ૩ | ૭ | ૧૭ | ૨ | ૨૭ |
| ૨૩ | ૨૬ | ૪ | ૨૦ | ૧૯ | ૨૪ | ૨ | ૧ | ૧૬ | ૨૭ |
| ૨૪ | — | — | — | — | ૫-૧૪-૨૩ | — | — | — | ૨૭-૧૮-૯ |
| ૨૫ | ૨૫ | ૮ | ૧૩ | ૧૧ | ૨૧ | ૪ | ૨ | ૫ | ૨૭ |
| ૨૬ | ૨૩ | ૧૬ | ૨૬ | ૨૨ | ૧૫ | ૮ | ૪ | ૧૦ | ૨૭ |
| ૨૭ | એકથી | ૨૭ | સુધીના | અંકો | | | | | |

ઉપરની પહેલી પંક્તિના ૧ થી ૨૭ના અંક સામે ઉપરના છૂટાછૂટા આંકડા છે.

"Aho Shrutgyanam"

દેવગણા નક્ષત્રો અને શુભ આય મેળવેલા સમચોરસ અને ૭ આંગળ સુધીના વધઘટના માપના અંકો — કોષ્ટક ૨

| અંકે ગજ આ ગજ આ | નક્ષત્ર | ગજ આ ગજ આ | નક્ષત્રો | ગજ આ ગજ આ | નક્ષત્રો |
|---|---|---|---|---|---|
| ૧ ૧ | મૃગશીર્ષ | ૧–૧૩ × ૧–૩ | અનુરાધા | ૨–૧૫ × ૨–૧૫ | રેવતી |
| ૧ ૫ | શ્રવણ | ‘–૧૫ × ૧–૨૧ | રેવતી | ૨–૧૫ × ૨–૨૧ | રેવતી |
| ૧ ૧ ૧ ૭ | અનુરાધા | ૧–૧૯ × ૨૧ | પુષ્ય | ૨–૧૭ × ૨–૧૧ | પુષ્ય |
| ૦ ૨૧ | સ્વાંતી | ૧–૧૯ × ૧–૨૩ | શ્રવણ | ૨–૧૯ × ૩–૧ | મૃગશીષ |
| | | ૧–૨૧ × ૧–૨૧ | રેવતી | ૨–૧૯ × ૨–૨૩ | હરત |
| ૧ ૧ | | ૧–૨૧ × ૨૩ | રેવતી | ૨–૨૧ × ૨–૨૩ | સ્વાતી |
| ૧ ૩ | | ૨–૧ × ૨–૫ | હરન | | |
| ૧ ૩ ૧ ૫ | રેવતી | | | | |
| ૧ ૭ | | | | | |
| ૧ ૯ | | | | | |
| ૧–૫ × ૧–૫ | મૃગશીર્ષ | | | ૨–૨૩ × ૨–૨૩ | અનુરાધા |
| ૧–૫ × ૧–૭ | સ્વાતી | ૨–૫ × ૨–૫ | પુષ્ય | ૩–૧ × ૩–૫ | હરત |
| ૧–૭ × ૧–૧૧ | હસ્ત | ૨–૭ × ૨–૭ | પુષ્ય | ૩–૧ × ૩–૯ | રેવતી |
| ૧–૧૧ × ૧–૧૭ | મૃગશીર્ષ | ૨–૭ × ૨–૧૧ | હરન | ૩–૩ × ૩–૭ | સ્વાતી |
| ૧–૧૩ × ૧–૧૫ | સ્વાતી | ૨–૧૩ × ૨–૧૭ | શ્રવણ | ૩–૩ × ૩–૯ | રેવતી |
| ૧–૧૩ × ૧–૧૭ | હરત | ૨–૧૫ × ૨–૯ | રેવતી | ૩–૫ × ૩–૯ | રેવતી |

ઉપર પ્રમાણે સમચોરસ અને ૭ આંગળ સુધીના વધઘટના માપના દેવગણા નક્ષત્રો મળે
ગ અ આ અ ગ આ

છે. આનાથી વધુ મોટા માપના ગર્ભગૃહ કે મંડપ કરવાના હોય તો ૨–૬–૪–૧૨–૬–૧૮ અગર ૯ ગજ ઉપર આપેલા કોષ્ટકના આંકડા ઉમેરી ઉપર લખ્યા તેજ દેવ ગણા નક્ષત્રો જ મળી આવે છે. આ સહેલી રીત છે.

ગૃહસ્વામીના નામ પરથી અને ગૃહના નત્રત્ર પરથી રાશિ જાણવાનું કોષ્ટક ૩

| ઘરધણીના નામાક્ષ | ડ હ | દ ચ ઝ થ | ન ય | અ લ ય | મ ટ | ભ ધ ફ ઢ | બ વ ઉ | પ ટ ઠ ણ | ખ જ | ક છ ઘ | ર ત | ગ સ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| રાશિ | કર્ક ૪ | મીન ૧૨ | વૃશ્ચિક ૮ | મેષ ૧ | સિંહ ૫ | ધન ૯ | વૃષ ૨ | કન્યા ૬ | મકર ૧૦ | મિથુ ૩ | તુલા ૭ | કુંભ ૧૨ |
| નક્ષત્ર | — | — | — | કૃતિકા ૩ | ઉ.ફ઼ૂ. ૧૨ | ઉષાઢ ૨૧ | — | — | — | — | — | — |
| | અશ્લેષ ૯ | રેવતી ૨૭ | જેષ્ઠા ૧૮ | ભરણી ૨ | પૂ.ફૂ. ૧૧ | પૂ.પાસ ૨૦ | મૃગ. ૫ | ચિત્ર ૧૪ | ધની. ૨૩ | પૂ.વંસુ ૭ | વિશાખા ૧૬ | પૂ. ભાદ્રીલ ૨૫ |
| | પુષ્ય ૮ | ઉભા. ૨૬ | અનુ. ૧૭ | અશ્વીન ૧ | મધા ૧૦ | મૂલ ૧૮ | રોહિ. ૪ | હસ્ત ૧૩ | શ્રવણ ૨૨ | આર્દ્ર ૬ | સ્વાતિ ૧૫ | શતાભેષ ૨૪ |

"Aho Shrutgyanam"



सूत्रधार वीरपाल-
विरचित

(बेडाया)

# प्रासादतिलक

સંપાદક

પ્રભાશંકર ઓઘડભાઈ
સોમપુરા

શિલ્પવિશારદ
પાલિતાણા (સૌરાષ્ટ્ર)

"Aho Shrutgyanam"

"Aho Shrutgyanam"

# પ્રાસાદતિલક

## પ્રસ્તાવના

ભારતીય વાસ્તુવિદ્યાનો પ્રારંભકાળ બહુ પ્રાચીન છે; તે અથર્વવેદનો ઉપવેદ છે. વેદ, બ્રાહ્મણ ગ્રન્થો, ઉપનિષદો, રામાયણ, મહાભારત, બૌદ્ધગ્રન્થો, જૈન આગમગ્રન્થો અને સંહિતાઓ આદિમાં વાસ્તુવિદ્યાના ઉલ્લેખો અને કેટલાકમાં તો તેનાં પ્રકરણો પણ છે. પાછલા કાળમાં પુરાણો અને નીતિશાસ્ત્રના ગ્રન્થોમાં શિલ્પસ્થાપત્યના ઉલ્લેખો અને અધ્યાયો છે.

પ્રાગૈતિહાસિક કાળમાં સંસારમાં પ્રત્યેક પ્રાણીને શીત, તાપ, વર્ષા આદિ વિવિધ પ્રાકૃતિક કઠિનતાઓની સામે પોતાની રક્ષાની જરૂરત થવા લાગી. આથી વાસ્તુવિદ્યાનો પ્રારંભ સ્થૂળ રૂપમાં આદિકાળમાં થયો હોવાનું મનાય. એ રીતે ભૂચરોએ જમીનમાં ભોંયરાં અને ખેચરોએ માળા બાંધ્યા. તે જ રીતે મનુષ્યોએ પણ ઘાસની પર્ણકુટીઓ બનાવી. પહાડોમાં, ગુફાઓમાં વાસ કરવા માંડ્યો. આમ પ્રારંભમાં નિવાસ બાદ સામૂહિક વાસ ગ્રામસ્વરૂપમાં થવા લાગ્યો. માનવ સભ્યતાની સાથે શિલ્પવિજ્ઞાનનો વિકાસ ક્રમશઃ થતો રહ્યો.

પ્રાચીન આર્યયુગમાં સાદા, અલ્પજીવી પદાર્થો—જેવા કે કાષ્ઠ અને મૃત્તિકાથી અને પછીથી પકવેલ મૃત્તિકાની ઈંટોથી વાસ્તુ નિર્માણ થવા લાગ્યા. બે અઢી હજાર વર્ષ પહેલાં પાષાણ શિલ્પના અવશેષ બહુજ અલ્પ ઉપલબ્ધ થાય છે. રામાયણ, મહાભારત જેવા ઐતિહાસિક મહાકાવ્યોમાં દેવાલયો અને રાજમહાલયો અને સામાન્ય ગૃહો, નગરો આદિના વિવિધ વર્ણનોનાં શાબ્દિક ચિત્રો આપેલાં છે. પરંતુ અલ્પજીવી વાસ્તુ દ્રવ્યોના હોવાથી તેનાઅ વશેષો પ્રાપ્ત થતા નથી.

વૈદિક, જૈન અને બૌદ્ધ સંપ્રદાયોની ગુફાઓની બે સવા બે હજાર વર્ષોથી નિર્માણ થવા લાગી. તે પછી પાષાણનાં સ્થાપત્યોનો પ્રયોગ પાછળથી થયો એવું માનવાને કારણ મળે છે. દષ્ટાંતરૂપે, ગુજરાતમાં શામળાજીમાં અને ઉત્તરપ્રદેશમાં સારનાથમાં પકવેલી માટી-ઈંટમાં સુંદર કળામય મૂર્તિઓ અને શિલ્પોના ત્રીજી શતાબ્દીના અવશેષો જોવા મળે છે. શામળાજીથી ૩૦ માઈલ પર સારા પાષાણની ખાણો છે. સારનાથ પાસે ચુનારની ખાણોના પાષાણો મળે છે છતાં પાષાણ કાઢવાની કળાના અભાવે ત્યાં ઈંટોનો ઉપયોગ થયો છે. સાંચી અને ભારહુતના સ્તૂપો એથી પણ પૂર્વકાળના ઈ. સ. પૂર્વેના છે. તેમાં પાષાણ વપરાયેલ છે. એટલે એ પ્રદેશોમાં પાષાણ પ્રાપ્ત થતો હશે અને ત્યાં કળાના કારીગરો તે કાળમાં તેઓને મળી ગયા હશે.

ભારતના પૃથક્ પૃથક્ પ્રદેશોમાં કોતરી શકાય તેવા પાષાણવાળા પહાડોમાં શૈવ, વૈષ્ણવ, બૌદ્ધ અને જૈન સંપ્રદાયની ગુફાઓ બે સવા બે હજાર વર્ષ પૂર્વેથી ઈ.સ.ની આઠમી-નવમી શતાબ્દી સુધી કોતરાતી રહી. પાષાણનો પ્રારંભિક ઉપયોગ પહાડોની ગુફાઓથી શરૂ થયો એવી માન્યતા છે. તે પછીના કાળમાં સમતલ ભૂમિ પ્રદેશો પર પાષાણના સ્થાપત્યોનાં નિર્માણ થવા લાગ્યાં એવું જણાય છે.

"Aho Shrutgyanam"

કળામય ગુફાઓની છત, દીવાલો અને સ્તંભો પર પૌરાણિક પ્રસંગો અને સુંદર મૂર્તિઓ કોતરેલી જોવામાં આવે છે. તેનાં દર્શન કરતાં જગતના કળાવાંચ્છુના મસ્તક ભારતના શિલ્પીઓ પ્રતિ નમે છે. જડ પાષાણને સજીવ રૂપ આપી, પુરાણોનાં કાવ્યો પ્રદર્શિત કર્યાં છે.

## વાસ્તુશાસ્ત્ર, સ્થાપત્ય અને શિલ્પની વ્યાખ્યા

વાસ્તુશાસ્ત્ર, સ્થાપત્ય ને શિલ્પની સ્પષ્ટ વ્યાખ્યાના અભાવે એ ત્રણેના ભાષાપ્રયોગમાં યથાર્થ સ્વરૂપનો ખ્યાલ ન હોવાથી, મિશ્ર અર્થ થાય છે. વાસ્તુશાસ્ત્ર વાસ્તુવિદ્યા એ વિશાળ અર્થમાં છે, તેનું અંતર્ગત સ્થાપત્ય અને સ્થાપત્યનુ અંતર્ગત શિલ્પ છે.

એ રીતે વિદ્યા અને કળાની સુંદર સ્પષ્ટ વ્યાખ્યા શુક્રાચાર્ય કરે છે: વિદ્યા અનંત છે અને કળા અસંખ્ય છે; કે તેની ગણતરી થઈ શકતી નથી; છતાં પણ મુખ્ય વિદ્યા બત્રીસ છે અને મુખ્ય કલા ચોસઠ શુક્રે કહી છે. આગળ તે કહે છે કે જે કાર્ય વાણીથી થઈ શકે તેને વિદ્યા કહેવી અને મૂક—મૂગો પણ જે કાર્ય ક્રિયાથી કરી શકે તે 'કલા' શિલ્પ, ચિત્ર, નૃત્ય આદિ મૂક ભાવે થઈ શકે છે. આથી એ સર્વને કળા કહી છે. કળાના પ્રકાર, સંખ્યા સંબંધમાં પૃથક્ પૃથક્ આચાર્યોએ ભિન્ન ભિન્ન સંખ્યા કહી છે. કોઈએ ચોસઠ, કોઈએ બોત્તેર અને કોઈએ તેના અવાંતર ભેદે પાંચસો બાર કલાના ભેદ કહ્યા છે.

**વાસ્તુશાસ્ત્રના પ્રણેતા:**—વાસ્તુશાસ્ત્રના મહાન પ્રણેતા ઋષિમુનિઓ અને રાજાઓ પણ હતા. મત્સ્યપુરાણમાં અઢાર આચાર્યોનાં નામો આપેલાં છે. અગ્નિપુરાણ, અધ્યાય ૩૯માં લોકાખ્યાયિકામાં પચીસ નામો આપેલાં છે. દ્રાવિડ માનસારમાં બત્રીસ શિલ્પાચાર્યનાં નામો કહ્યા છે. બૃહદ્સંહિતામાં વરાહે—મનુ, પરાશર, કાશ્યપ, ભારદ્વાજ, પ્રહ્લાદ, અગસ્ત્ય અને માર્કણ્ડેયના નામો દીધા છે અને તેના પોતાના ગ્રંથમાં ગર્ગ, મય, નગ્નજીત અને વસિષ્ઠનાં અવતરણો ગ્રંથમાં પ્રમાણરૂપ આપ્યાં છે.

"**વિશ્વકર્મા પ્રકાશ**"ના પ્રારંભમાં કહ્યું છે કે મહર્ષિ ગર્ગ વાસ્તુશાસ્ત્રના મહાબુદ્ધિમાન જ્ઞાતા હતા. તેનાથી પરાશર મુનિએ જ્ઞાન પ્રાપ્ત કર્યું. પરાશરથી બૃહદ્રથે એ વિદ્યા પ્રાપ્ત કરી. બૃહદ્રથથી વિશ્વકર્માએ વાસ્તુશાસ્ત્રનું જ્ઞાન પ્રાપ્ત કર્યું. વિશ્વકર્માએ જગતના લોકહિતાર્થે પ્રવર્તમાન કર્યું. આ ક્રમ પાછલા કાળના કોઈ વિશ્વકર્માનો હોય.

વિશ્વકર્માના અવતારો યુગે યુગે થયા. જગતોત્પત્તિકાળમાં બ્રહ્માએ રાજા પૃથુ અને વિશ્વકર્માને બોલાવી પૃથ્વીના પાલન, રક્ષા અને વસવાટ માટેની આજ્ઞા આપી તેની રસિક કથા છે.

વિશ્વકર્મા વાસ્તુશાસ્ત્રના આદ્ય પ્રણેતા અને તેમની ઉત્પત્તિવિષયમાં જુદા જુદા મત છે. દક્ષ પ્રજાપતિની સાઠ કન્યાઓમાંની દશ કન્યાઓએ ધર્મ સાથે પાણિગ્રહણ કરેલ. તેમાંની વસુ નામની કન્યાથી અષ્ટવસુ થયા. તેનો કનિષ્ઠ પુત્ર પ્રભાસ. પ્રભાસે મહર્ષિ ભૃગુની બહેન સાથે પાણિગ્રહણ કરેલું. તેનાથી વિશ્વકર્માનો જન્મ થયો, એવો પુરાણોમાં ઉલ્લેખ છે.[૧]

---

૧ પ્રભાસના વિશ્વકર્માનું પ્રભાસક્ષેત્ર—સોમનાથ, તે સોમપુરા બ્રાહ્મણ શિલ્પીઓનું ઉદ્ભવસ્થાન. એથી સોમપુરા શિલ્પીઓને વિશ્વકર્માના અંશરૂપ કહ્યા છે.

"Aho Shrutgyanam"

**માનસાર** ગ્રંથમાં વિશ્વકર્મા સત્યયુગમાં મૃગશીર્ષમાં બ્રહ્મકુલમાં થયા. વિશ્વકર્મા પુરાણનાં આધારે વર્તમાનમાં શિલ્પીઓ મહા સુદ ૧૩ે ત્રયોદશીના રોજ વિશ્વકર્માનો જન્મોત્સવ ઊજવે છે.

**પદ્મપુરાણ** અને વસિષ્ઠપુરાણમાં વિશ્વકર્માનું સ્વરૂપ વર્ણન કરતાં પાંચ મુખ અને દશ ભુજા કહે છે. પાંચ મુખથી પંચશિલ્પીઓનાં નામ, કર્મ અને ગોત્ર કહ્યાં—૧. શિલ્પી—પાષાણ કર્મકાર; ૨. મનુ—લોહકાર; ૩. ત્વષ્ટા—કેશકાર; ૪. મય-કાષ્ઠકાર ૫. દૈવજ્ઞ—સુવર્ણકાર સ્કંદપુરાણમાં નાગરખંડ અ. ૬, ૧૩-૧૪માં ઉલ્લેખ છે.

**તૈતિરીય** શ્રુતિ વગેરેમાં પણ વિશ્વકર્માનાં પાંચ મુખ, દશ ભુજા કહ્યાં છે તે પૂર્વાદિમુખ દિશાક્રમે મનુ, મય, ત્વષ્ટા, શિલ્પી અને દૈવજ્ઞ ( તક્ષક ) કહ્યા છે. તેમની દશ ભુજાઓમાં આયુધો કર્માનુસાર કલ્પ્યાં છે. વિશ્વકર્માએ, કમંડળ$_{૨}$, સૂત્ર$_{૩}$, હથોડી$_{૪}$, સાધણી ( લેવલ )$_{૫}$, પુસ્તક જમણા હાથમાં અને$_{૧}$ ટાંકણું$_{૨}$, ગજ ( હસ્ત-કંબા )$_{૩}$, ચુનાલોઢું$_{૪}$, માલા$_{૫}$, અવલંબન ( ઓળંબો ) એ પાંચ ડાબા હાથમાં ધારણ કરેલ છે તેમ શિલ્પીઓ માને છે.




**પદ્મપુરાણ** ભૂ-ખંડમાં વિશ્વકર્માના પાંચમુખને દશ હાથમાં—કોદાળી, પાવડો, તગારું, કુંભ, સુવર્ણ કમંડળ—એ પાંચ ડાબા હાથમાં અને કરવત, હથોડી, સાણસી, અલંકાર અને અગ્નિકુંડ

"Aho Shrutgyanam"

એ પાંચ જમણા હાથમાં ધારણ કરેલાં જણાવેલ છે. આ સ્વરૂપ લોહકાર, સુવર્ણકાર, કાષ્ટકાર, અને કંશકાર( કંસારા )ને પૂજ્ય છે.

શિલ્પગ્રંથોમાં સામાન્ય રીતે બ્રહ્માસ્વરૂપ વિશ્વકર્મા એક મુખ, ત્રણ નેત્રયુક્ત, દાઢીવાળા, હંસારૂઢ અને હાથમાં ૧. સૂત્ર, ૨. ગજ, ( હસ્ત-કંબા ), ૩. પુસ્તક, ૪. કમંડળ ધારણ કરતા કહ્યા છે. ઊભેલ રૂપમાં પગ આગળ ચાર શિષ્યો હોય છે.

વસિષ્ઠપુરાણમાં પ્રવરાધ્યાયમાં પંચકર્મકારકનાં ૨૫ ગોત્રો કહ્યાં છે, પરંતુ સોમપુરા શિલ્પીઓનાં ગોત્ર ૧૮ ઋષિમુનિઓનાં છે. તેઓ વિશ્વકર્મારૂપ હોઈ પૃથક્ છે. આ ગોત્રોમાં તે નથી.

વિશ્વકર્મા પ્રત્યેક યુગમાં પ્રગટ થયા. વેદો અને ઉપનિષદોમાં ઉલ્લેખો છે. ઋગ્વેદ અને યજુર્વેદમાં ભૃગુકુળમાં વિશ્વકર્મા થયાનું કહે છે. તે પછીના કાળમાં આંગીરસકુળમાં ઉત્પન્ન થયા. ત્રીજો અવતાર બ્રહ્મકુલોત્પન્ન પ્રભાસવસુના પુત્ર વિશ્વકર્મા પ્રગટ થયા ( એ સોમપુરા ). ચોથા આંગીરસ વિશ્વકર્મા, વિરાટ વિશ્વકર્મા ચોથો અવતાર ( દ્રાવિડમાં ) એવો મહાભારતમાં ઉલ્લેખ છે. પાંચમા આચાર્ય વિશ્વકર્મા. આ પાંચ અવતારના ઉલ્લેખો વાયુપુરાણમાં છે. છઠ્ઠો જગદગુરુ વિશ્વકર્મા અવતારનો સકલાધિકારમાં ઉલ્લેખ છે. સાતમા પ્રજાપતિ વિશ્વકર્માનો મૂલસ્તંભમાં ઉલ્લેખ કરેલ છે. આઠમા કાશ્યપીય વિશ્વકર્મા સ્કંદપુરાણમાં કહેલ છે. શિલ્પાચાર્ય વિશ્વકર્મા અને બ્રહ્મકુલોત્પન્ન વિશ્વકર્માના નવમા અને દશમા અવતારનો ઉલ્લેખ બ્રહ્મવૈવર્તપુરાણમાં આપેલ છે. જુદા જુદા ગ્રંથોમાં આપેલાં વર્ણન અને અવતાર ભિન્ન ભિન્ન નામોથી કહેલ હોવાથી સમજવામાં કઠિન લાગે છે.

વિશ્વકર્મા કુળમાં જન્મેલ હોય તે બ્રાહ્મણ જ છે તેમાં શંકા નથી. પ્રાચીન કાળમાં તે સર્વે કર્મકાંડ અને ધર્મનું આચરણ કરતા હતા. વ્યવસાયના કારણે શૂદ્ર વર્ણના સંસર્ગથી કર્મકાંડ વિસરી આચારવિચારમાં ક્ષીણ થવાથી મૂલ કર્મકાંડી બ્રાહ્મણોથી ભિન્ન થવા માંડ્યાં. આથી પોતાના પૃથક્ વ્યવસાયાનુસાર જ્ઞાતિઓનું નિર્માણ થયું.

## ભારતમાં શિલ્પીવર્ગ

વર્તમાનકાળમાં ભારતમાં પ્રમુખ શિલ્પી જ્ઞાતિવર્ગનું સંશોધન કરવાથી પ્રાપ્ત થયેલ વિગતો આપું છું.

### ૧. સોમપુરા શિલ્પીઓ :—

શિલ્પના અભ્યાસી વર્ગ પશ્ચિમ ભારત, ગુજરાત, સૌરાષ્ટ્ર, રાજસ્થાન, મેવાડ, કચ્છમાં વસેલા છે. કેટલાક બ્રહ્મકર્મ કરે છે. સર્વે વિધિથી યજ્ઞોપવીત ધારણ કરે છે. કોઈનું દાન સ્વીકારતા નથી. પૌરાણિક ઉલ્લેખ પ્રમાણે, ચંદ્રલોકમાંથી દેવોએ પૃથ્વી ઉપર વિશ્વકર્મા સ્વરૂપની સ્થાપના કરી. આ શિલ્પીઓ મન્દિરનિર્માણમાં શિલ્પકર્મમાં પ્રવીણ અને શિલ્પગ્રંથોના સંગ્રહ કરે છે.

"Aho Shrutgyanam"

## ૨. મહાપાત્ર–મહારાણ :—

તેઓ પૂર્વ ભારતમાં—ઓરિસ્સા કલિંગમાં વસેલા છે. તેઓ શિલ્પગ્રંથ-સંગ્રહ ધરાવે છે. તેઓ મંદિરનિર્માણ કરી શકે છે. જો કે વર્તમાનમાં તેઓ મૂર્તિકળામાં વધુ પ્રવીણ હોઈ, તે વ્યવસાય કરે છે. જગન્નાથપુરી, ભુવનેશ્વર, કોનાર્કના જગવિખ્યાત પ્રાસાદો તે વર્ગના પૂર્વજોએ નિર્માણ કરેલા છે. મહાપાત્રની ગણના બ્રાહ્મણ શિલ્પીમાં ન હોઈ તેઓ ક્ષત્રિય કુળના શિલ્પીઓ હોવાનું અનુમાન છે. તેઓ યજ્ઞોપવીત ધારણ કરે છે.

## ૩. પંચાનન જાતિના શિલ્પીઓ :—

તેઓ કર્ણાટક, આંધ્ર અને મહારાષ્ટ્રના પ્રદેશોમાં વસે છે. પંચાનન જાતિના શિલ્પીઓ પોતાને બ્રાહ્મણ માને છે. તેઓના પાંચ વર્ગ તેમના કર્મ પ્રમાણે છે: ૧. શિલ્પી, ૨. સુવર્ણકાર, ૩. કંશકાર (કંસારા), ૪. કાષ્ઠકાર (સુથાર), અને ૫. લોહકાર (લુહાર) એમ પાંચેયનાં કર્મ-વ્યવસાય પૃથક્ છે, પરંતુ તેઓ પાંચેની જ્ઞાતિ એક જ છે; તેઓ પરસ્પર વ્યવસાયી કર્મકારો સાથે લગ્નવ્યવહાર કરે છે. તેઓ પાંચેયનાં ગોત્ર પાંચે પૃથક્ છે. તેથી તેઓ એક ગોત્રમાં લગ્ન કરતા નથી. હોઈશળ, રાજ્યકુળ રાજાઓએ વેસર જાતિના હલેબીડ, બેલુર અને સોમનાથપુરમ્‌ના વિખ્યાત પ્રાસાદોનાં નિર્માણ પંચાનન શિલ્પીઓ દ્વારા કરાવેલ. તે જ રીતે આ શિલ્પીઓએ ભૂમિજ પ્રાસાદોના નિર્માણ પણ મહારાષ્ટ્ર અને ઉત્તર કર્ણાટકમાં કરેલાં. તેઓ યજ્ઞોપવીત ધારણ કરે છે. તેઓ રેણુગુંટા સુધી દક્ષિણમાં વસેલા છે. તેઓ પાસે શિલ્પગ્રન્થોનો સંગ્રહ ઓછો હોય તેમ લાગે છે.

## ૪. તૈલંગણ પંચાનન વિશ્વકર્મા શિલ્પીવર્ગ :—

આંધ્ર, તેલંગણમાં ઉપર્યુક્ત પંચાનનથી ભિન્ન જાતિના શિલ્પીઓ ઉપર જણાવેલ પંચ કર્મ કરે છે. તેઓ ત્રણસો વર્ષથી મુસ્લિમ પ્રદેશોમાં વસતા હોવાથી માંસાહાર કરે છે, પરંતુ આ શિલ્પીવર્ગ બ્રાહ્મણના હાથનું ભોજન પણ કરતા નથી. તેઓ પોતાને ઉચ્ચ માને છે. આ વર્ગ પાસે શિલ્પગ્રન્થોનો સંગ્રહ થોડો છે. તેઓમાં મરણ બાદ ભૂમિદાહ કરે છે. તેઓ હૈદ્રાબાદ તરફ વિશેષ છે.

## ૫. વિરાટ વિશ્વબ્રાહ્મણ આચાર્ય શિલ્પી—

દ્રાવિડ પ્રદેશમાં તામિલ અને મલયાલમ ભાષી પ્રદેશોમાં એ દ્રાવિડ શિલ્પ વિશ્વકર્માના વંશના બ્રાહ્મણ કુળના હોવાનો દાવો કરે છે. તેઓ ફક્ત પાષાણ શિલ્પ કર્મમાં ઘણા કુશળ છે. તેઓનાં ત્રણ ગોત્ર છેઃ ૧. અગસ્ત્ય, ૨. રાજ્યગુરુ, ૩. સન્મુખ સરસ્વતી. આ શિલ્પીઓમાંનાં કેટલાંક કુટુમ્બો સિલોનમાં પણ વસેલાં છે. દ્રાવિડનાં ભવ્ય મન્દિરોમાંના મદુરા, રામેશ્વર, ત્રિવેન્દ્રમ્, કુંભકર્ણેય આદિ અનેક ઉન્નત મન્દિર જે ગ્રેનાઈટ પથ્થરના બનાવેલ છે તેનું નિર્માણ આ વર્ગે કરેલું છે. ઉત્તર ભારતની અપેક્ષાએ દ્રાવિડના પ્રાસાદો ઉન્નત અને ભવ્ય હોવાનાં કારણો એ છે કે, મોટા રાજ્યો પાંડ્ય–ચોલ...જેવાઓએ રાજ્યની મહેસૂલી આવક બધી દેવદ્રવ્યની માની વાપરતા. આથી આવાં મંદિરોના નિર્માણ રાજ્યોની પરસ્પર સ્પર્ધાથી થયેલાં. આ શિલ્પી

"Aho Shrutgyanam"

વર્ગમાં દ્રાવિડ શિલ્પના ગ્રંથોનો સંગ્રહ હોય છે. આ શિલ્પીઓ ઉપરાંત અન્ય જાતિના મુદલિયાર, પીલ્લેવાલ, નાયકર વગેરે જાતિના કારીગરો કામ કરે છે. કુંભકોણમ્‌માં તેમાંના ધાતુકર્મમાં પ્રવીણ મૂર્તિકાર શિલ્પીઓ વસેલા છે. તેમનામાં મરણ બાદ ભૂમિદાહ આપે છે.

**૬ થી ૧૦—વૈશ્ય, મેવાડા, ગુર્જર, પંચોલી, પંચાલ—**

આ પાંચ જાતિ વિશ્વકર્માના પુત્ર હોવાનો દાવો કરે છે. તેમાં વૈશ્યજાતિ પોતાને ઉચ્ચ માને છે. આ પાંચમાં પરસ્પર કોઈને લગ્ન કે ભોજનવ્યવહાર નથી કરતા. વૈશ્યો બ્રાહ્મણ સિવાય કોઈનું ભોજન લેતા નથી. વૈશ્યમાં કેટલાક લોકો કડિયાનું ચણતર પ્લાસ્ટરનું કામ કરે છે. મેવાડા, ગુર્જર અને પંચોલી કાષ્ઠકર્મમાં પ્રવીણ ગણાય છે. તેઓ કાષ્ઠનું કોતરકામ તેમ જ ચાંદી જડવાનું અને રથ આદિનું કામ તેઓ કરે છે. પંચાલ જાતિ એક છે. તેઓ વિશેષ કરી લોહકર્મમાં પ્રવીણ છે. વર્તમાનમાં તેઓ યંત્રકર્મમાં કુશળ છે. આ પાંચે અલગ અલગ જ્ઞાતિ છે. તે તેઓની જ્ઞાતિમાં લગ્ન કરે છે. પચાસેક વર્ષથી તેઓ યજ્ઞોપવિત ધારણ કરે છે. વૈશ્ય પાસે શિલ્પના ગ્રંથોનો સંગ્રહ હતો. હવે તેઓનું કર્મ ક્ષીણ થતાં સોમપુરા શિલ્પીઓને ગ્રંથો આપે છે. આ પાંચ વર્ગના શિલ્પીઓ ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છમાં વસેલા છે. ગામડાઓમાં ખેતી ઓજારોનું કામ કરે છે. તેઓ ઈલોરામાં વિશાળ બૌદ્ધમૂર્તિને વિશ્વકર્મારૂપ માની યાત્રાએ જાય છે.

**૧૧. ગૌડબ્રાહ્મણ શિલ્પી—**

આ શિલ્પીઓ રાજસ્થાનમાં ઉત્તરે જયપુર અને અલવર પ્રદેશોમાં વસે છે. મંદિર-નિર્માણ કરતાં તેઓ મૂર્તિકળામાં વધુ કુશળ છે. તેઓમાંના થોડા પાસે શિલ્પગ્રંથો છે. શુદ્ધ શાકાહારી અને બ્રાહ્મણ જેવો વ્યવહાર પાળી, વિધિથી યજ્ઞોપવિત ધારણ કરે છે. તેઓમાંના થોડા ધાતુમૂર્તિ અને ચિત્રકારીનું કામ કરે છે. ગામડાંમાં તેઓમાંનાં કૃષિકર્મ પણ કરે છે.


**૧૨. જાંગડ જાતિના શિલ્પી—**

આ શિલ્પી વર્ગ મધ્યપ્રદેશ અને ઉત્તરપ્રદેશમાં વિશેષ કરીને વસે છે. તેઓ આંગીરસ ઋષિના વંશજ છે એવી માન્યતા તેઓ ધરાવે છે. તેઓ વિશેષ કરી લોહકર્મ કરે છે. શહેરોમાં મશીનરી પણ બનાવે છે. કેટલાક કાષ્ઠકર્મ ને ચિત્રકારીનું કરે છે. ગામડાંઓમાં કૃષિકર્મ કરે છે. સાદું પાષાણ કામ કરે છે. ભોપાલ અને દિલ્હીમાં તેઓની જ્ઞાતિસંસ્થાઓ છે.

ગુજરાત, કચ્છ અને સૌરાષ્ટ્રમાં કુંભારિયા, કડિયા પથ્થરકામ અને ચણતરનું કામ કરે છે. સૌરાષ્ટ્રના પ્રદેશમાં ‘ સલાટ ’ નામે જાતિ વસે છે. તેઓ પોતાને સોમપુરા જેવા મનાવવાની કોશીષ કરે છે, પરંતુ આચાર અને કર્મમાં તેઓ ઊતરતા છે. ગુજરાત સૌરાષ્ટ્રમાં દરજીલોકમાંના કેટલાક કાષ્ઠકર્મ પણ કરે છે. તેઓ ‘ સઈ સુતાર ’ કહેવાય છે.


બંગાળ, બિહાર, ઉત્તર ને મધ્યપ્રદેશ, પંજાબ, હિમાચલ પ્રદેશ, સરહદ પ્રાંત ( ગાંધાર ) અને કાશ્મીર આદિ પ્રદેશોમાં શિલ્પી કુળના કે તે વર્ગનાની કોઈ જાણ કે પત્તો અમને મળ્યો નથી. પાંચસો–સાતસો વર્ષ પહેલાં ત્યાં શિલ્પી વર્ગ હશે પરંતુ વિધર્મી રાજસત્તાની ધર્માંધતા અને વટાળ પ્રવૃત્તિના કારણે આ જ્ઞાતિ નષ્ટ થઈ હોય અથવા વટલાઈ પરિવર્તન થયું હોય કે અન્ય વ્યવસાયમાં તે લોકો દાખલ થયા હોય. આ વિષયમાં સંશોધન કરવાની અગત્ય છે.

"Aho Shrutgyanam"





ફાંસનાકાર જાતિ

"Aho Shrutgyanam"





દ્રાવિડ જાતિનો ષડંગ-સંપૂર્ણ પ્રાસાદ

"Aho Shrutgyanam"





લતીન જાતિનું શિખર

"Aho Shrutgyanam"




ગર્ભગૃહ પર લતિન શિખર આગળ સંવરણા ( મંડપ પર )

"Aho Shrutgyanam"





નાગર જાતિનું શિખર


"Aho Shrutgyanam"




દ્રવિડ જાતિના ચોરસ અષ્ટાસ્ર અને ગોળ શિખરો

"Aho Shrutgyanam"




વલભી જાતિના શીખરો–બે પ્રકાર

"Aho Shrutgyanam"

"Aho Shrutgyanam"

કચ્છ પ્રદેશમાં સોમપુરા શિલ્પીને ગઈધર કહે છે. તે 'ગજધર' શબ્દનું અપભ્રંશ છે. ગજને ધારણ કરનાર મોટા સૂત્રધાર શિલ્પી પુરાણોમાં અને શિલાલેખમાં, શિલ્પશાસ્ત્રી સ્થપતિ અને સૂત્રધારના નામથી સંબોધાયેલ છે. સૂત્રધારનું ટૂંકું અપભ્રંશ 'ધાર' થયું અને પછી 'ઠાર' થયું. હાલમાં સોમપુરા શિલ્પીઓમાં વેવાઈઓ ફલાણા 'ઠાર' એ રીતથી સંબોધે છે.

અંગ્રેજી રાજ્યશાસનમાં કારીગર વર્ગના સમૂહના ઉપરીને મીસ્ત્રી શબ્દથી સંબોધાય છે, પરંતુ શિલ્પીઓને આ સંબોધન અયોગ્ય છે. ઉત્તર ભારતમાં પાષાણ કર્મ કર્તાને શિલાવટ કહે છે. શિલાવટનું અપભ્રંશ 'સલાટ' ગુજરાતસૌરાષ્ટ્રમાં પ્રચલિત છે.

વાસ્તુશાસ્ત્રના ગ્રંથોમાં સ્થાપત્યાધિકારીના કર્માનુસાર ઉત્તરોત્તર વર્ગ પાડેલા છે. ૧. સ્થપતિ પ્રમુખ, (ચીફ એન્જીનિયર); ૨. સૂત્રગ્રાહી (આર્કીટેકટ, ડ્રાફ્ટસમેન, આસિસ્ટન્ટ એન્જીનિયર); ૩. તક્ષક, (પાષાણકર્મ નકશીકામ કરનાર); ૪. વર્ધકી (કાષ્ઠકર્મમાં કુશળ અથવા મોડલિસ્ટ (મૃતિકાકર્મમાં પ્રવીણ)—આ સર્વ એક એકની આજ્ઞામાં રહેનારા કહ્યા છે.

## ભારતીય પ્રાસાદોની ચૌદ જાતિઓ

ભારતમાં પ્રાદેશિક રીતે પ્રાસાદોની જાતિઓ-શૈલીઓ કહી છે. ૧. નાગર, ૨. દ્રવિડ, ૩. લતીન ૪. ભૂમિજ ૫. વિમાન, ૬. મિશ્રક, ૭. વિરાટ, ૮. 'સાંધાર, ૯. વિમાનનાગર, ૧૦. વિમાન-પુષ્પક, ૧૧. વલભી, ૧૨. ફાસનાકાર, ૧૩. સિંહાવલોકન, ૧૪. રથારૂહ. આ જાતિઓના વિષયમાં નાગરશિલ્પગ્રંથ 'अपराजितपृच्छा'માં બહુ સ્પષ્ટતાથી પ્રાદેશિક રીતે, વિવરણ છે. દ્રાવિડ ગ્રંથોમાં તો ફક્ત ત્રણ જ જાતિ ૧. નાગર, ૨. દ્રાવિડ, ૩. વેસર જાતિ જણાવી છે. 'समराङ्गण सूत्रधार' ગ્રંથમાં થોડી વિશેષ જાતિ કહી છે પણ તે અપૂર્ણ છે. પરંતુ 'लक्षणसमुच्चय' ગ્રંથમાં વધુ સ્પષ્ટતાથી કહેલ છે. દ્રાવિડ ગ્રંથોમાં 'કામિકાગમ' વધુ સ્પષ્ટતા બતાવે છે. કાળક્રમે થયેલા પ્રાસાદની જાતિનાં દૃષ્ટાંતો જો લઈએ તો સર્વ પ્રથમ વલભી જાતિ આવે છે. તે પછી લતીન, નાગર, દ્રાવિડ, ભૂમિજ, સાંધાર અને ફાસના જાતિ આદિને મૂકી શકીએ.

(૧) વલભી જાતિના પ્રાસાદો ઘણા પ્રાચીનકાળના ભારતના પ્રત્યેક પ્રાંતોમાં અલ્પ ફેરફારો સાથે મળે છે. સૌરાષ્ટ્રમાં કદવાર, ગોપ તથા વિસાવાડા, દ્રાવિડમાં મહાબલિપુરમ્, હિમાલય પ્રદેશમાં, અને કલિંગ–ઓરિસ્સામાં ભૂવનેશ્વરનું અલંકૃત વૈતાલ દેવળ આદિ આ સર્વ વલભી જાતિના પ્રાસાદો છે. આ જાતિને આપણે આદ્ય માની લઈએ તો તે કંઈ અયુકત તો નહિ જ ગણાય. લંબચોરસ ગર્ભગૃહના તળછંદ પર ગજપૃષ્ઠાકૃતિ(વરંડિકા જેવા લોઢિયા)ની ભૂમિકાઓ ચઢાવી, ઘંટાકળશ ચઢાવેલ હોય છે. ઓછા ઘાટવાળા પીઠ પર સાદા મંડોવરના શિરોભાગ પર સ્કંધવેદી ગોળ વલિકાના જેવી લંબ અર્ધ ગોળાકાર વલભી કરેલી હોય છે. તેની નાની બેઉ બાજુ તરફ શિર પર ચંદ્રશાલ અને તેની ટોચ પર બેઉ તરફ સિંહ બેસાડી મધ્યમાં ઉપર એક કે ત્રણ આમલસારાયુકત કળશ મૂકે છે. ત્રીજા પ્રકારમાં ઉપર ચારે તરફ વલિકા અર્ધગોળાકાર કરી, મધ્યમાં વલભી સંકુચિત લંબચોરસ કરી, તેની બે નાની બાજુ પર ચંદ્રશાલા કરી, કળશ ચઢાવે છે

"Aho Shrutgyanam"

(૨) લતીન જાતિમાં એકાંકિક શિખર, અલંકૃત લતાઓથી બનેલું (કુડચલો કોતરેલું) રેખાયુક્ત વેણુકોષના આકારબદ્ધ બનેલું ફક્ત એક જ શ્રૃંગ પર આમલસારા કળશયુક્ત શિખર હોય છે. પ્રાચીન લતિનના મંડોવર પર છાદ્ય=છજું હોતું નથી. કામદપીઠથી ઊપડતા હસ્તાંગુલ પાંચ અંગો શિખરના સ્કંધ સુધી જાય છે. શિખર વરંડિકા ઉપર અંતરાલ જેવા કંઠ પર વેણુકોષથી શિખરની રેખા ઉત્પન્ન થાય છે. રેખા, કર્ણ, પ્રતિરથ અને મધ્યનું ભદ્ર આટલાં પાંચ ઉપાંગો વિશેષ કરીને હોય છે. મધ્યના ભદ્રને મધ્ય લતા કહે છે. શિખરના ઉપાંગોને બાલપંજર=વાલંજર કહે છે. તેની રેખા ખંડ કલા અને ભૂમિ આમલકયુક્ત છે. ઉપાંગોના ઉપરના ભાગને સ્કંધ કહે છે. લતીન શિખર નીચે બે રેખા વિસ્તારથી સામાન્ય રીતે સવાયું ઉદય સ્કંધ સુધી થાય છે. સ્કંધ પર આમલસારો ને તે પર કળશ હોય છે. આ જાતના પ્રાચીન પ્રાસાદો સૌરાષ્ટ્ર, ગુજરાત, દ્રાવિડ ઍહોલ અને હિમાલય પ્રદેશોમાં છે.

(૩) નાગરજાતિના પ્રાસાદો અનેકાંડક હોય છે, જ્યારે લતીન જાતિ એકાંડક છે. સામાન્ય રીતે નીચે કામદપીઠ કે મહાપીઠ પર પૂર્ણાલંકારી છાદ્યયુક્ત મંડોવર પર શ્રૃંગ, ઉરુશ્રૃંગ, પ્રત્યંગ, તવંગ, તિલક અને મૂલમંજરીનાં દલ વિભક્તિથી પ્રગટ થતા એવા અનેક અંડકના સમૂહથી રચાયલું શિસ્તબદ્ધ નાગર શિખર: સ્કંધના ચોરસ મથાળે આમલસારા અને કળશ ચડાવે છે. નાગરપ્રાસાદ આગળ કવલી ચોકી અને વિશેષ કરી વિતાનયુક્ત મંડપ હોય છે. મંડપ પર ફાસના કે સંવરણા કરવામાં આવે છે. આ જાતના પ્રાસાદો ગુજરાત, રાજસ્થાન, સૌરાષ્ટ્ર, મેવાડમાં થાય છે. મધ્યપ્રદેશમાં અને ઓરિસ્સામાં તેના મંડોવર પીઠના થોડા ફેરફાર સાથે ઉપર આ પ્રકારના નાગર શિખરોની રચના થાય છે.

૪ **દ્રાવિડ:**—દ્રાવિડ જાતિ દક્ષિણમાં આંધ્રથી નીચેના પ્રદેશોમાં બને છે. દ્રાવિડ જાતિને ષડ્વર્ગ કહી છે. તદનુસાર, ૧. અધિષ્ઠાન (પીઠ), ૨. પાદ (સ્તંભયુક્ત મંડોવર), ૩. પ્રસ્તર (વરંડિકા-છાદ્ય), ૪. શિખર, ૫. ચૂલિકા (આમલસારાદિ), ૬. સ્તૂપિકા (કળશ); એ છ વર્ગ દ્રાવિડ જાતિના પ્રાસાદનાં પ્રમુખ અંગો કહ્યાં છે. કોઈ પ્રસ્તરની ઉપર કૂટ અને શાલા શિખરથી ભૂમિકા—મજલા ચડાવે છે. દ્રાવિડમાં મૂળ મંદિર આગળ મુખમંડપ હોય છે. તેના મધ્યમાં ચાર સ્તંભો હોય છે. તે પર છત છાતિયાથી સમદલ આચ્છાન પર ધાબું થાય છે. તામીલ અને મલબાર પ્રદેશોમાં આવા પ્રકારના પ્રાસાદોની રચના થાય છે.

(૫) **ભૂમિજ:**—પ્રાસાદોનું તલદર્શન અષ્ટભદ્રી કે અષ્ટકર્ણી કે વૃત્ત-સંસ્થાન પર કે ચોરસ તળને ભદ્ર પ્રતિરથ કર્ણાદિ અંગો હોય છે. તે નીચે કામદ પીઠથી ઠેઠ સ્કંધ સુધી ઉપાંગો જાય છે. પીઠ મંડોવરનાં સામાન્ય લક્ષણો અનેકાંડક નાગર જાતિ જેવા હોય છે; પરંતુ શિખર રેખા નાગરી જેવી તેના કર્ણ પ્રતિરથ કે રથના ઉપાંગોમાં એક પર બીજાં શ્રૃંગ એ રીતે સાત શ્રૃંગો ઉત્તરોત્તર ચડાવે છે. ઉપાંગો વિશેષ કરીને હસ્તાંગુલ હોય છે. પ્રત્યેક શ્રૃંગ પર જંઘા પ્રહાર ચડાવે છે. તેમાં કુંભી સ્તંભિકા યુક્ત જંઘા પર પ્રહારના ઉન્નત થરો કરીને ફરી ક્રમથી શ્રૃંગ સ્તંભકૂટ સ્કંધ સુધી ચડાવ્યે જાય છે. સ્કંધ પર ગ્રીવા આમલસારા અને તે પર સર્વોપરિ કળશ હોય છે. શિખરના ભદ્રમાં ઉદ્દામ=દોઢિયો કરી છે તેને શૂરસેનક કહે છે. ભદ્રમાં નીચેથી સ્કંધ સુધીમાં કુડચલો કોતરેલાં હોય છે. મહારાષ્ટ્ર, માળવા અને ઉત્તર કર્ણાટકમાં આવા પ્રકારના ભૂમિજ પ્રાસાદો થાય છે.

"Aho Shrutgyanam"

(૬) **સાંધાર જાતિ :**—આ જાતિમાં ગર્ભગૃહ ફરતો પ્રદક્ષિણામાર્ગ પછી દિવાલની બહાર રથ, પ્રતિરથ, ભદ્રાદિ ઉપાંગો કાઢેલાં હોય છે. તે બહારની બાજુના પ્રમાણથી શિખર વિસ્તાર થાય છે. આવા પ્રકારને સાંધાર કહે છે. જેને પ્રદક્ષિણામાર્ગ નથી હોતો તેવા નાગર પ્રાસાદને નિરંધાર પ્રાસાદ કહે છે. સાંધારની રચનામાં પ્રકાશને બહુ અન્ય અવકાશ રહે છે. તેથી તેને સ+અન્ધાર કહે છે. તે નાગર જાતિના સર્વ લક્ષણયુક્ત થાય છે. આવા પ્રાસાદો ગુજરાત, રાજસ્થાન, મેવાડ, મધ્યપ્રદેશ, ખજુરાહોમાં થયેલાં છે. સોમનાથનો મહાપ્રાસાદ આ જ પ્રકારનો કહેવાય.

(૭) **ફાસનાકાર :**—આ જાતિના પ્રાસાદોમાં સામાન્ય પીઠ મંડોવર પર છાજલી-ઓના ઘાટના ક્રમશઃ થરો ઉત્તરોત્તર સંકોચ કરી, ચડાવી, ટોચ પર ઘંટા, કળશ મૂકેલા હોય છે. ભદ્ર પર સિંહકર્ણ (મોટો ઉદ્‌ગમ)વાળી રચનાને અપરાજિતકાર નપુંસકા ફાસનાકાર કહે છે. કેટલાક ખૂણા પર નાની ફાસનાના ફૂટ જેવા ચડાવે છે. ફાસનાકારના નળદર્શનમાં હસ્તાંગુલ ઉપાંગોવાળા ફક્ત કર્ણ રેખા અને ભદ્ર વિશેષ કરીને હોય છે.

ફાસના શૈલી ગર્ભગૃહ પરથી મંડપ પર ફાસના કરવાની પદ્ધતિ પાછલા કાળમાં પ્રવિષ્ટ થઈ. ફાસનાકાર મંદિરો ખજુરાહો-ગુજરાત, ચેદીપ્રદેશ, અમરકંટક, આબુ, રાજસ્થાન, કલિંગના ભુવનેશ્વર-પુરી-કોણાર્કમાં છે. તેના ઉલ્લેખો 'જયપૃચ્છા', 'પ્રમાણમંજરી' 'વૃક્ષાર્ણવ', 'અપરાજિતપૃચ્છા' અને 'લક્ષણસમુચ્ચય'માં પ્રાપ્ત થાય છે. ભારતના પ્રત્યેક પ્રદેશોમાં ગામડાંઓમાં ફાસનાકાર મંદિરો સાદા રૂપમાં જોવામાં આવે છે. કલિંગના શિલ્પીઓ ફાસનાની છાજલીને 'पींडा' કહે છે. તેના પાંચસાત થરોના ઉદયને 'पोटल' કહે છે. વચ્ચે સાદા થરને 'कान्ति' કહે છે. ઘંટા નીચે ગ્રીવાને 'बेकी' કહે છે. ફાસનાના સર્વ થરોમાં ઉદયને 'गंडी' કહે છે. તેમ શિખરના ઉદયભાગને પણ 'गंडी' કહે છે. ઉડિયાના શિલ્પીઓની ભાષાના આ પ્રાકૃત શબ્દોથી થરોનો પરિચય થાય છે.

**૮. વિરાટ, ૯. વિમાન, ૧૦. વિમાન નાગર, ૧૧. વિમાન પુષ્પક, ૧૨. મિશ્રક**—આ જાતિના પ્રાસાદોનાં સ્વરૂપો જાણવાનું હજુ સુધી સુલભ થયું નથી. સંશોધન કરવું જરૂરી છે.

**૧૩. સિંહાવલોકન**—છાદ્યથી ઉત્પન્ન થયેલ ખૂણે સિંહોથી શોભતો તે પર ઘંટાની આકૃતિવાળો સિંહાવલોકન છંદનો પ્રાસાદ જાણવો.

**૧૪. રથારૂઢ**—નાગર છંદથી ઉદ્‌ભવેલ શકટ-ગાડાના ઉપર નાગર છંદનો, જેની નીચે ચક્ર હોય તેવા આકારનો રથારૂઢ છંદનો પ્રાસાદ જાણવો. દારૂકર્મ = (કાષ્ઠકર્મ) થી થતા સિંહાવલોક દારૂના જેવા છંદને રથારૂઢ કહે છે.

**ભારતીય કળામાં આવેલી વિકૃતિ**—વર્તમાન કાળમાં પ્રાચીન ભારતીય કારીગરીનો નાશ થઈ રહ્યો છે. આ વાત કહેતાં દુઃખ થાય છે. વર્તમાનમાં સ્થાપત્ય, શિલ્પ અને ચિત્ર ત્રણે કળામાં વિકૃતિ આવી છે. તે ભારતીય કળાનો નાશ કરશે. સ્થાપત્યમાં પશ્ચિમનું અનુકરણ

"Aho Shrutgyanam"

થઈ રહ્યું છે. પક્ષીના માળા જેવા ઢંગધડા વગરના વિકૃત કળાવિહીન બદસૂરત ભવનો થઈ રહ્યાં છે. સુંદર મૂર્તિનાં સર્જન આંખોને આનંદ આપતાં, તેના સ્થાને એક સૂકા લાકડાનું ઠુંઠું કે જેને હાથ, પગ કે મોંમાથાનું ઠેકાણું નથી હોતું, તેવામાં કલ્પનાસર્જન કરી તેની પ્રશંસા કરે છે. ચિત્ર સુંદર થતાં હતાં. પ્રેક્ષકો એવાં ચિત્રો જોઈને આનંદસભર થતા હતા. તેના સ્થાન પર કાંઈ સમજમાં ન આવે તેવા જેમાં મોંમાથાનું ઠેકાણું ન હોય તેવા પીછામારતી કલ્પના સર્જન કરી તેનાં ગુણગાન ગાય છે. પ્રેક્ષકને સમજમાં પણ નથી આવતું કે આ શું છે? એવી ચિત્ર-વિચિત્ર કળાથી જગતને મૂર્ખ બનાવે છે. મોડર્ન આર્ટના નામે ભારતીય કળાનો સર્વનાશ થઈ રહ્યો છે.

પ્રાદેશિક પ્રથાના કારણે કે પ્રાચીન ગ્રન્થોના અર્થઘટનમાં ભેદ અથવા અજ્ઞાનના કારણે, પરંપરાગત જ્ઞાન અને શાસ્ત્રગ્રન્થોના અજ્ઞાનના કારણે અને એવાં કેટલાંક કારણોથી તેમ જ પ્રાચીન પ્રાસાદોમાં રહી ગયેલી ક્ષતિઓના આધારે શિલ્પીઓમાં પણ આજે મતભેદ, વાદવિવાદ ખડા થાય છે, પણ દુરાગ્રહ છોડી ગ્રન્થોનું અભ્યાસપૂર્વક કામ કરવું જોઈએ.

**કળાને પ્રોત્સાહન**—ભારતમાં ધર્માધ્યક્ષો, આચાર્યો, રાજ્યાધ્યક્ષો અને ધનાઢ્ય વર્ગ થતા સ્થાપત્ય અને શિલ્પકળાને પ્રોત્સાહન આપી જીવંત રાખી. તેઓ આને પોતાનો પ્રધાન ધર્મ માનતા. દ્રાવિડનાં વિશાળ રાજ્યોએ ધર્મનું ધન સમજીને ભવ્ય સ્થાપત્ય નિર્માણ કર્યાં તે આપણે જોઈ શકીએ છીએ. વર્તમાન કાળમાં રાજ્યાધ્યક્ષ, ધર્માધ્યક્ષ અને ધનાધ્યક્ષ એ ત્રણે વર્ગ આ કાર્યથી વિમુખ થયા છે. વર્તમાન કેન્દ્ર સરકાર તેઓ પ્રત્યે નિષ્ઠુર છે. એટલે હવે પ્રાચીન પરંપરાના કારીગરોને આશ્રય આપનારો અદૃશ્ય થતો જાય છે. આવા સમયમાં કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારનું કર્તવ્ય છે કે પ્રાચીન પરંપરાની શિલ્પસ્થાપત્ય કળાને પ્રોત્સાહન આપે. કળા મર્મજ્ઞોને પ્રોત્સાહન આપી પ્રાચીન શિલ્પસ્થાપત્યના સાહિત્યનું સંશોધન કરાવી પ્રકાશિત કરવું જોઈએ. વિદ્યાપીઠોમાં અભ્યાસક્રમ યોજી એ પ્રાચીન વિદ્યાકળાને સ્થાન આપવું જોઈએ. વડોદરાના ઓરિયેન્ટલ ઇન્સ્ટિટયૂટે આવાં કેટલાંક પ્રકાશનો કર્યાં છે અને બીજાં અપ્રસિદ્ધ અગત્યના ગ્રન્થોનાં સંશોધન અને પ્રકાશનનું કામ હાથ પર લીધું છે તે આનંદની વાત છે.

**શિલ્પગ્રંથો**—પંદરમી સદીમાં ભારદ્વાજ ગોત્રના સોમપુરા મંડન સૂત્રધારે તે કાળના અસ્તવ્યસ્ત થયેલાં પ્રાચીન શિલ્પગ્રંથોનું સંશોધન કરી નવીન સરળ ગ્રંથરચના કરી વિદ્યાનો ઉદ્ધાર કરવા પ્રયાસ કરેલ તે કાળમાં પ્રાચીન ગ્રંથો નષ્ટપ્રાય થયેલા જોઈ એને મંડને મહાપરિશ્રમ લઈને प्रासादमंडन, वास्तुमंडन, वास्तुसार, राजवल्लभ, रूपमंडन, देवतामूर्तिप्रकरणम् ગ્રંથોની રચના કરી મંડનના કનિષ્ઠ બંધુ નાથજીએ 'વાસ્તુમંજરી ગ્રંથ' બારસોએક શ્લોકપ્રમાણ રચ્યો. મંડપના પુત્રપરિવારે પણ નાના ગ્રંથોની રચના કરેલી. સૂત્રધાર રાજસિંહે 'વાસ્તુરાજ' અને સૂત્રધાર વીરપાલે 'પ્રાસાદતિલક'ની ઉત્તમ રચના કરી છે. વીરપાલ અને મંડન સ્થપતિ હતા તે સાથે સંસ્કૃતના સમર્થ વિદ્વાન કવિ પણ હતા.

**સૂત્રધાર વીરપાલ પ્રણિત બેડાયા પ્રાસાદતિલક—**

સૂત્રધાર વીરપાલે પ્રાસાદ શિલ્પનો **પ્રાસાદતિલક** નામના ગ્રન્થની સુંદર રચના કરી. આ ગ્રન્થ પૃથક્ પૃથક્ છંદમાં સંકલિત છે. આવા છંદોમાં રચના કરવી આસાન નથી. વીરપાલ

"Aho Shrutgyanam"

સ્થપતિ હોવા ઉપરાંત સંસ્કૃતનો સારો કવિ પણ હતો તેમ માનવું પડે છે. ગ્રન્થના ચાર અધ્યાય ઉપલબ્ધ થયા છે. ગ્રન્થ અપૂર્ણ છે. ગુજરાત, સૌરાષ્ટ્ર અને રાજસ્થાનમાંથી **પ્રાસાદતિલક**ની અન્ય હસ્તલિખિત પ્રતિ મેળવવા અંગે ખૂબ પ્રયત્ન કરેલો પરંતુ કોઇને એ પ્રાપ્ત થઈ શકી નથી. છતાં આ અપૂર્ણ પ્રતિ વિદ્વાનો જોઈને સૂ. વીરપાલની અને મારા આ નમ્ર પ્રયાસની જરૂર કદર કરશે એમ હું માનું છું.

સૂત્રધાર વીરપાલ કયા પ્રદેશનો હતો કે કયા કાળમાં થયો એ વિશેષ અંધકારમાં છે, એટલો નિર્ણય કરી શકીએ છીએ કે તે નાગરાદિ શિલ્પનો પૂર્ણ જ્ઞાતા હતો અને તે સોમપુરા કુળનો હોવા સંભવ છે. ગ્રન્થનો ઉત્તરાર્ધ ભાગ પ્રાપ્ત કરી શકયા નથી. જો તે મળેલ હોત તો ગ્રન્થની અન્તેની પ્રશસ્તિ પરથી આપણે ગ્રન્થકર્તા વિષે વધુ જાણી શકયા હોત. પરંતુ તેના ગ્રન્થમાં તેણે શ્રીવિશ્વકર્મા અને વિદ્યાનિધિના મતનું પ્રાધાન્ય આપેલ છે. આ ઉપરથી આપણે એટલું તો કલ્પી શકીએ છીએ કે તે સૂત્રધાર મંડનના પૂર્ણકાળનો હશે. જો તે સોળમી સદીમાં થયો હોત તો તે સૂ. મંડનના મતોનું ટાંચણુ આપત. આથી સૂ. વીરપાલનો કાળનિર્ણય ચૌદમી અને પંદરમી સદીના મધ્યકાળનો હોવાનું માની શકાય.

ગ્રન્થના સંશોધનમાં છંદ, વ્યાકરણાદિ દોષ સારું મેં પંડિત શ્રી. બન્સીધર ઝા–લક્ષ્મીકાન્ત ઝા વ્યાકરણાચાર્ય (મિથિલાપ્રદેશ–દરભંગા મંડળના કકરોંડ ગ્રામનિવાસી)ને મૂળ પ્રતનો ગુજરાતી અનુવાદ કરી બતાવ્યો અને અનુવાદને અનુસરીને શાસ્ત્રી બન્સીધર ઝાએ વ્યાકરણ શુદ્ધિ મને કરી આપી છે. તેઓ વિદ્વાન પંડિત છે. પરંતુ વિષયાન્તર હોઈ પારિભાષિક શબ્દોમાં તેઓને સહાયક થવા સારું જ્યારે જરૂર પડે ત્યારે તેમની પડોશમાં શ્રી અમૃતલાલ મૂળશંકર ત્રિવેદી પંડિતજીને મદદરૂપ થતા તે માટે હું તેઓનો આભાર માનું છું.

પંડિતજી શ્રી બંસીધર ઝાનું ગ્રંથનું મંતવ્ય છે કે—इस ग्रंथके रचयिता शिल्पशास्त्री वीरपाल है। ग्रंथ के प्रारम्भमें वर्णनीय विषयोका उल्लेख किया गया है। उसके देखनेसे ज्ञात होता है कि यह ग्रंथ चार अध्यायोमें पूर्ण नहीं है। अवश्य इस ग्रंथका पिछला कुछ अंश भ्रष्ट (लुप्त) हो गया है। इस ग्रंथके अवलोकनसे ज्ञात होता है कि शिल्पशास्त्री विरपाल संस्कृत भाषाके स्वयं अच्छे विद्वान कवि थे। किन्तु अनेक संस्कृत भाषाके अनभिज्ञ व्यक्तियोंसे लिखे जानेके कारण इस ग्रंथके श्लोक अत्यंत नष्ट-भ्रष्ट हो गया है। इसे श्लोकोंका पुनः संस्करण करना असंभव नहीं है तो कठीन तो अवश्य हो गया है। कीतने श्लोक इतने भ्रष्ट हो गया है कि प्रयत्न करने पर भी व्याकरणमें पूर्ण शुद्ध नही हो सका। जहाँ व्याकरणकी अशुद्धि रह गयी वहाँ मूल प्रतिके श्लोककी अत्यंत भ्रष्टता ही कारण संमजना चाहिये।

(ली. पं. शास्त्रीजी बंसीधर झा लक्ष्मीकान्त झा व्याकरणाचार्य।)

ગ્રંથના પ્રથમ અધ્યાયમાં ગ્રંથની વિષયાનુક્રમણિકા નવ શ્લોકમાં આપેલ છે. તે પરથી માલૂમ પડે છે કે આ અપૂર્ણ ગ્રંથમાં કયા કયા વિષયો અપૂર્ણ છે તે જાણી શકાય છે, અને ગ્રંથની પૂર્તિરૂપે જગતી દેવદ્રગિપદ સ્થાપન, શિખરાધિકાર, મંડપાધિકાર, વેધદોષાપિ અને પ્રતિષ્ઠાદિ એટલા વિષયો અન્ય ગ્રંથો 'અપરાજીતપૃચ્છા', 'ક્ષીરાર્ણવ', 'દીપાર્ણવ', 'જ્ઞાનરત્નકોશ', 'વાસ્તુમંજરી'નો પ્રામાણિક આધાર લઈને ગ્રંથપૂર્તિ સંપૂર્ણ કરવાનો પ્રયાસ કર્યો છે. 'પ્રાસાદતિલક' મૂળગ્રંથ આઠેક અધ્યાયનો હોવા સંભવ છે.

"Aho Shrutgyanam"

જૂની પ્રતિમાં 'બેડાયા' શબ્દ આગમ લખેલ છે. બેડાયા પ્રાસાદતિલક બેડાયા શબ્દનો અર્થ જહાજ = નાવ થાય છે.

આ ગ્રન્થનું સંશોધન કરવાની મારી ઇચ્છા ઘણાં વર્ષથી હતી. મને યાદ છે કે મારા કૌમાર્ય વયમાં મારા પૂજ્ય પિતાશ્રીના કાકાજી શ્રી પ્રાણજીવનદાદા કુશળ સ્થપતિ હતા. તેઓ જ્યારે બહુ આનંદમાં આવી જતા ત્યારે કંઈ વાર પ્રાસાદતિલકના શ્લોક રાગરાગિણીથી લલકારતા એ સમયથી ગ્રન્થ પ્રત્યે મારી ભાવના હતી.

**ગ્રન્થવિવરણ**—પહેલા અધ્યાયમાં નવ શ્લોકમાં ગ્રન્થના વિષયની અનુક્રમણિકા કહી. બીજા અધ્યાય—જ્યોતિ વિષય સાથે કૂર્મશિલાના નવ ખંડનાં ચિહ્ન બતાવેલ છે.

ત્રીજા અધ્યાયમાં પાયાની ઊંડાઈ, તેનું પ્રમાણ આપેલ છે. આવું પ્રમાણ કોઈ ગ્રન્થમાં જોવામાં નથી આવતું. તેણે "વિદ્યાનિધિ"ના મતનું સમર્થન કરેલ છે.

**ખરશીલાભીટ**-પીઠમાન-પીઠમાનના નવભેદ કરેલ છે તે અન્યથી નવીન છે. દ્વાર-વિસ્તાર માનપ્રમાણ (નવીન છે).

ચોથા અધ્યાયમાં દેવના પદ-સ્થાપનના બે મતપ્રમાણ આપેલાં છે તે અપૂર્ણ છે. દેવતાદિઙ્મુખ લિંગપંચસૂત્ર લિંગપ્રવેશ વિધિ આપીને અધ્યાય પૂર્ણ કરેલ છે. અહીં સુધી અપૂર્ણ ગ્રન્થ-પ્રતિ પ્રાપ્ત થયેલ છે.

## ગ્રંથપૂર્તિ

પહેલા અધ્યાયમાં આપેલ વિષયાનુક્રમથી અપૂર્ણ વિષયો પૂર્ણ કરવાનો પ્રયાસ અન્ય પ્રાચીન ગ્રંથોના આધાર લઈ કરેલ છે. ૧. જગતી, ૨. દેવતા-દૃષ્ટિપદ, ૩. શિખર, ૪. મંડપાધિકાર, ૫. વેધદોષાદિ, ૬. પ્રતિષ્ઠાદિ વિષયો આપીને ગ્રંથની પૂર્તિ સંપૂર્ણ કરેલ છે.

નિરંધાર પ્રાસાદો પરંપરાની રૂઢિથી શિલ્પીઓ નિર્માણ કરે છે, પરંતુ ભ્રમયુક્ત સાંધાર મહાપ્રાસાદનું જ્ઞાન અતિ દુર્લભ છે. ૬૦૦-૭૦૦ વર્ષોના વિધર્મી શાસકોના ભયે સાંધારપ્રસાદનાં નિર્માણ થતાં બંધ થયાં. વર્તમાનમાં સદ્‌ભાગ્યે સોમનાથજીના પુનરોદ્ધારમાં સભ્રમ મહાપ્રસાદ સ્વર્ગસ્થ શ્રી સરદાર વલ્લભભાઈ પટેલે મારા નેતૃત્વ હેઠળ નિર્માણ કરાવેલ. સદ્‌ભાગ્યે વિસ્તૃત જ્ઞાન અમારા ભારદ્વાજ ગોત્રની કુળપરંપરામાં રક્ષિત રહેલું એથી એવું કઠિન કાર્ય ઈશ્વરકૃપાથી પૂર્ણ થયું. મુંબઈ પાસે કલ્યાણમાં સેન્ચુરી રેયોન ફેક્ટરી પાસે નાની પહાડી પર ત્રણેક વર્ષ પર મારી મારફતે એક ભવ્ય પ્રસાદ, શ્રી બીરલા પરિવાર તરફથી શ્રીમાન્ ગોપાલ નેવટિયાએ નિર્માણ કરાવેલ. શ્રીમાન્ શ્રી ગોપાલજી શેઠ શિલ્પસ્થાપત્ય અને કળામાં ઘણો રસ લે છે. તેઓ મારી પ્રત્યે હંમેશાં પ્રેમ-આદર અને સદ્‌ભાવના રાખે છે. તે મહાશયનો હું ઋણી છું.

આ ગ્રન્થના મુદ્રણ માટે વડોદરા પ્રાચ્યવિદ્યા મન્દિરના નિયામક શ્રી ભોગીલાલ સાંડેસરા સાહેબ અને શ્રી ઉમાકાન્તભાઈ શાહે મને જે સગવડતા કરી આપી છે તે માટે હું તેઓનો આભારી છું. હવે પછીના પ્રાચીન શિલ્પ ગ્રંથોના પ્રકાશનનો મારા પરનો બોજો હળવો કરતા તેઓશ્રી અનુગ્રહ કરે તે માટે હું તેમનો અત્યંત ઋણી છું.

"Aho Shrutgyanam"

ગ્રંથના ભાષાનુવાદની સાથે પ્રત્યેક અંગની ટીકા અને અન્ય ગ્રંથોના તુલનાત્મક મત-મતાન્તર આપેલ છે. ક્રિયાત્મક જ્ઞાનનો મર્મ દેવાથી ગ્રંથ સુંદર બને છે, વિષયના અભ્યાસીને સુગમતા મળે છે. આ વિષયનાં અનેક આલેખનો, નકશાંઓ, ચિત્રો અને કોષ્ટકોથી વિષય સ્પષ્ટ કરવાનો મેં પ્રયાસ કર્યો છે. ગ્રંથ અધિક સમૃદ્ધ બનાવવાના યથામતિ પ્રયાસની વિદ્વાન પુરુષો કદર કરશે એવી હું આશા રાખું છું.


પ્રાસાદની જાતિ વિષયમાં પુરાતત્ત્વજ્ઞ મધુસૂદન ઢાંકીને મારે ભૂલવા ન જોઈએ. તેઓએ મને કેટલીક માહિતી પૂરી પાડેલ છે તે માટે તેમનો આભાર માનવાની તક લઉં છું.

सर्वेऽत्र सुखिनः सन्तु सर्वे सन्तु निरामयाः ।
सर्वे भद्राणि पश्यन्तु मा कश्चिद्दुःखमाप्नुयात् ॥

इति शुभं भवतु ।


"Aho Shrutgyanam"

"Aho Shrutgyanam"




સ્વ. રાષ્ટ્રપતિ શ્રી રાજેન્દ્રપ્રસાદ પદ્મશ્રી પ્રભાશંકર સોમપુરા

"Aho Shrutgyanam"



સ્વ. જામસાહેબ શ્રી મુનશીજી, શ્રી પ્રકાશ અને પદ્મશ્રી પ્રભાશંકર સોમપુરા



સ્વ. શ્રી ગોવિંદવલ્લભ પંત અને પદ્મશ્રી પ્રભાશંકર સોમપુરા

"Aho Shrutgyanam"

श्रीगणेशाय नमः । श्रीविश्वकर्मणे नमः । श्रीसरस्वत्यैनमः ।

## सूत्रधारवीरपालविरचित—वेडाया

# प्रासादतिलकम् ।

## प्रथमोऽध्यायः

स्तुति (:)

शार्दूलविक्रीडितम्—

वन्दे श्रीगणनायकं पशुपतिं धातारमाद्यं विभुं
वन्दे शैलसुतां चतुर्मुखभवां सूर्यं च चन्द्रं तथा ।
वन्दे शिल्पविदां प्रवर्यमजरं श्रीविश्वकर्माभिधं
ग्रन्थं शिल्पनिबन्धसंज्ञकमथो कर्तुं व्यवसाम्यहम् ॥ १ ॥

ભગવાન ગણપતિ, આદિપુરુષ શંકર, અને સૃષ્ટિકાર્યના સમર્થ વિધાતાને નમસ્કાર કરું છું. નગેન્દ્રનન્દિની પાર્વતી, બ્રહ્મસુતા સરસ્વતી, સૂર્ય અને ચંદ્રને નમસ્કાર કરું છુ. શિલ્પશાસ્ત્રના જ્ઞાતાઓમાં શ્રેષ્ઠ વૃદ્ધત્વ અને મૃત્યુથી પર એવા ભગવાન વિશ્વકર્માને પણ નમસ્કાર કરું છું. તે પછી શિલ્પશાસ્ત્રમાં નિબંધ સમાન એવા (પ્રાસાદતિલક નામના) ગ્રંથનું નિર્માણ કરવાનો નિશ્ચયપૂર્વક પ્રયત્ન કરું છું. (૧)

शार्दूलविक्रीडितम्—

[१]आदो(दौ) मासफलं तथा तिथिफलं धिष्ण्यञ्च वारादिकं
पश्चात् खातविधिस्तथा निगदितं कीलस्य संवेशनम् ।
क्षेत्रस्यैव तु साधनं ध्रुववशान् मूढं विकर्णं त्यजेत्
कूर्मस्थापनकं शिला च कथिता मकरं तथा मण्डूकम् ॥ २ ॥

ग्रासो मीनजले भुजङ्गरणिते शङ्खस्तु कुम्भो निधिः
पादपीठशिलाभिधश्च विविधा मण्डोवरादिक्रमात् ।
द्वारे वेधविधिं ह्युदुम्बरविधिं त्वर्द्धं हि चन्द्रं तथा
शाखायुग्मतरङ्गरूपविविधं दीर्घं तथा विस्तरम् ॥ ३ ॥

(પ્રારંભમાં) માસફળ, નક્ષત્ર, તિથિ, વાર આદિના શુભાશુભ ફળ, ખાતવિધિ અને કીલીકા(ખૂંટીયો)નું સ્થાપન કહું છું. ક્ષેત્રમાં ધ્રુવ મેળવીને દિગ્ સાધન કરવું. દિગ્મૂઢ અને વિકર્ણનો નિષેધ છે તે ત્યજી દેવા, ઉપરાંત કૂર્મસ્થાપનમાં શિલાસ્થાનમાં મકર, દેડકો, ગ્રાસ,

---

१ पाठान्तर—आदो मासफलं धिष्ण्य तिथिं वारं नक्षत्रम् ।

"Aho Shrutgyanam"

માછલી, જળસર્પ, શંખ અને કુંભનાં ચિહ્નો રાખવા. પાયા, પીઠ, ખટશિલા, ભિટ્ટ અને જુદા જુદા પ્રકારના મંડોવરાદિનું વર્ણન, દ્વારવેધવિધાન, ઉદમ્બરવિધિ, અર્ધચંદ્રની (શંખોદ્ધાર) બે શાખાઓ; તેની લંબાઈ, જાડાઈ સાથે ઉત્તરંગનું વર્ણન છે. (૨-૩)

**शार्दूलविक्रीडितम्—**

भित्तिर्मानमिदं च गर्भरचनाप्यूर्ध्वं त्वधोनिर्गमं
कुंभीस्तम्भशिरस्तथा भरणकं पट्टं तथा तान्त्रिकम् ।
देवो दृष्टिविधिः सुरस्य पुरतः पीठं पदे वाहनं
निर्गूढं निगमं बहिस्त्रिकपदं नृत्यस्य च मण्डपम् ॥ ४ ॥

પ્રાસાદની ભીંત—દીવાલ અને તેનું પ્રમાણ, ગર્ભગૃહની રચના, તેની ઊભણી, નીચેના ભાગમાં નિર્ગમ, કુંભી, થાંભલો, ભરણું, સરૂ, પાટ અને તેના તાંતરુ, દેવની દષ્ટિસૂત્ર વિધિ, દેવોનું પીઠમાન (સિંહાસન), દેવના આગળ વાહનના પદવિભાગ, ગૂઢ મંડપ, બહાર ત્રિકમંડપનાં પદો અને નૃત્યમંડપ એનું ગ્રંથમાં વર્ણન આપેલ છે. (૪)

**उपजातिः—**

राजसेनवेदिकया विधेयं सुखासनं तोरणसंयुतं स्यात् ।
गण्डं च शुण्डं जगतीप्रबन्धः सोपानवैषम्यबलानकौ च ॥ ५ ॥

રાજસેનક, વેદિકા, આસનપટ્ટ પર સુખાસન (કક્ષાસન = લિલાસન) તોરણ સહિત કરવા; પગથિયાની બાજુમાં મોવાડે શુંડ = હાથણીઓ; જગતીની રચના, સોપાન-પગથિયાંની વિવિધતા, અને આગળ બલાણક કરવાનું પ્રમાણ આપેલ છે. (૫)

**उपजातिः—**

कर्मोपकर्म च (?) विधेयं कपिल्या(ल्य)का नाम सुखस्वरूपम् ।
रेखासनं रेखमथोरुशृङ्गं कूटस्तथैवास्य सुरूपध्यानम् ॥ ६ ॥

હવે શિખરનિર્માણનું વિવરણ કરે છે. શ્રૃઙ્ગકર્મ, ઉપકર્મની માંડણીનું નિર્માણ, સુંદર રચનાવાળી કપિલી (કોળી). રેખાનો પાયચો, તેના પર રેખાસૂત્રવિધાન, ઉરુશ્રૃંગ, કૂટ આદિ શિખરનું નિર્માણ એ રીતે થવું જોઈએ કે તેનું સુંદર રૂપ ચિત્તમાં વસી જાય. (૬)

**उपजातिः—**

विराजितो मौकुटभागं(ग) ऋद्धिभिः कुम्भः पताका ध्वजदण्डके च ।
प्रासाददेही घृतपूर्णकुम्भः शय्यासनं मर्कटिकास्वरूपम् ॥ ७ ॥

પ્રાસાદના મુકુટરૂપ આમલસારાનું પ્રમાણ, કળશ, ધ્વજાદંડ, પતાકા પ્રમાણથી સુશોભિત કરવી. પ્રાસાદના દેહ (જીવ રૂપ પ્રાસાદ પુરુષ), ઘી ભરેલ કુંભ પર પલંગ પર સુવરાવવાની વિધિ અને ધ્વજાદંડની પાટલીનું પ્રમાણ આપેલ છે. (૭)

"Aho Shrutgyanam"

*उपजातिः—*

अष्टाश्रकश्चैव विंट्पाल[२]युक्तं वृत्तं तदूर्ध्वे च करोटकश्च ।
कुलाङ्गनानां चरितं च नाम नरैश्च कामं प्रदिशाम्यवश्यम् ॥ ८ ॥


મંડપના વિતાન–ઘુંમટની રચના કહે છે. અષ્ટાંશના પાટ પર સોળાંશ વર્તુલ ગોળ કરીને તે પર કરોટક–ઘુંમટના થરો કરવા. કરોટકમાં સ્વર્ગની અપ્સરાઓ—દેવાઙ્ગનાઓ, દેવચરિત્ર નરાદિ રૂપો સાથે કામદેવની મૂર્તિનું વર્ણન આગળ કરીશું. (૮)

वास्तुप्रतिष्ठाविषये निवेशः स्तम्भः स्वकीर्तेस्तलतोरणं च ।
सुरप्रतिष्ठा च गृहप्रवेशः वेधादिदोषान् कथयामि तेषाम् ॥ ९ ॥

इति श्रीसूत्रधारवीरपालविरचिते वास्तुशास्त्रे ( बेडाया ) प्रासादतिलके सर्वसंग्रहे प्रथमोऽध्यायः ॥ १ ॥

આ ગ્રંથના અંત ભાગમાં વાસ્તુપ્રતિષ્ઠા વિષયનું જ્ઞાન, કીર્તિસ્તંભ, તિલકતોરણ, દેવપ્રતિષ્ઠા, ગૃહપ્રવેશ અને વેધદોષાદિનું વિવરણ મેં આગળ કરેલું છે. (૯)

ઇતિ સૂત્રધાર વીરપાલે રચેલા વાસ્તુશાસ્ત્રના પ્રાસાદતિલક ગ્રન્થના સર્વસંગ્રહનો સ્થપતિ પ્રભાશંકર ઓઘડભાઈએ કરેલ ગુજરાતી અનુવાદ સાથેનો પ્રથમ અધ્યાય (૧) પૂર્ણ થયો.




મકરમૂખ—પ્રનાલજલચંડ દ્વારા નિર્ગત

---

२ व्यालार्थे प्रयुक्तः

"Aho Shrutgyanam"

# द्वितीयोऽध्यायः

**शार्दूलविक्रीडितम्—**

**मासफलम्—**

चैत्रे वित्तविनाशनं बहुधनं स( श )स्तं तथा माधवे
ज्येष्ठे मृत्युकरं श( शु )चौ शुभहरं धान्यं सदा श्रावणे ।
भाद्रे मृत्युभयं तथाश्वयुजि वै क्लेशो मृतिः कार्तिके
धान्यं मार्गसहस्ययोर्दहनभीर्माघे रमा फाल्गुनै( ने ) ॥ १ ॥

ચૈત્રમાં આરંભ કરવાથી લક્ષ્મીનો નાશ થાય. વૈશાખમાં ધનધાન્યની વૃદ્ધિ, જ્યેષ્ઠમાં મૃત્યુભય, આષાઢમાં કલ્યાણહાનિ, શ્રાવણમાં ધાન્યપ્રાપ્તિ, ભાદ્રપદમાં મૃત્યુનો ભય, આશ્વિનમાં કલેશ, કાર્તિકમાં મૃત્યુ, માર્ગશીર્ષમાં અને પોષમાં આરંભ કરવાથી ધાન્યની વૃદ્ધિ, માઘમાં અગ્નિનો ભય, ફાગણમાં આરંભ કરવાથી લક્ષ્મીપ્રાપ્તિ થાય. (૧)

**शार्दूलविक्रीडितम्—**

**नक्षत्रफलानि—**

चित्रास्वातिकरे च रोहिणिमृगे ज्येष्ठानुराधादिने
पुष्ये चोत्तरात्रये च शतभे पौष्ये[१] च कार्यं शुभम् ।
वास्तोःकर्मणि सर्वधिष्ण्यविषयो श्रेष्ठे तिथौ वासरे
(गण्डान्त-व्यतिपात-वैधृतिदिनं भौमार्कवारं त्यजेत् ॥ २ ॥)

આરંભમાં ચિત્રા, સ્વાતિ, હસ્ત, રોહિણી, મૃગશીર્ષ, જયેષ્ઠા, અનુરાધા, પુષ્ય, ત્રણે ઉત્તરા, શતભિષા અને રેવતી એ સર્વ નક્ષત્રો શુભ છે. વાસ્તુકર્મમાં પ્રશસ્ત નક્ષત્ર, શ્રેષ્ઠ તિથિ, શ્રેષ્ઠ દિવસે આરંભ કરવો. ગંડાંત, વૈધૃતિ, વ્યતિપાત યોગ, મંગળ અને રવિવાર એટલા તજવા. (૨)

**उपजातिः —**

**नन्दादि तिथिसंज्ञा—**

नन्दातिथिः षट्प्रतिपच्च रुद्रा द्विद्वादशी सप्तमी( मि )का च भद्रा ।
जया तृतीयाऽष्टमी( मि )का च विश्वा रिक्ता चतुर्थी नवमी च भूता ॥ ३ ॥

છઠ, પડવો અને અગિયારશ એ નંદા તિથિ જાણવી; બીજ, બારશ ને સાતમ ભદ્રા તિથિ; ત્રીજ, આઠમ ને તેરશ જયા તિથિ અને ચોથ, નવમી ને ચૌદશ રિક્તા તિથિ જાણવી. (૩)

---

१ रेवती.

"Aho Shrutgyanam"

**शालिनी—**

**तिथिफलम्**

पूर्णा प्रोक्ता पञ्चदिक्पूर्णमासी, शुक्रे नन्दा राजपुत्रे च भद्रा[४] ।
पृथ्वीपुत्रे सिद्धिदा वै जया स्यात् मन्दे रिक्ता देवपूज्ये च पूर्णा ॥ ४ ॥

પાંચમ, દશમ ને પૂનમ એ પૂર્ણા તિથિ જાણવી. શુક્રવારે જો નંદા તિથિ હોય, બુધવારે ભદ્રા તિથિ હોય, મંગળવારે જયા તિથિ હોય, શનિવારે રિક્તા અને ગુરુવારે પૂર્ણા તિથિ હોય તો તે સિદ્ધિ દેનાર જાણવું. (૪)

**उपजातिः—**

सोम्यायने सूर्यबले च चन्द्रे दिने शुभे वाऽमृतसिद्धियोगे ।
केन्द्रं गते देवगुरौ च लग्नै(ग्ने) तुर्येऽथवा लाभगते गृहं स्यात् ॥ ५ ॥

ઉત્તરાયણ, સૂર્યબલ, ચન્દ્રબલ હોય, શુભવાર, અમૃતસિદ્ધિ યોગ, બૃહસ્પતિ કેન્દ્ર સ્થાનમાં હોય, અથવા લગ્નમાં, ચોથા સ્થાનમાં અથવા લાભસ્થાનમાં હોય એવી સ્થિતિમાં ગૃહારંભ શુભ જાણવો. (૫)

**इन्द्रवज्रा—**

भद्रासने भद्रपदे तडागे कूपे च कुण्डे वृषवेदिकायाम् ।
गेहे च दुर्गे मठमण्डपे च आराम-सङ्ग्रामसहे च खाते ॥ ६ ॥

સિંહાસન, શુભ માંગલિક સ્થાને, જળાશ્રયે, વાવ, કૂવા, તળાવ, કુંડે, યજ્ઞવેદી, ભવન, દુર્ગ, મઠ, મંડપ, આરામગૃહ અને સંગ્રામસ્થાન આદિ કાર્યોમાં ખાત ઉપરોક્ત દિવસે કરવું. (૬)

**उपजातिः—**

**नागचक्रम्**

सुरालये यावनजैनयोश्च भिक्षे तथान्येषु तथैव बौद्धे ।
हानिं प्रकुर्य(र्या)न्मुखमध्यपुच्छे कुक्षौ तु खातं सुतधान्यवृद्धिम् ॥ ७ ॥

મુસ્લિમ, જૈન, બૌદ્ધ કે કોઈ પણ સંપ્રદાયના દેવાલયના નિર્માણકાર્યમાં નાગચક્રનો મુખભાગ, મધ્યભાગ કે પુચ્છભાગમાં ખાત કરવાથી હાનિ થાય, પરંતુ કુક્ષી ભાગમાં ખાત કરવાથી પુત્ર અને ધાન્યવૃદ્ધિની પ્રાપ્તિ થાય છે. (૭)

**शार्दूलविक्रीडितम्—**

**नागचक्रकोष्टकम्**

वक्त्रं प्राचि तु दक्षिणे रविवशात्तत्पश्चिमे चोत्तरे
खातं वायुशिवस्य वह्निखनने श्रेष्ठं तथा नैर्ऋते ।
क्षेत्रे चाष्टपदे विशोध्य मणिना वारॉल्लिखेत्कोष्टकान्
शन्यङ्गारकयोश्च तत्र फणिनः शारीरकं नो खनेत् ॥ ८ ॥

---

४ दिक्–दशमी, राजपुत्रे–बुध, पृथ्वीपुत्रे–मङ्गल, मन्दे–शनौ, देवपूज्ये-गुरु एवमर्थोज्ञेयः ।

"Aho Shrutgyanam"

સૂર્યસંક્રાંતિના અનુસાર નાગનું મુખ પૂર્વ, દક્ષિણ, પશ્ચિમ અને ઉત્તર—એમ સૃષ્ટિમાર્ગે પરિભ્રમણ કરે છે. જો નાગનું મુખ પૂર્વમાં હોય તો વાયવ્ય ખૂણો ખાલી હોય ત્યાં ખાત કરવું. જો દક્ષિણ મુખ હોય તો ઈશાન કોણમાં. જો પશ્ચિમમાં મુખ હોય તો આગ્નેય કોણ અને નાગનું મુખ ઉત્તરમાં હોય તો નૈઋત્ય કોણે ખાત કરવું.




નાગચક્ર

ચોરસ ક્ષેત્રના ૮×૮ વિભાગ કરી તેમાં ક્રમથી રવિવારથી વારો લખવાનો પ્રારંભ તે કોઠામાં કરવો. તેમાં શનિ અને મંગળના વિકર્ણ પ્રકોષ્ટમાં નાગના શરીરની કલ્પના કરી તેમાં કહેલ. ખૂણે ખાત કરવાનું યોગ્ય ન જાણવું[૫] (૮)

---

૫ नागवास्तुविचार

नागवास्तुरथ ज्ञेयः पूर्वादिगतिक्रमात् ॥
कन्यादित्रितये सूर्ये भाद्रादौ च त्रिमासके ॥

નાગ વાસ્તુચક્ર પૂર્વાદિ ક્રમથી યોજતાં કન્યા, તુલા ને વૃશ્ચિક એ ત્રણે રાશિ, સૂર્ય સંક્રાંતિ તથા ભાદ્રપદ આસોને કાર્તિક—એ ત્રણ માસમાં નાગવાસ્તુસર્પનું મુખ અનુક્રમે ( એટલે ત્રણ ત્રણ સંક્રાંતિ ને ત્રણ ત્રણ માસમાં ) પૂર્વાદિ, એટલે પૂર્વ, દક્ષિણ, પશ્ચિમ અને ઉત્તર એ ક્રમે ચારે દિશાઓમાં ગતિ કરે છે. એમ જાણી જે દિશામાં સર્પનુ મુખ હોય ત્યાં ખાત ખોદવાનું કાર્ય કરવું નહિ.

शीर्षे च पितरो( रौ ) हन्ति पृष्ठे हानिभयं भवेत् ।
कुक्षौ खातो सुखं पुच्छे रोगपीडा न संशयः ॥

"Aho Shrutgyanam"

इन्द्रवज्रा:—

**वृषभचक्रम्**

[6]धिष्ण्यत्रयं भानुशिरश्च पादे वेदाञ्जरामाश्चरणे च पृष्ठे ।
वामे च वेदाः किल दक्षिणे च पुच्छे त्रयं नासिकयोर्द्वयं च ॥ ९ ॥

शार्दूलविक्रीडितम्—

शोको विघ्नकरं शिरश्च चरणावैश्वर्यदौ पृष्ठतः[7]
कुक्षौ वित्तविनाशनं विमतिता वामे शुभं दक्षिणे ।
नासाग्रे निधनं पतिक्षयकरं पुच्छे च खाते फलं
धिष्ण्यानां विबुधा वदन्ति वृषभे श्रीविश्वकर्मामते[8] ॥ १० ॥

સૂર્ય જે નક્ષત્રોમાં હોય એ નક્ષત્રથી લઈ ગૃહારંભના દિવસના નક્ષત્ર સુધી ગણતાં પ્રથમનાં ત્રણ નક્ષત્રો વૃષભના માથે સ્થાપન કરવાં; ચાર નક્ષત્રો જમણા બે પગે, ચાર નક્ષત્રો ડાબા બે

---

पूर्वास्ये चानिल( ले ) खातं दक्षिणेशानमाश्रितम् ।
जलाच्यां चाग्निकोणे तु सौम्ये च नैर्ऋत्ये खनेत् ॥

સર્પના માથા પર ખાત કરવામાં માતાપિતાનું મૃત્યુ થાય. પૃષ્ઠ-પીઠ પર હાનિ-ભય, કમરના પડખે સુખ, પૂંછડાના ભાગમાં ખાત કરવામાં રોગપીડા થાય. સર્પનું મુખ પૂર્વમાં હોય તો વાયવ્ય કોણે ખાત કરવું, દક્ષિણે મુખ હોય તો ઈશાન કોણમાં, પશ્ચિમે મુખ હોય તો અગ્નિકોણમાં અને ઉત્તર દિશામાં હોય તો નૈઋત્ય કોણમાં ખાત કરવું.

૬ આ શ્લોકના પ્રથમ ચરણ વ્યાકરણશાસ્ત્રના અનુસાર ઠીક નથી. ગ્રંથકર્તાના તાત્પર્યાનુસાર જો પદયોજના કરવામાં આવે તો સંપૂર્ણ શ્લોકનું પરિવર્તન કરવું પડે છે. આથી જ્યાં સુધી સંભવ રહી શકે ત્યાં સુધી પરિવર્તન નથી કરેલ.

૭ पश्चिम पादौ पृष्ठं च.—पाठान्तर


૮ सूर्यभान्मस्तके त्रि( त्री )णि चत्वारि चाग्रपादयोः ।
चत्वारि पश्चात्पदयोः पुच्छे त्रि( त्री )णि प्रदापयेत् ॥ ३७ ॥
वामकुक्षौ तु चत्वारि पुनश्चत्वारि दक्षिणे ।
पृष्ठे च त्रि( त्री )णि विं( वि )ष्ण्यानि नासिकायां द्वयं न्यसेत् ॥ ३८ ॥
मस्तके स्वामिनो मृत्युर्विध्वंसश्चाग्रपादयोः ।
स्थिरं स्यात्पश्चिमे पादे पुच्छे क्लेश (शो) निवेशने ॥ ३९ ॥

वास्तुमण्डन

પહેલાં ત્રણ નક્ષત્રો મસ્તકે સ્વામીમૃત્યુ, બીજાં ચાર નક્ષત્રો આગલા પગે નેષ્ટ ફળ, ત્રીજાં ચાર નક્ષત્રો પાછલા પગે સ્થિર ફળ, શ્રેષ્ઠ ચોથા ત્રણ નક્ષત્રો પૂંછડે કલેશ, પાંચમાં ચાર નક્ષત્રો ડાબે પડખે ધનક્ષય, છઠ્ઠાં ચાર નક્ષત્રો જમણા પડખે ધનવૃદ્ધિ, સાતમાં ત્રણ નક્ષત્રો પીઠ ઉપર ધનવૃદ્ધિ, આઠમાં બે નક્ષત્રો નાસિકાએ પતિક્ષય આ રીતે વૃષભચક્રનાં નક્ષત્રોનાં ફળ જાણવાં.

"Aho Shrutgyanam"

પગે, ત્રણ નક્ષત્રો પીઠ પરના ભાગે, ચાર નક્ષત્રો ડાબા પડખે અને ચાર નક્ષત્રો જમણા પડખે સ્થાપન કરવાં. બે નક્ષત્રો નાસિકામાં, ત્રણ નક્ષત્રો પૂંછડાના ભાગે, એ રીતે સત્તાવીશ નક્ષત્રો વૃષભાકૃતિમાં સ્થાપન કરવાં. (૯)



વૃષભચક્ર

હવે તેનું ફળ કહે છે. માથાનાં ત્રણ નક્ષત્રોમાં ગૃહારંભ કરવાથી શોક; આગળનાં ચરણનાં ચાર નક્ષત્રોનું ફળ વિઘ્ન; પીઠના ત્રણ નક્ષત્રોનું ફળ શ્રેષ્ઠ કહ્યું છે; ડાબા ચાર નક્ષત્રોનું ઐશ્વર્ય, ડાબી કૂખનું ફળ ધન અને બુદ્ધિનાશ, જમણી કૂખનું ફળ શુભ કહ્યું છે. નાકના નક્ષત્રોનું ફળ મૃત્યુ અને પૂંછડાના ત્રણ નક્ષત્રોનું ફળ પતિનાશ; એ રીતે વૃષભચક્રના નક્ષત્રોનું ફળ વિદ્વાનોએ કહ્યું છે, તેમ વિશ્વકર્માનો મત છે. (૧૦)

**उपजातिः—**

**कूर्मचक्रम्—**

आलेख्य कूर्मं सकलं गृहे च गेहाधिनाथस्य च जन्मऋक्षात् ।
भानां त्रयं मध्यगतं विधेयं त्रिकं त्रिकं पूर्वदिगादिसंस्थम् ॥ ११ ॥

**मन्दाक्रान्ता—**

कोष्ठकान्ते शशिदिवसमे यत्र दिकूथे( स्थे )फलं स्यात्
तत्रस्थं तच्छुभं णा( वा )प्यशुभमथवा मध्यमादिक्रमेण ।
शोको विघ्नो मरणमव्य(थ)वा भीतिता राक्षसानाम्
सौख्यं शून्यं विपुलधनदं सिद्धिभाक् कूर्मचक्रे ॥ १२ ॥

જે સ્થાનમાં ગૃહારંભ કરવાનો હોય તે સ્થાનમાં સંપૂર્ણ કૂર્મનું આલેખન કરીને ગૃહપતિના જન્મ નક્ષત્રોથી ત્રણ નક્ષત્રો મધ્યમાં સ્થાપન કરવા. ચાર નક્ષત્રથી લઈને ત્રણ ત્રણ નક્ષત્ર પૂર્વાદિ દિશાઓમાં સ્થાપન કરવા. (૧૧)

"Aho Shrutgyanam"

ચન્દ્ર નક્ષત્રથી સૂર્ય નક્ષત્ર સુધી જેટલાં નક્ષત્રો હોય તે કૂર્મચક્રના મધ્ય અથવા જે તે દિશામાં પૂર્વોક્ત ક્રમથી સ્થાપના કરવી. તો કૂર્મચક્રના મધ્ય નક્ષત્રોથી લઈને શુભ અથવા અશુભ ફળ સમજવાં. ફળ આ પ્રમાણે પીઠ–શોક, પૂર્વ–વિઘ્ન, આગ્નેય–મરણ, દક્ષિણ–રાક્ષસભય, નૈઋત્ય–સુખ, પશ્ચિમ–શૂન્ય, વાયવ્ય–વિપુલ ધનપ્રાપ્તિ અને ઈશાન્ય–સિદ્ધિ—એ રીતે દિશાક્રમે ફળ જાણવાં. (૧૨)

**तोटकम्**—

सदनकर्मत्विदं विबुधैः सदात्विह हि कि(की)लकसूत्रनिवेशने ।
तदपि वे(व)क्ष्यामि(मी)दं गुणवत्तदा विमलमेव मुहूर्तमसंशयम् ॥ १३ ॥

ગૃહારંભકર્મમાં ખૂંટી સ્થાપન કરીને સૂત્રપાત કરવાનું મુહૂર્ત શુભગુણવાળું નિર્દોષ હોય તેવું જોઈને કાર્યારંભ કરવાનું વિદ્વાનોએ સમજવું. (આ કર્મને શિલ્પીઓ ભૂમિ ત્રેવડવાનું કહે છે.) (૧૩)

**शार्दूलविक्रीडितम्**—

[९]सूर्ये चन्द्रकलानलैर्नखजिनैर्वेदाष्टकर्णे रविः
अग्नौ राक्षसवायुशङ्करदिशि स्थाप्यः क्रमात् कि(की)लकाः ।
अश्वत्थः खदिराश्रशीर्षककुभा वृक्षाः क्रमेणैव तु
विप्रादेः कुशमुञ्जकाशशणजं सूत्रं क्रमात्सूत्रणे ॥ १४ ॥

બ્રાહ્મણ વર્ણને ગૃહારંભમાં બત્રીશ આંગુલ પ્રમાણ કીલિકા ખૂટી સ્થાપન કરવી, ક્ષત્રિય વર્ણને છત્રીસ આંગુલ પ્રમાણ, વૈશ્યને ચોવીસ આંગુલ પ્રમાણ, અને શૂદ્રને વીશ આંગુલ પ્રમાણની કીલિકા-ખૂંટી સ્થાપન કરવી. બ્રાહ્મણાદિ વર્ણને અનુક્રમે આગ્નેય, નૈઋત્ય, વાયવ્ય અને ઈશાન કોણમાં ખૂંટી સ્થાપવી તેમ જ બ્રાહ્મણાદિ વર્ણને અનુક્રમે અશ્વત્થ ખેર, શિરીષ અને અર્જુન વૃક્ષના કાષ્ટની ખૂટીઓ શ્રેષ્ઠ જાણવી. તેમ જ બ્રાહ્મણાદિ વર્ણને અનુક્રમે કુશ, મુંજ, કપાસ અને શણના સૂત્રની દોરી શ્રેષ્ઠ જાણવી. (૧૪)

**इन्द्रवज्रा**—

**ध्रुवसाधन**

आवर्त्तको मर्कटिकाप्रमाणं मच्छाग्रसूत्रं ध्रुवसयुतं (साधने) च ।
दीपं तदेकं त्ववलम्बनीयं स्पष्टे दिशौ चोत्तरदक्षिणे च ॥ १५ ॥

ઉત્તર દિશા સાધનમાં ધ્રુવની મર્કટી–માંકડીને પ્રમાણ મનાય છે, ધ્રુવની પ્રદક્ષિણા કરવા-વાળા સપ્તર્ષિ મંડળના મચ્છ આગળનાં ભાગના બે નક્ષત્રો ધ્રુવ, દીપ અને અવલંબન (આળંભો) એક સૂત્રમાં હોય ત્યારે ઉત્તર દક્ષિણ દિશા સાધન થાય છે. (૧૫)

---

૯ આ શ્લોકના ઉત્તરાર્ધમાં બ્રાહ્મણાદિ વર્ણના ક્રમથી કાષ્ટ અને સૂત્રનું વિધાન કર્યું છે, જે અન્ય ગ્રન્થોથી તે પણ સહમત છે. પરંતુ શ્લોકના પ્રથમ ચરણના ક્રમનું ઉલ્લંઘન થઈ ગયું છે એવું ઇતર ગ્રન્થોના અવલોકનથી જ્ઞાત થાય છે. કંઈક છંદોભંગના ભયથી ક્રમનો ત્યાગ કર્યો હોય? અતઃ તેનો અનુવાદ ઉપર લખેલા પ્રકારે કરવો જોઈએ.

"Aho Shrutgyanam"

**शार्दूलविक्रीडितम्—**

प्राचि(ची)दक्षिण-पश्चिमोत्तरदिशां मौढ्यं विचिन्त्यं क्रमात्
मृत्युः क्लेशकरं च शोककरणं शून्यं गृहे सर्वदा ।
अग्नौ नैर्ऋतके च वायुशिवयोर्मौढं कनिष्ठं फलम्
[१०]तस्माच्छिल्पविचारविद्भिरखिलाः साध्या दिशः सूत्रयो(योः) ॥ १६ ॥

શિલ્પશાસ્ત્રકારોએ ક્રમથી પૂર્વ, દક્ષિણ, પશ્ચિમ અને ઉત્તર દિશાઓનો દિગ્મૂઢતાનો વિચાર કરવો. જો દિગ્મૂઢ હોય તો પૂર્વાદિ દિશાના ક્રમથી મૃત્યુ, કલેશ, શોક અને ગૃહશૂન્યતાનું ફળ જાણવું. અગ્નિ, નૈઋત્ય, વાયવ્ય અને ઈશાન—એ ચારે વિકોણની મૂઢતા હોય તો અનિષ્ટ ફળદાતા જાણવું. આથી સ્થપતિઓએ સૂત્રપાત દ્વારા સર્વ દિશાઓની સાધના કરવી. ( ૧૬ )

**उपजाति—**

सूर्याङ्गुलैः शङ्कुरिह प्रयोज्यः सर्वत्रमानं प्रवदन्ति सन्तः ।
जिनाङ्गुलैः षट्त्रिभिरष्टवेदैः कार्यं क्रमान्मण्डलकं त्रयं च ॥ १७ ॥

હવે દિવસે દિશા સાધન કરવા માટે બાર અંગુલ પ્રમાણનો શંકુપ્રયોગ કરવો. વિદ્વાન પુરુષો સર્વત્ર શિલ્પશાસ્ત્રોમાં કહેલાં આ પ્રમાણો સ્વીકારે છે તથા ક્રમશઃ ૨૪ આંગુલ; ૧૮ આંગુલ અને ૧૨ આંગુલ પ્રમાણના એમ ત્રણ મંડળોની રચના કરવી. (૧૭)

---

૧૦ અપરાજિતપૃચ્છામાં વિશ્વકર્માએ કહ્યું છે કે પ્રત્યેક વાસ્તુની દિગ્શુદ્ધિ કરવી. દિગ્મૂઢ વાસ્તુ દોષિત જાણવી, પરન્તુ જીર્ણવાસ્તુ જીર્ણોદ્ધારમાં દિગ્મૂઢ કે આયાદિ વેધદોષ લાગતો નથી. વળી કયા કયા સ્થળે દિગ્મૂઢનો દોષ લાગતો નથી તે કહે છે.

सिद्धायतने तीर्थेषु नदीनां सङ्गमेषु च ।
स्वयम्भूबाणलिङ्गेषु तत्र दोषो न विद्यते ॥ १ ॥
जिनेन्द्राणां समवसरणे दिग्दोषो न विद्यते ।
जीर्णे तु स्थापिते वास्तुवेधदोषो न विद्यते ॥ २ ॥

—अपराजितपृच्छा

સિદ્ધમુનિઓના આશ્રમમાં, તીર્થમાં, નદીના સંગમ પર, સ્વયંભૂબાણલિઙ્ગના સ્થાને, જૈનોના સમવસરણમાં દિગ્મુખનો દોષ લાગતો નથી. જીર્ણવાસ્તુમાં દિગ્મૂઢ કે બીજા કંઈ દોષો હોય તો તે દોષ ન જાણવા. આગળ જતા તે કહે છે :

पूर्वोत्तरे च दिग्मूढं मूढपश्चिमदक्षिणे ।
तत्र मूढं अमूढं वा तत्तु तीर्थसमं हि तम् ॥ ३ ॥

—अपराजितपृच्छा

પૂર્વ-ઉત્તર એટલે ઈશાન કોણમાં દિગ્મૂઢ હોય અથવા પશ્ચિમ-દક્ષિણ એટલે નૈઋત્ય કોણમાં દિગ્મૂઢ હોય તો તે મૂઢ હોય છતાં અમૂઢ જાણવું. તે તીર્થસમાન દોષરહિત જાણવું.

"Aho Shrutgyanam"

**मालिनी—**

उदयमपि च चिह्नं चास्तयामं तथैव
सकलपरिधिरेषा शङ्कुरग्रे स एवम् ।
तदुपरि खलु सूत्रं मध्यगं विश्वकर्मा
रचयति यदि शङ्कुः सोमसूत्रं प्रशस्तम् ॥ १८ ॥

[૧૧]પૂર્વમાં ઊગતા સૂર્યે શંકુની છાયાના અગ્રભાગનું ચિહ્ન કરવું. તે રીતે આથમતા સૂર્યે પણ તેમ ચિહ્ન કરવું. એ ઉપર પૂર્ણ મંડળ રચવું. શ્રી વિશ્વકર્માએ કહેલા ચિહ્નના ઉપર પરિધિના મધ્યમાં સૂત્ર દોરવું. તે રીતે શંકુથી પૂર્વ-પશ્ચિમ દિશાની સાધના કરવી. શંકુ પ્રશસ્ત સોમસૂત્રની રચના કાટખૂણે કરવી.

[૧૨]શ્લોકનો વધુ સ્પષ્ટાર્થ—મધ્યમાં બાર અંગુલના શંકુની સ્થાપના કરી ૨૪"–૧૮"–૧૨" આંગુલ પ્રમાણ ત્રણ મંડપોમાં શંકુની છાયાનો તે મંડળ પરિધના સ્થાન પર ચિહ્ન કરવું. એ રીતે ત્રણે પરિધિઓમાં જેમ જેમ છાયા આવે તેમ તેમ ચિહ્નો કરતા જવું. એ ચિહ્ન શંકુના અગ્રભાગ અને પૃષ્ઠભાગ એમ બેઉ તરફ કરવા. આ ચિહ્નો પરથી પૂર્વ પશ્ચિમ દિશાનું સૂત્ર દોરી સાધન થાય. (૧૮)

(**નોટ**—ઉત્તરાયણ-દક્ષિણાયન સૂર્યગતિના કારણે ગમે તે દિવસે શુદ્ધ દિશા સાધન થતું નથી. પરંતુ તા. ૨૧મી માર્ચ અને તા. ૨૩મી સપ્ટે.ના દિવસે એમ વર્ષના ફક્ત બે દિવસોમાં જ શુદ્ધ પૂર્વમાં સૂર્યોદય અને સૂર્યાસ્ત થાય છે તે જ શુદ્ધ પૂર્વ જાણવું.)

**प्रायोऽनुष्टुप्—**

**शिलानामाभिधान**

नन्दा भद्रा जया पूर्णाऽपराजिता विजया मङ्गला च ।
शिलाभिधानान्यजिता तथा सा धरणीयं नवमी शिला च ॥ १९ ॥

નંદા, ભદ્રા, જયા, પૂર્ણા, અપરાજિતા, વિજયા, મંગલા અને અજિતા—એ આઠ શિલાઓનાં નામ જાણવાં અને દિશા-વિદિશાઓની શિલાઓનાં નામ જાણવાં મધ્યની ધરણી શિલા જાણવી. (૧૯)

---

૧૧ આ શ્લોકનો કેવળ શબ્દાર્થ કરવાથી ગ્રંથકારનું તાત્પર્ય સ્પષ્ટ નથી થતું. અતઃ ગ્રંથકારનું એ તાત્પર્ય સમજવું જોઈએ. આ શ્લોકમાં પૂર્વાર્ધ કાલનો બોધક છે અને અસ્તતામ (અસ્તયામ) શબ્દ અપરાત્યક એ રીતે તેનો અનુવાદ ઉપરોક્ત કરેલ છે. સોમસૂત્રમ્ શબ્દ ઉત્તર દક્ષિણ સૂત્રમ્ ।

૧૨ દિવસના ભાગમાં દિશાસાધન તો જે નક્ષત્રોમાં સૂર્ય શુદ્ધ પૂર્વ-પશ્ચિમમાં ઊગી આથમતો હોય ત્યારે જ દિવસનું દિશાસાધન સાચું થાય. ઉત્તરાયણ દક્ષિણાયનની સૂર્યની ગતિના કારણે તેમાં શુદ્ધ દિશાસાધન થાય નહિ; પરંતુ તા. ૨૧મી માર્ચ અને ૨૩મી સપ્ટેંબરે સૂર્યોદય શુદ્ધ પૂર્વમાં થાય છે ત્યારે દિશાસાધન કરવું જોઈએ.

"Aho Shrutgyanam"

इन्द्रवज्रा—

**शिलामानप्रमाण**

[13]प्रासादहस्ते युगाङ्गुलं सा युग्मे तथार्तुः खलु रामनागैः ।
सूर्याङ्गुला हस्तचतुष्टये च स्थूलं च दीर्घं तृतीयांशपिण्डम् ॥ २० ॥

[14]वृद्धैकहस्ते चतुराङ्गुलीका गजेस्तु हस्तयुगयुग्मसङ्ख्यया ।
तदूर्ध्वमानं न शतार्धहस्तं वृद्धयङ्गुलैका ऋतुराजपिण्डम् ॥ २१ ॥

[15]दीर्घे पृथुत्वे च पादोनुपिण्डं मानशिलायां मुनिभिः प्रदिष्टम् ।
प्रासाद एवामरभूपयोश्च हर्म्याणि लोके मुनिनोदितानि ॥ २२ ॥

એકથી ચાર હાથ સુધીના પ્રાસાદનું પ્રમાણ કહે છે. એક હાથના પ્રાસાદને ચાર આંગુલનું શિલામાન જાણવું, બે હાથને છ આંગુલ, ત્રણ હાથને નવ આંગુલ, ચાર હાથને બાર આંગુલનું શિલાપ્રમાણ જાણવું. આવેલ માનના ત્રીજા ભાગે શિલાની જાડાઈનું પ્રમાણ રાખવું. (અહીં શિલામાન દીપાર્ણવ પ્રમાણથી અપૂર્ણ છે). (૨૦)

બીજું માન કહે છે. એક હાથના પ્રાસાદને ચાર આંગુલનું શિલામાન, બે થી આઠ હાથ સુધીના પ્રાસાદને પ્રત્યેક હાથે બબ્બે આંગુલની વૃદ્ધિ કરવી. નવથી પચાસ હાથ સુધીના પ્રાસાદને પ્રત્યેક હાથે એકેક આંગુલની વૃદ્ધિ કરતા જવું. પચાસ હાથના પ્રાસાદની શિલાની જાડાઈનું પ્રમાણ બાર આંગુલ રાખવું. (૨૧)

શિલાની જાડાઈનું એક બીજું પ્રમાણ કહે છે. મધ્યની શિલાની લંબાઈ-પહોળાઈ સમચોરસ સમજવી. તેની લંબાઈના માપથી ચોથા ભાગની જાડાઈનું પ્રમાણ એ માન શિલ્પજ્ઞ વિદ્વાન મુનિઓએ કહેલું છે. આ પ્રમાણ દેવમંદિર-રાજપ્રાસાદ અને શ્રીમંતોના ભવનને સારુ શિલ્પજ્ઞ મુનિઓએ આપેલ છે. (૨૨)

---

૧૩ અહીં આપેલું શિલાનું પ્રમાણ સંપૂર્ણ છે. દીપાર્ણવ ગ્રંથમાં એક હાથને ચાર આંગુલ, ચાર ગજને બાર આંગુલ, પાંચથી બાર હાથને પ્રતિહસ્તે પોણો પોણો આંગુલ, બારથી ચોવીસ સુધીને પ્રતિહસ્તે અરધા અરધા આંગુલ, પચીશથી છત્રીશ હાથ સુધીના પ્રાસાદને પા પા આંગુલ. સાડત્રીસથી પચાસ હાથ સુધીને પ્રતિહસ્તે $\frac{1}{૮}$ આંગુલ. એક દોરાની વૃદ્ધિ કરવી એ રીતે પચાસ હાથને ૨૮ાાા આંગુલ શિલામાન આવે છે.

૧૪ શ્લોક ૨૧માં આપેલ પ્રમાણ ઉપરથી પણ વધુ વિસ્તૃત થાય છે. પચાસ હાથને ૬૦ આંગુલનું શિલામાન આવે છે. દીપાર્ણવનો મત વ્યવહારુ છે. તેમાં ૨૮ાાામા આંગુલ માન આવે છે.

૧૫ અહીં મધ્યની શિલામાન કહ્યું છે. અષ્ટ શિલાઓની સ્પષ્ટતા કરી નથી. મધ્યની ધરણોશિલા સમચોરસ કરવી અને તેની જાડાઈ વિસ્તારથી તૃતીયાંશ કરવી તે ઠીક છે. અહીં શ્લોક ૨૧માં ધરણી-શિલાની જાડાઈ ચતુર્થાંશ કહી છે, કારણ કે પચાસ હાથની શિલા જો ૬૦ આંગુલ આવે તો તે ૧૫ આંગુલ જાડી થાય પણ અહીં આપેલ શિલાનું પ્રમાણ ઘણું મોટું છે. ત્યાં શ્લોક ૨૧માં બાર આંગુલ કહ્યું છે. મધ્યની શિલામાન આપેલ છે, પરંતુ અષ્ટશિલાનું માન અસ્પષ્ટ છે. પૂજ્ય વૃદ્ધોની પરંપરાનુસાર મધ્યની ધરણીશિલામાન જેટલી અષ્ટશિલા લાંબી રાખવી હોય તેથી અર્ધ પહોળા રાખવી. ધરણી-શિલા જેટલી જાડી રાખવી. અષ્ટશિલા વિષયમાં તેનાં માનમાપની સ્પષ્ટતા કોઇ ગ્રંથોમાં મળતી નથી.

"Aho Shrutgyanam"

**शार्दूलविक्रीडितम्—**

कूर्मं रत्नमयं च रुप्यशंकरं ताम्रं च मध्यं तथा
ग्राहं ग्रासतनुश्च शङ्खधवले वंगात्मकः सागरः ।
सैवं दर्दुरिका त्रपुप्रणिहिता लौहो भुजङ्गस्तथा
कार्यः शिल्पिभिरत्र सिद्धिशुभः [दः] कुम्भाभिधः स्वर्णगः ॥ २३ ॥

[16] કૂર્મનું રત્નથી, મત્સ્યનું ચાંદીથી, મકરને ગ્રાસનું ત્રાંબાથી, શંખ સફેદ વર્ણથી, સાગરલહેરનું વંગથી, દેડકનું સીસાથી, સર્પનું લોહથી અને સર્વ સિદ્ધિ તથા મંગળકારી કુંભનું સુવર્ણનું રૂપ બનાવી મૂકી પૂજન કરવું (આમ મધ્યની કૂર્મશિલાની વિધિ કહી છે.) (૨૩)

**शार्दूलविक्रीडितम्—**

[17]कूर्मे मानमिदं च गर्भरचना वह्नेः शिलायाः जलं
याम्ये मीनमुखं च नैर्ऋतदिशि स्थाप्यस्तथा दर्दुरः ।
वारुण्यां मकरश्च वायुदिशि वै ग्रासश्च सौम्ये ध्वनिः
नागः शंकरदिक्षु पूर्वविषये कुम्भः शिलामध्यतः ॥ २४ ॥


---

૧૬ અહીં ધરણીશિલાના નવખંડનાં નવ ચિહ્નોનું ધાતુથી પૂજન કરવું કે તે પર ધાતુનું તેનું સ્વરૂપ બનાવવું. શ્રી વિશ્વકર્માના કોઈ પ્રાચીન ગ્રંથમાં આ વિધાન જોવામાં આવતું નથી. અહીં આ વિધાન નવીન છે. ચાંદીના કૂર્મ ધરણી શિલા પર મુકાય છે તેનું પ્રમાણ ગજે અરધા આંગળનું કહ્યું છે. તેનું પૂજન તથા શિલારોપણ વિધિસમયે અંદર પધરાવવાની પ્રથા છે પણ બીજું કાંઈ કહ્યું નથી. અષ્ટશિલાનાં નામ પૃથક્ પૃથક્ ગ્રંથોમાં ભિન્ન ભિન્ન આપેલાં છે. અષ્ટશિલાનો અને પંચશિલાનો ઉલ્લેખ દીપાર્ણવ—વિશ્વકર્માપ્રકાશમાં આપેલ છે. પંચશિલામાં ચાર ખૂણે અને મધ્યની એમ પંચશિલા અષ્ટ-શિલાના નીચે નાગકાચબો અને કળશ પર શિલા દિશાના દિગ્પાળના વર્ણનું વસ્ત્ર લપેટીને પધરાવવામાં આવે છે. નીચે જે કળશ કુંભ મૂકવામાં આવે છે તેનાં પણ નામો આપેલાં છે. અષ્ટશિલામાં જે દિશાની શિલા હોય તેના દિગ્પાળનું પ્રમુખ આયુધ કોતરવામાં આવે છે. શિલા નીચેના કળશમાં સોનું, ચાંદી, તામ્ર, સર્વૌષધી, સાત ધાન્ય, શેવાળ, કોઠી, ચણોઠી, ગંગાજળ, પંચરત્ન આદિ મૂકી તે પર શિલાસ્થાપન થાય છે. આ પ્રકારની શિલ્પીની પરંપરા છે. મધ્યની ધરણીશિલા પર ચાંદીનો કૂર્મ મૂકી તે પર ભુગળ ઊભું કરવામાં આવે છે. તે પર દેવસ્થાપન થાય ત્યાં સુધી લંબાવાય છે. આને નાભિ કહેવામાં આવે છે.

૧૭ અહીં સૂત્રધાર વીરપાલે મધ્યની ધરણીશિલાના નવકોષ્ટમાં અગ્નિકોણના ક્રમથી કયાં કયાં ચિહ્નો કોતરવાં તે વાત દિશાવાર સ્પષ્ટ કહી છે. વિશ્વકર્મા કે કોઈ અન્ય ગ્રંથોમાં આ રીતે દિશાવાર ચિહ્નોનું કહ્યું નથી; પરંતુ નવ ચિહ્નોનું તો બધા ગ્રંથોમાં કહેલું છે. ક્ષીરાર્ણવમાં 'लहरं च मच्छमण्डकं' એમ નવ ચિન્હો કહ્યાં છે. આથી શિલ્પીઓ લહેર પૂર્વમાં કરે પરંતુ વીરપાલે લહેર અગ્નિકોણમાં ક્રમથી કહી. અન્ય કોઈ ગ્રંથમાં સૂ. વીરપાલના મતનું સમર્થન મળતું નથી. મારા પૂજ્ય દાદાજી માનતા કે કોઈ પણ મુખનો પ્રાસાદ હોય પરંતુ તેના દ્વાર તરફ સમુદ્રની લહર આવવી જોઈએ એથી યજમાનનું કલ્યાણ થાય છે.

વળી મધ્યની ધરણીશિલા ગર્ભગૃહમાં પાયામાં સામાન્ય રીતે મધ્યમાં પધરાવવાનું કહ્યું છે, પરંતુ દીપાર્ણવ અને જ્ઞાનરત્નકોશમાં 'अर्धपादे त्रिभागे वा शिला चैव प्रतिष्ठयेत' આવું પ્રમાણ સ્પષ્ટ આપેલું છે. દેવસ્થાપનના વિભાગ નીચે ધરણીશિલા પધરાવવી. શિવલિંગ હોય તો મધ્યમાં બ્રહ્મા, વિષ્ણુ અને જિન આદિ દેવોના સ્થાપનવિભાગ કહ્યો હોય ત્યાં નીચે ધરણીશિલા સ્થાપન કરવી. આ વિધાન બહુજ વિચાર-પૂર્વક ઉપરોક્ત બેઉ ગ્રંથોએ પ્રસ્તુત કરેલ છે.

"Aho Shrutgyanam"




કૂર્મશિલા અને અષ્ટશિલાઓ

મધ્યની ધરણીશિલાના નવકોષ્ટ ખાનામાં મધ્યમાં કૂર્મ, અગ્નિકોણે જળલહેર, દક્ષિણે માછલી, નૈઋત્યે દેડકો, પશ્ચિમે મકર, વાયવ્યમાં ગ્રાસ, ઉત્તરમાં શંખ, ઈશાનમાં સર્પ, પૂર્વમાં કુંભ એ રીતે મધ્યની શિલામાં નવ આકૃતિઓ કરવી. (૨૪)

**शार्दूलविक्रीडितम्—**

[१८]स्थाप्यं कूर्मशिलासुसंपुटमिदं पादादधस्ताद्वरं
तस्योर्ध्वं निलयं रचन्ति विबुधा कार्यं समं कर्णयोः ।
आयुर्धिष्ण्यगणांशकान् व्ययगुणं संशोध्य ताराबलं
आचार्यध्वनि शिल्पिनश्च विधिना संतोषयेच्छिल्पिनम् ॥ २५ ॥

૧૮ અષ્ટશિલાઓ દિશાવિદિશાઓમાં તેમાં તે તે દિશાના દિગ્પાલનાં એકેક આયુધ કોતરી અને તે દિશાના દિગ્પાલના વર્ણ પ્રમાણેનાં વસ્ત્રો લપેટી શિલ્પપૂજન થાય છે. મધ્યની કૂર્મશિલા પર નાભિનાળનો ભૂંગળો ઊભું કરવામાં આવે છે. આ પ્રથા દ્રવિડ શિલ્પમાં પણ છે. તેને યોગનાળ કહે છે. શિલારોપણ વિધિને તેઓ પ્રથમેષ્ટિકા કહે છે.

ગર્ભગૃહના નીચે પાયામાં કૂર્મશિલા સંપુટના રૂપમાં સ્થાપન કરવી. દિશાના ગર્ભે અને વિદિશાના કોણે (ભીંતોના) પાયા નીચે સંપુટરૂપે સ્થાપન કરવી. આય, નક્ષત્ર, ગણ, અંશક, વ્યય, ગુણ અને તારાબલ આદિ ગણિત મેળવીને પ્રાસાદની રચના કરવી. કૂર્મશિલાસ્થાપનના મુહૂર્ત પર આચાર્ય અને પ્રમુખ શિલ્પીને અન્ય શિલ્પીઓ આદિને સંતુષ્ટ કરવા. (૨૫)

**शार्दूलविक्रीडितम्—**

मेरी-ताल-मृदङ्ग-शङ्ख-रणिते गीते च वेदध्वनौ
स्थाप्या कूर्मशिला च पूजनविधिः पुष्पैः फलैश्चन्दनैः ।
पूज्यौ मत्स्यकमण्डुकौ च मकरः क्षेत्राधिनाथस्तथा
वास्तौ दिक्पत्र(त)यस्तथा लयविधौ शिल्पे शुभं पूजनम् ॥ २६ ॥

---

પ્રાસાદના ખનન અને ખાત એ બેઉ ક્રિયા પૃથક્ છે. પ્રથમ શુભ મુહૂર્તે ભૂમિ ખોદવાનો પ્રારંભ કરે તેને ખનનવિધિ કહે છે. ભૂમિ સંપૂર્ણ ખોદાયા બાદ વિધિથી ભૂમિપૂજન કરીને શિલાસ્થાપન વિધિ કરવામાં આવે તેને શિલારોપણ વિધિ કહેવામાં આવે છે.

| શિલાનું નામ | દિશા | ચિહ્ન | વસ્ત્રવર્ણન |
|---|---|---|---|
| નંદા | પૂર્વ | વજ્ર | પીત |
| ભદ્રા | અગ્નિ | સરવો | રક્ત |
| જયા | દક્ષિણ | દંડ | શ્યામ |
| પૂર્ણા | નૈઋત્ય | ખડ્ગ | જાંબળી |
| અપરાજિતા | પશ્ચિમ | પાશ | પાંડુ |
| વિજયા | વાયવ્ય | ધ્વજા | શ્વેત |
| મંગલા | ઉત્તર | અંકુશ | લીલો |
| અજિતા | ઈશાન | ત્રિશૂલ | શ્વેત |
| ધરણીશિલા | મધ્ય | નવચિહ્નો | રક્તવર્ણ |

ગર્ભગૃહ તેની ભીંતોને ઉપાંગોને આગળ કોલીરહિત સારા વિભાગનું (બ્લોકનું) ખોદકામ કરવામાં આવે છે. તેના બે હેતુ છે: એક તો ઉપરના શિખરાદિના વજન પૂરતો દઢ પાયો અને બીજું ભૂમિ-શુદ્ધિ શલ્ય શોધન કરવાની જરૂર કહી છે. શિલારોપણ વિધિસમયે પ્રથમ ભૂમિનું વિધિથી પૂજન કરતા પ્રાસાદસ્થાપન કરતાં તેની કાશ્યપી પૃથ્વીની આજ્ઞા પ્રાર્થના કરવી.

નીચે નાગ કાચબાને કુંભ-કળશ મૂકી તે પર શિલા દઢરીતે સ્થાપન કરવી અને તે શિલાને ફરતું ચણતર શિલાથી ઊંચું કરીને તે પર સંપુટરૂપે બીજી ઢંક શિલા સ્થાપન કરવી. શિલ્પ ગ્રંથોમાં હસ્ત-હાથ અને ગજ એ પ્રમાણો એક જ અર્થમાં સમજવા.

"Aho Shrutgyanam"

इति सूत्रधारश्रीवीरपालविरचिते वास्तुशास्त्रे (बेडाया) प्रासादतिलके खातकूर्मशिलास्थापन— विधिर्नाम द्वितीयोऽध्यायः ॥ २ ॥

કૂર્મશિલારોપણ વિધિસમયે ભેરી મૃદઙ્ગ શંખ આદિ વાજિંત્રોનો ધ્વનિ, સંગીત, વેદમન્ત્રોના ઉચ્ચારણ સાથે પુષ્પફળચંદનાદિથી પૂજનવિધિ કરીને મત્સ્ય, દેડક, મકર આદિ અને ક્ષેત્રપતિ–વાસ્તુ–દિક્પાલ આદિની પૂજાવિધિ અને શિલ્પીનું પણ પૂજન કરવું. તે પ્રાસાદ રાજભવનાદિ નિર્માણમાં શુભપ્રદ જાણવું. (૨૬)

ઇતિ સૂત્રધાર શ્રીવીરપાલે રચેલા વાસ્તુશાસ્ત્રના (બેડાયા) પ્રાસાદતિલક નામના ગ્રંથમાં ખાતકૂર્મશિલાસ્થાપન વિધિનો સ્થપતિ પ્રભાશંકર ઓઘડભાઈ સોમપુરાએ કરેલ ગુજરાતી અનુવાદ સાથેનો બીજો અધ્યાય (૨) પૂર્ણ થયો.




"Aho Shrutgyanam"

# तृतीयोऽध्यायः

**शार्दूलविक्रीडितम्**

[१९]क्षिप्त्वा चन्द्रकलाङ्गुलीरधिभुवो द्वाभ्यामथापि त्रिभिः
अष्टाब्धी(ब्धि)युगराम-अङ्गुलमितौ रामाब्धिहस्तान्तकम् ।
तस्योर्ध्वं च शतार्धके च मुनिभिर्वृद्धयाङ्गुलीः षोडश
पादं मानमिदं ब्रुवन्ति मुनयः शून्यं द्वयं चाष्टभिः ॥ १ ॥

પાયાની ઊંડાઈનું પ્રમાણ—એક હાથના પ્રાસાદને સોળ આંગળ ઊભી જમીન ખોદી પાયો નાખવો. બે ગજે બત્રીશ આંગુલ, ત્રણ ગજે ૪૮ આંગુલ અર્થાત્ બે ગજ ઊંડો, ચાર હાથને ૬૪ આંગુલ, ચાર હાથથી પચાસ હાથ સુધીના પ્રત્યેક હાથે સોળ સોળ આંગુલની વૃદ્ધિ કરવાથી ૮૦૦ આંગુલ અર્થાત્ ૩૩ હાથ—આઠ આંગળ ઊંડો પાયો ખોદવા મુનિજનોએ કહેલું છે.

**शार्दूलविक्रीडितम्**

यद्येवं शिथिला मही च तदधः पूर्तिस्ततःस्था शिला
दीर्घपाणिवसुप्रयुक्तमपि तच्छुद्धार्घ्यसंयुक्तकम् ।
शुद्धायामत एव शिल्परचने कार्या तथा पुष्पिका
प्रायः शर्करिकाख्य आलयविधौ व्याचष्ट विद्यानिधिः ॥ २ ॥

જો ભૂમિ શિથિલ = નરમ હોય અને શુદ્ધ વર્ણની હોય તો ૮૨ બ્યાશી આંગુલની ઊંડાઈ સુધી પાયો ખોદવો. નીચે શર્કરા અર્થાત્ પત્થરની કાંકરીના થરો નાખીને પાયો ભરવો. તે ઉપર ખરશિલા મુકવી. એ રીતે શિલ્પરચનાના વિષયમાં ભવનનિર્માણનો પ્રારંભ કરવો તેવું વિદ્યાનિધિએ કહેલું છે.

---

૧૯ પાયાની ઊંડાઈ કેટલી લેવી તેનું પ્રમાણ કોઈ ગ્રંથમાં હજુ સુધી જોવામાં આવેલ નથી તે અહીં સૂ. વીરપાલ કહે છે. તેણે એવું પ્રમાણ કયા પ્રદેશમાં કયા પ્રકારનું ભૂમિતળ નિશ્ચિત કરીને આપેલ હશે તે આપણે જાણતા નથી. ભૂમિ કઠણ કે નરમ, શિથિલ કે પહાડી હોય તે સ્થાનિક, પ્રાદેશિક શિલ્પિવર્ગ નિર્ણય કરી શકે. એથી સૂત્રધાર રાજસિંહે વાસ્તુસારમાં અને અપરાજિતમાં કહેલું છે કે :

पाषाणान्तं जलान्तं वा वालुकान्तं खनेद् भूमिं ॥

પાષાણવાળી ભૂમિમાં થોડી ઊંડાઈએ પાયો ખોદવો. શર્કરા-કાકરાવાળી ભૂમિ આવે ત્યાં સુધી ઊંડાઈ રાખવી. ગુજરાત જેવા રેતાળ પ્રદેશમાં વાલુ=રેતી આવે છે. ત્યાં સખત બાઝેલી રેતી આવે ત્યાં સુધી પંદરવીશ ફૂટ ઊંડો પાયો ખોદવો. અગર તો પાણી આવે ત્યાં સુધી પાયો ખોદવો. પરંતુ જળ આવવું જ જોઈએ, તેવો આગ્રહ ન રાખવો. ભૂમિ નીચે ઊંડો પાયો લેવાના બે ઉદ્દેશો છે: એક તો પાયાનું કામ ઉપરનું વજન ખમી શકે તેટલું થાય અને બીજો ઉદ્દેશ શલ્યશોધન પણ થઈ જાય. ભૂમિશુદ્ધિ શલ્યશોધનથી થાય.


"Aho Shrutgyanam"

उपजाति

क्षेत्रं विधेयं चतुरस्रकं च पूर्णं च पाददृढनिश्चलं च ।
अर्द्धासना खरशिला विधेया हस्तैकपादाङ्गुलवृद्धितश्च ॥ ३ ॥
पञ्चान्तिकं वै दशविंशहस्तमर्द्धाङ्गुलेर्वृद्धिरथो तदूर्ध्वम् ।
शतार्द्धहस्तं च तदर्धवृद्धिः स्थूला शिला चाङ्गुलविंशतिश्च ॥ ४ ॥

પ્રાસાદક્ષેત્ર ચતુષ્કોણ કરવું. તેના પાયામાં દઢ અને નિશ્ચલ ભીંતોને બરાબર પૂરી ભૂમિ તળે ખરશિલા સ્થાપન કરવી. ખરશિલાની જાડાઈનું પ્રમાણ એક હાથના પ્રાસાદને ૭ આંગુલ, બે હાથથી પાંચ હાથ સુધીના પ્રાસાદને એકેક આંગુલની વૃદ્ધિ કરવી, છથી દશ અને વીશ હાથ સુધીનાને પ્રત્યેક હાથે અર્ધા અર્ધા આંગુલની વૃદ્ધિ કરવી, તેથી વધુ પચાસ હાથ સુધીના પ્રાસાદને પ્રત્યેક હાથે ૧/૪ આંગુલની વૃદ્ધિ કરતા જવું. એ રીતે પચાસ હાથે ખરશિલાની વીશ આંગુલ સુધીની જાડાઈ થવી જોઈએ. ૩–૪

ગર્ભગૃહમાં અંદર ઉપાંગો કરવાથી ગર્ભગૃહ થોડો વિસ્તૃત થાય છે.





ગર્ભગૃહનાં અંદરનાં, ત્રણ સ્વરૂપ, ચોરસ, સુભદ્રયુક્ત, પ્રતિભદ્રયુક્ત.

ભિતીબહારના ઉપાંગોમા નીકાલાના ચાર ભેદ, ૧ સમદલ, ૨ ભાગવા, ૩ હસ્તાંગુલ, ૪ આર્યા.

### उपजाति

**भित्तमान्—**



ગર્ભગૃહના ઉદયમાં
સાડાનવ ભાગના
સ્તંભના છોડનો
ઉદયમાન

द्र(दृ)ढासनस्योर्ध्वं भिट्टं विधेयं
प्रासादके हस्तयुगाङ्गुलानाम् ।
अष्टाङ्गुलानां करपञ्चके च
पादोनसूर्याङ्गुलकं दशानाम् ॥ ५ ॥

हस्तप्रमाणं करविंशतिं च
वृद्धयाङ्गुलैका करयुग्मके च ।
शतार्द्धहस्तं तु हि पादवृद्धिर्-
जिनाङ्गुलानां च सपादयुक्तम् ॥ ६ ॥

હવે ભિટ્ટમાન કહે છે—દઢાસન અર્થાત્ ખરશિલાની ઉપર ભિટ્ટ સ્થાપન કરવું. એક હાથના પ્રાસાદને ચાર આંગુલ ઊંચું ભિટ્ટ જાણવું, બેથી પાંચ હાથ સુધીના પ્રાસાદને પ્રતિહસ્તે એકેક આંગુલની વૃદ્ધિ કરતાં પાંચ હાથને આઠ આંગુલનું ભિટ્ટમાન ઊપજે. છથી દશ હાથ સુધીનાને પ્રતિહસ્તે પોણા પોણા આંગુલની વૃદ્ધિ કરતાં દશ હાથના પ્રાસાદને પોણાબાર આંગુલ ઊંચું ભિટ્ટમાન ઊપજે. અગિયારથી વીશ હાથ સુધીનાને પ્રતિહસ્તે અર્ધા અર્ધા આંગુલની વૃદ્ધિ કરતા જવું (ત્યારે ૧૬ાા આંગુલ વીશ હાથને ઊપજે). વીશથી પચાસ હાથ સુધીના પ્રાસાદને પ્રતિહસ્તે $\frac{१}{४}$ આંગુલની વૃદ્ધિ કરતાં પચાસ હાથના પ્રાસાદને સવાચોવીશ આંગુલનું ભિટ્ટમાન ઊપજે. ૫–૬

### इन्द्रवज्रा

भिट्टोच्छ्रये मानमुशन्ति वृद्धा-
स्त्वेकद्वये वा त्रितयं तदूर्ध्वम् ।
मौक्तैकरूपं च पादोनपुष्पं
ह्रस्वं तदर्धं तृतीयं यशश्च ॥ ७ ॥

तुर्यांशकैर्हि निर्गमः क्रियेत्
चित्रविचित्रैर्विविधैश्च पुष्पैः ।
अत्रापि चोर्ध्वं रचयेद्धि पीठं
मानं भिट्टे चेदमुदीरितं बुधैः ॥ ८ ॥

ભિટ્ટના ઉદયમાનમાં વૃદ્ધજનો ત્રણ થર કરી એક પર બીજું અને ત્રીજું એ રીતે ત્રણ ભિટ્ટના થરની રચના કરે છે. પ્રથમ ભિટ્ટથી બીજું ચતુર્થાંશ ન્યૂન કરવું. ત્રીજું ભિટ્ટ પ્રથમનાથી અર્ધ પ્રમાણ કરવું. તેનાં નામો મૌક્તિક, પુષ્પક અને યશ એમ ક્રમથી ત્રણનાં ત્રણ નામો જાણવાં.

"Aho Shrutgyanam"


એ ત્રણે પ્રકારના ભિટ્ટોના પ્રત્યેકના ચતુર્થાંશ નીકાલા રાખવા. તે ભિટ્ટ ચિત્રવિચિત્ર જુદી જુદી પુષ્પાદિની રચનાથી સુશોભિત કરવા. ભિટ્ટની ઉપર પીઠની સુંદર રચના કરવી. એવું શિલ્પશાસ્ત્રના વિદ્વાનોએ કહ્યું છે. ૭–૮

**मालिनी**

**पीठमानम्—**

उदयमपि च पीठे हस्तसङ्ख्यानुकूलं
दिनयशशिकलाया अङ्गुलैश्चाष्टचन्द्रैः ।
विधुनयनकराख्यैरन्वितं मानमुक्तं
विबुधवरमुनीन्द्रै रामहस्त प्रासादे ॥ ९ ॥

सकलनिलयमानं विश्वकर्मामतेन
जिनयुग्म(ग)युतसङ्ख्या प्रोच्यते तुर्यहस्ते ।
दशद्विदशसमेता षट् च त्रिंशच्छतार्धे
युगभुवनकरैको वृद्धिरुक्ता क्रमेण ॥ १० ॥



ભીટ્ટ અને મહાપીઠના થરો

પીઠનો ઉદય હસ્તસંખ્યાથી અનુકૂળ રાખવો. એક હાથના પ્રાસાદને બાર આંગુલ ઊંચું પીઠ કરવું. બે હાથને સોળ આંગુલ, ત્રણ હાથને અઢાર આંગુલ, પીઠનું ઉદયમાન વિદ્વાન મુનીન્દ્રોએ કહેલ છે. ૯

ચાર હાથના પ્રાસાદને ૨૮ આંગુલ, પાંચથી દશ હાથના પ્રત્યેક ગજે ચાર ચાર આંગુલ વૃદ્ધિ કરવી. દશથી વીશ સુધીનાને ત્રણ ત્રણ આંગુલ, વીશથી છત્રીસને બબ્બે આંગુલ અને છત્રીશથી પચાસ હાથના પ્રાસાદને એકેક આંગુલની વૃદ્ધિ પ્રતિહસ્તે ક્રમશઃ કરતાં જવું. સર્વ પ્રકારના પ્રાસાદને પીઠનું ઉદયમાન આ જાણવું એવું શ્રી વિશ્વકર્માનું કથન છે. ૧૦

"Aho Shrutgyanam"

**शार्दूलविक्रीडितम्**

[२०]न्यूनाधिक्यभिदा स्वपञ्चमुनिभिर्मध्योत्तमा कन्यसौ
एकैकं त्रिविधं वदन्ति मुनयो मानं विधेयं त्रिभिः ।
हीने हीनफलं करोति कुमतिं वृद्धौ विनाशं स्त्रियाः
[२१]न्यूनाधिक्यमिदं च नैव सकलं विज्ञाय कार्यं नरैः ॥ ११ ॥

પીઠમાન જે કહ્યું તે મધ્યમમાન જાણવું. તેનો પાંચમો અંશ હીન કરવાથી કનિષ્ઠમાન અને પાંચમો અંશ અધિક કરવાથી જ્યેષ્ઠમાન જાણવું. એમ પીઠોદયના મુખ્ય ત્રણ ભેદ જ્યેષ્ઠ, મધ્યમ અને કનિષ્ઠ કહ્યા. હવે તે પ્રત્યેકના ત્રણ ત્રણ ભેદો કરવાથી પીઠોદયના નવ ભેદો થાય. આ નવ ભેદથી પણ જે હીન કરે તો હીન ફળની પ્રાપ્તિ થાય; અને જો વૃદ્ધિ કરે તો સ્ત્રીનાશનું અનિષ્ટ ફળ પ્રાપ્ત થાય. આ બધું જાણીને ઉદયના માન પૂર્વ રીતેથી જાણી કરીને નવ ભેદોમાંથી પણ ન્યૂનાધિક કરવું નહીં. ૧૧

**उपजाति**

भद्रं सुभद्रं कमलं विधेयं वसुन्धरा सिंहमथैव व्योम ।
खगेश-हंस-वृषभं च पीठमाधाररूपं गिरिमेखलायाः ॥ १२ ॥

---

૨૦ જ્ઞાનરત્નકોશ, દીપાર્ણવ અને ક્ષીરાર્ણવમાં પીઠમાન કહેલ હોય તેથી હીન કરવાનું કહ્યું છે. અહીં વીરપાલે કહેલા નવ ભેદના કથનનું તે સમર્થન કરે છે :

अर्धभागे त्रिभागे वा पीठं चैव नियोजयेत् ।
स्थानमानाश्रयं ज्ञात्वा तत्र दोषो न विद्यते ॥
ज्ञानरत्नकोश अने क्षीरार्णव

પીઠના આપેલ માનથી અરધા કે ત્રીજા ભાગના પીઠની યોજના સ્થાનમાનનો આશ્રય જાણીને કરવી. તે રીતે ઓછું કરવાથી દોષ ઉત્પન્ન થતો નથી. અહીં પીઠમાન દીધેલ છે તે ક્ષીરાર્ણવ અને દીપાર્ણવને મળતું છે.

૨૧ પીઠમાનના નવ ભેદ કહ્યા તેનું એક દૃષ્ટાંત માનપ્રમાણ લેવાથી સ્પષ્ટતા થઈ જાય છે. છ ગજ નવ આંગુલના પ્રાસાદનું પીઠનું મધ્યમાન ૩૯ આંગુલ આવે છે. તેનું જ્યેષ્ઠ માન ૪૬।। આંગુલ અને કનિષ્ઠ માન ૩૧ આંગુલ થાય છે. તે પરથી દૃષ્ટાંત રૂપ નવ ભેદના માનપ્રમાણ અને નામ આ નીચે આપેલાં છે :


| ભેદનામ | માપ | | | ભેદનામ | માપ | | |
|---|---|---|---|---|---|---|---|
| ભદ્ર | ૪૬।। | આં. | જ્યેષ્ઠમાન | વસુંધર | ૩૫।। | આં. | મધ્યજ્યેષ્ઠમાન |
| સુભદ્ર | ૩૯ | આં. | જ્યેષ્ઠમધ્યમાન | સિંહ | ૨૮।। | આં. | મધ્યમધ્યમાન |
| કમલ | ૩૧ | આં. | જ્યેષ્ઠકનિષ્ઠમાન | વ્યોમ | ૨૨।। | આં. | મધ્યકનિષ્ઠમાન |

| ભેદનામ | માપ | | |
|---|---|---|---|
| ગરુડ | ૨૮।। | આં. | કનિષ્ઠજ્યેષ્ઠમાન |
| હંસ | ૨૨।। | આં. | કનિષ્ઠમધ્યમાન |
| વૃષભ | ૧૮।। | આં. | કનિષ્ઠકનિષ્ઠમાન |

"Aho Shrutgyanam"

ઉપર કહેલા નવ ભેદોનાં ક્રમિક નામ કહે છે.

૧ ભદ્ર, ૨ સુભદ્ર, ૩ કમલ, ૪ વસુન્ધર, ૫ સિંહ, ૬ વ્યોમ, ૭ ગરુડ, ૮ હંસ, ૯ વૃષભ, એ નવ નામો જાણવાં. જે રીતે પર્વતને મેખલા આધારરૂપ છે, લિઙ્ગને પીઠ આધારરૂપ છે એ રીતે પ્રાસાદને પીઠ આધારરૂપ છે. ૧૨



અલંકૃત મહાપીઠ ગજાશ્વનરપીઠ પર–મંડોવરના ખુરકનો થર અને કુંભાનો અંશ

**मालिनी**

**पीठविभाग —**

उदय(म)पि च मानं भागसङ्ख्या त्रिपञ्च
उदय इह विभागैर्भाजितः पीठनन्दैः ।
कणमपि च रसांशैश्छाद्यकी भागवह्नि
स तदुपरि ग्रासवेदैर्विप्पिका ऽऽगमेकम् ॥ १३ ॥

"Aho Shrutgyanam"


रवि-दिग्-वसुभागैर्दन्तिवाजिनराणां
गजपतिगजपीठं भूमिभागे नरेशे ।
धनपतिनरपीठमश्वपीठं दिनेशे
[२२]सकलनिलयरूपं पीठहीनं न कुर्यात् ॥ १४ ॥

પીઠના થર–વિભાગ કહે છે. પીઠના ઉદયમાનમાં ૫૩–ત્રેપન ભાગ કરવા. તેમાં નવ ભાગનો જાડંબો; કર્ણિકા ૭ ભાગની; ત્રણ ભાગની છાજલી; ચાર ભાગની ગ્રાસપટ્ટી; એક ભાગની ચિપ્પિકા; બાર ભાગનું ગજપીઠ; દશ ભાગનું અશ્વપીઠ અને આઠ ભાગનું નરપીઠ કરવું. એ રીતે ત્રેપન ભાગ જાણવા. ગજપીઠ અને નરપીઠ રાજાઓના પ્રાસાદોમાં. શ્રીમંત ઠરાવે તેવા પ્રાસાદને નરપીઠ કરવું. સૂર્યના પ્રાસાદને અશ્વપીઠ કરવું. એ પ્રકારે સર્વવિધ પ્રાસાદનાં સ્વરૂપો ઇષ્ટ છે. પ્રાસાદ પીઠ વગરનો ન કરવો. ૧૩–૧૪

**शार्दूलविक्रीडितम्**

**पीठथरनिर्गम—**

जाड्यान्तं निगमं च पीठकरणे द्वाविंशतेर्भागतः
युग्मवह्नियुगं च युग्मसहितं सार्द्धद्वयं छाद्यकी
भागे सार्द्धत्रयं च तत्र कर्णिका जाड्यं तथा पञ्चभिः
हीनाधिक्यमिदं च मानमुदितं नाशः स्त्रियो वाजिनः ॥ १५ ॥




કામદપીઠ

પીઠના નીકાલા ૨૨ બાવીશ ભાગના જાડંબા સુધીના રાખવા. તેમાં ક્રમશઃ નરપીઠ નીકાલો બે ભાગ; અશ્વપીઠનો ત્રણ ભાગ; ગજપીઠનો ચાર ભાગ; છાજલીનો સાડાચાર ભાગ; કર્ણીનો સાડા ત્રણ; જાડંબાનો નીકાલો પાંચ ભાગ એ રીતે બાવીશ ભાગ પીઠનિર્ગમના જાણવા. આગળ કહેલા માનથી ઓછુંવત્તું કરવાથી સ્ત્રી અને અશ્વસંપત્તિનો નાશ થાય છે. ૧૫

---

૨૨ પીઠના પૃથક્ પૃથક્ વિભાગ વૃક્ષાર્ણવ, ક્ષીરાર્ણવ, દીપાર્ણવ અને જ્ઞાનરત્નકોશમાં આપેલા છે. આશ્ચર્ય છે કે અપરાજિતપૃચ્છા જેવા મોટા ગ્રંથમાં પીઠ વિશે ૫૬ વિભાગનો એક જ પાઠ છે. ઉપર્યુક્ત ગ્રંથમાં પીઠના પ્રકાર ત્રણ કહ્યા છે. તેના ત્રણ કે ચાર જુદા જુદા થરવિભાગના પીઠથર આપેલા છે.

૧ મહાપીઠ—ગજ, અશ્વ અને નરપીઠ સાથે કામદપીઠને મહાપીઠ કહેલ છે. નર અને ગજપીઠ સિવાય અશ્વપીઠવાળા કે અશ્વ અને નરપીઠના પીઠ કહ્યા છે. એમ ઓછાવત્તા પીઠ કરવાનું અન્ય ગ્રંથોએ કહ્યું છે. શિવના પ્રાસાદને વૃષભપીઠ અશ્વપીઠના સ્થાને વૃક્ષાર્ણવમાં કહ્યું છે. દેવીમંદિરોમાં અશ્વપીઠના સાથે રથની પંક્તિ કરે છે. વૃક્ષાર્ણવમાં ૬૧ વિભાગમાં ગજ, અશ્વ, માતૃ અને નરપીઠ એમ ચાર પીઠ કહેલ છે. માતૃપીઠના સ્થાને રથની પંક્તિ કહે છે.

"Aho Shrutgyanam"

**शार्दूलविक्रीडितम्**

**प्रासादोदयमान—**

व्यासे हस्तसुरालये तदुदये हस्तैकनागाङ्गुलं
युग्मे युग्मकरौ च मङ्गलमुनी रामैश्च तत्त्वाङ्गुलैः ।
वेदे वेदकरास्तु तत्समुदये युक्ता गुणैरङ्गुलैः
हस्ते बाणमिते सुरालय इदं( यमिदं )दीर्घे पृथुत्वे समम् ॥ १६ ॥

पञ्चोर्ध्वे दशकं करं प्रति बृहद्धस्ताङ्गुलाः षोडशं
तस्योर्ध्वे ह्युदयं च हस्तपृथुत्वं हस्तैकसूर्याङ्गुलम् ।
व्यासे त्रिंशकरे हस्त-उदयः पञ्चान्विताष्टादशः
प्रासादेऽपि शतार्द्धहस्तपृथुले हस्तैकनागाऽङ्गुलाः ॥ १७ ॥


## ઉદયમાન

| ગજ | પ્રા. તિ. | દીપાર્ણવ | ક્ષીરાર્ણવ | |
|---|---|---|---|---|
| ૧ | ૧.૮ આં. | ૧.૧ | ૧.૯ | |
| ૨ | ૨.૮ | ૨.૧ | ૨.૭ | |
| ૩ | ૩.૫ | ૩.૧ | ૩.૫ | |
| ૪ | ૪.૩ | ૪.૧ | ૪.૧ | |
| ૫ | ૫.૦ | ૫.૧ | ૫.૧ | |
| ૬ | ૫.૧૬ | ૫.૧૨ | ૫.૨૩ | |
| ૭ | ૬.૮ | ૬.૧ | ૬.૧૭ | |
| ૮ | ૭ ગજ | ૬.૧૨ | ૭.૯ | |
| ૯ | ૭.૧૬ | ૭.૧ | ૭.૧૯ | |
| ૧૦ | ૮ ૮ | ૭.૧૨ | ૮.૧ | |
| ૧૩ | ૯.૨૦ | ૯.૧ | ૧૦.૭ | ૧૫ ગજ |
| ૨૧ | ૧૩.૨૦ | ૧૨.૧૭ | ૧૨.૧૩ | ૨૦ ગજ |
| ૨૯ | ૧૭.૨૦ | ૧૬.૭ | ૧૪.૧૭ | ૨૫ ગજ |
| ૩૦ | ૧૮.૫ | ૧૬.૯ | ૧૭.૧ | ૩૦ ગજ |
| ૪૦ | ૨૧.૧૩ | ૨૦.૧૪ | ૨૧.૧૩ | ૪૦ ગજ |
| ૫૦ | ૨૪.૨૧ | ૨૪.૧૯ | ૨૫.૦ | ૫૦ ગજ |

૨ કામદપીઠ—શિલ્પિવર્ગ પાંચ થર કહે છે. તેમાં જાડંબો, કણી, અંતરાળ, છાજલી અને ગ્રાસપટ્ટીના પાંચ થરો થાય છે. કેટલાક સાંધાર પ્રાસાદમાં દ્વારકા અને શત્રુંજય આદિનાથને કામદપીઠ કરેલું જોવામાં આવે છે.

૩ કર્ણપીઠ—કર્ણપીઠમાં જાડંબો અને કણીના બે થરો છે. સામાન્ય પ્રાસાદો કે પંક્તિબદ્ધ દેવકુલિકાઓમાં આવું કર્ણપીઠ થાય છે.

"Aho Shrutgyanam"




૧૪૪ ભાગનો
મંડોવર

મેરુ મંડોવર
બે ભૂમિયો

ઉપર ૭ા ભાગના
નીચે ૧૦૮ ભાગનો

૧૬૯ ભાગનો
મંડોવર

"Aho Shrutgyanam"




ચિત્રવાળા સાંધાર પ્રાસાદનો એક છાદ્ય દ્વયંજંઘાનો બે ભૂમિનો મેરૂમંડોવર

"Aho Shrutgyanam"

પ્રાસાદ વ્યાસ રેખાયે એક હાથ હોય તો તેની ઊંચાઈ એક હાથ આઠ આંગુલ રાખવી, બે હાથનાને બે હાથ આઠ આંગુલ, ત્રણ હાથનાને ત્રણ હાથ પાંચ આંગુલ; ચાર હાથનાને ચાર હાથ ત્રણ આંગુલ; પાંચ હાથના પ્રાસાદને સમાન પ્રમાણ અર્થાત્ પાંચ હાથની ઊભણી રાખવી. પાંચથી દશ હાથના પ્રાસાદને પ્રત્યેક હાથે સોળ સોળ આંગુલની વૃદ્ધિ કરવી. અગિયારથી ઓગણીશ હાથનાને પ્રત્યેક હાથે બાર બાર આંગુલની વૃદ્ધિ કરવી. ત્રીશ હાથના પ્રાસાદની ઊભણી અઢાર હાથ ને પાંચ આંગુલની રાખવી. એકત્રીશ હાથથી પચાસ હાથ સુધીના પ્રાસાદોને પ્રત્યેક હાથે આઠ આઠ આંગુલની ઊભણીમાં વૃદ્ધિ કરતા જવું. એ રીતે પ્રાસાદનું ઉદયમાન પીઠથી છજાના મથાળા સુધીનું જાણવું. ૧૬–૧૭

पीठोर्ध्वं ह्युदयं विभज्य वसुधा यावत्तु छादया( द्या )न्तिकं
भागं वेदयुगं च चन्द्रसहितं भागे विभक्ते पुनः ।
आदौ पञ्चपदं खुरं निगदितं कुम्भस्तथा विंशतिः
तस्योर्ध्वं कलशं पदं च वसुभिः सार्द्धद्वयं पत्रिका ॥ १८ ॥

**कापोती**--

कापोती वसुमञ्चिका नववदैर्जन्घा च बाणस्त्रिभिः
तिथ्यंशैर्ननु चोद्गमस्तु भरणी नागैश्च दिक्पालिका ।
भक्तं पूर्वकपोतिकान्तरमिदं भागद्वयसार्द्धकं
[23]छादयं( द्यं ) चोर्ध्वं त्रयोदशं तु निगमं दिग्भिश्च मण्डोवरम् ॥ १९ ॥

પીઠ ઉપરથી એટલે પ્રાસાદના ભૂમિતળથી છજા સુધીની ઊભણીના આપેલ માનના ૧૪૪-એકસો ચુંમાળીસ ભાગ કરવા. તેમાં ખરો પાંચ ભાગનો, વીશ ભાગનો કુંભો, આઠ ભાગ કલશ, અઢી ભાગ અંધારી, આઠ ભાગ કપોતાલી, નવ ભાગની મચ્ચિકા, પાંત્રીશ ભાગની જંઘા ઉદય, પંદર ભાગનો દોઢિયો, આઠ ભાગની ભરણી, દશ ભાગની શિરાવટી, આઠ ભાગ કેવાળ, અઢી ભાગ અંધારી, તે ઉપર તેર ભાગનું છજું કરવું. છજાનો નીકાલો દશ ભાગ રાખવો. એ રીતે એકસો ચુમ્માલીસ ભાગનો નાગરાદિ મંડોવર જાણવો. ૧૮-૧૯

---

૨૩ અ. મૂળ પ્રાસાદની બાહ્ય ભીંતમાં ઉપર્યુક્ત મંડોવરના ઘાટ દેવરૂપાદિ થાય છે. જો આગળ ગૂઢમંડપ હોય તો તેના બાહ્ય ભાગમાં મંડોવરના ઘાટ રૂપ થાય છે. મંડોવરને સીરાવટી સાથે તેર થર છે. સીરાવટી સિવાય બાર થરના મંડોવર વિશેષ છે. તેરમી શતાબ્દીના ઠક્કુર ફેરૂના વાસ્તુસાર ગ્રંથમાં છજા પર પહારૂ—પ્રહારના થરની મંડોવરમાં ગણના કરી છે. અહીં ૧૪૪ ભાગનો મંડોવર કહ્યો છે. ૧૨૮ ભાગના, ૧૬૯ ભાગના અને ૭૫ ભાગના પણ મંડોવર કહ્યા છે.

અલ્પદ્રવ્ય વ્યય કરનારને મંચિકા ઉદ્ગમના થરો રહિત મંડોવરને જંઘારૂપ ન કરવાનું શાસ્ત્રકારોએ કહ્યુ છે.

**બ.** જંઘાના ઊભા થરમાં દેવદેવીઓ, દેવાંગનાઓ, દિક્પાલો, તાપસમુનિ, વ્યાલ આદિનાં ઊભાં સ્વરૂપો ઓછાવત્તા પ્રમાણમાં કરવાનું કહ્યુ છે. આ સર્વ મંડોવર નિરંધાર પ્રાસાદના જાણવા.


**ક.** સાંધાર પ્રાસાદોને બે જંઘા અને ૧ છજાવાળા સળંગ મંડોવર અંદર બે ભૂમિ મજલાના ઉદયના થાય છે. પહેલી જંઘા પરના ઉદ્ગમના સમસૂત્રે મંડપની અંદરના પાટ ભારવટ એક સૂત્રમાં કરવાનું કહ્યુ છે.

"Aho Shrutgyanam"

દિશાના દિક્પાલો



પૂર્વના ઇંદ્ર દક્ષિણના યમદેવ ઉત્તરના કુબેર




પશ્ચિમે વરૂણદેવ



પાતાળના અનંત
દિક્‌પાલ



ઊર્ધ્વ બ્રહ્મા




જંઘાના પાણીતારમાં
તાપસ મુનિ




જંઘામાં સ્ત્રીપુરુષ
યુગ્મ

"Aho Shrutgyanam"



અગ્નિદેવ દિક્પાલ

"Aho Shrutgyanam"





ગવાક્ષમાં વારાહ




ગવાક્ષમાં ઉર્ધ્વ તિલક શિવ


"Aho Shrutgyanam"



અંધકેશ્વર શિવ



ત્રિપુરાન્તક શિવ



નૃત્યશિવ



"Aho Shrutgyanam"

शार्दूलविक्रीडितम्

**द्वारमान —**

द्वारं चन्द्रकलाङ्गुलैस्तदुदयो हस्तैकदेवालये
युग्मे रामयुगे च हस्तनिलयवृद्धयाङ्गुलाः षोडशः ।

हस्ते भद्रपुरालये तदुदयो द्वारस्य षट् सप्तभिः
यावद्धस्तशतार्द्धकं तदुदिता वृद्धिस्तु युग्माङ्गुलाः ॥ २० ॥

એક હાથના પ્રાસાદને સોળ અંગુલ ઊંચું દ્વાર કરવું. બે, ત્રણ ને ચાર હાથના પ્રત્યેકને સોળ સોળ અંગુલની વૃદ્ધિ કરતા જવું. પાંચ હાથથી આઠ હાથ સુધીનાને ત્રણ ત્રણ અંગુલની વૃદ્ધિ કરવી. આઠ હાથના પ્રાસાદને છોંતેર અંગુલ દ્વાર ઉદયમાન થાય. નવથી પચાસ હાથના પ્રાસાદને પ્રત્યેક હાથે બબ્બે અંગુલની વૃદ્ધિ કરતા જવું. ૨૦

शार्दूलविक्रीडितम्

[२४]दीर्घार्धेन तु व्यास एव विबुधैर्व्यासकलांशाधिके ।
द्वारं विद्धि सुशोभनं च नलिनं कर्णे ह्यधो विन्यसेत् ॥

द्वारव्यासतदर्धतः समुदयेऽथोदुम्बरं शस्यते ।
कुम्भस्यार्धत्रिभागपादरहितं हीनो उदुम्बरम् ॥ २१ ॥

---

२४ અહીં દ્વારવિષયમાં સંક્ષિપ્ત કહેલું છે. ત્રિ-પંચ-સપ્ત-નવ શાખા વિષય આવશ્યક હોવાથી પૂર્તિ૩૫ અહીં પ્રસ્તુત કરું છું.

नवशाखा महेशश्च देवानां सप्तशाखिकम् ।
पंचशाखा सार्वभौमे त्रिशाखा मण्डलेश्वरम् ॥

શિવ મહેશના દેવાલયમાં નવ શાખાનું દ્વાર કરવું, સર્વ દેવને સપ્તશાખા, સાર્વભૌમ ચક્રવર્તીના મહેલને પંચશાખા, અને માંડલિક રાજાઓને ત્રિશાખાવાળું દ્વાર કરવું.


अथ त्रिशाखा–सुभगा

चतुर्भागाङ्कितं कृत्वा त्रिशाखो वर्तयेतम् ।
मध्ये द्विभागिकं रूपं स्तम्भैकनिर्गमम् ॥ १० ॥

पत्रखल्वादिभागं कोणिका स्तम्भमध्यतः ।
चतुर्थांशसपादेन द्वारपालकृतोदयम् ॥ ११ ॥


ત્રિશાખાની જાડાઈમાં ચાર ભાગ કરવા. વચલો રૂપસ્તંભ બે ભાગનો, પહોળો અને એક ભાગ નીકળતો કરવો, તેની બેઉ બાજુ પત્રશાખા અને ખલ્વશાખા એકેક ભાગની કરવી. તેની વચ્ચે એકેક ખૂણી શોભા માટે કરવી. શાખાની ઊંચાઈના ચોથા ભાગમાં સવા ભાગનો દ્વારપાળ ઊંચો કરવો.

"Aho Shrutgyanam"





પંચશાખા દ્વાર અને અર્ધચંદ્ર

"Aho Shrutgyanam"




પંચશાખા દ્વાર તળ અને અર્ધચંદ્ર

"Aho Shrutgyanam"



સમશાખાદ્વાર અને અર્ધચંદ્ર

"Aho Shrutgyanam"

દ્વારવિસ્તાર કહે છે-દ્વારની ઊંચાઈના પ્રમાણથી અર્ધ ભાગે દ્વાર પહોળું રાખવું એવું વિદ્વાનોએ કહ્યું છે. દ્વારોદયનો સોળમો અંશ વિસ્તારમાં અધિક રાખે તો દ્વાર સુંદર દેખાય છે. પ્રાસાદની કર્ણરેખા બરાબર ફરકે એવો ઉંબરો સ્થાપન કરવો.

---

### अथ पंचशाखा–मैदिनी

पत्र(त्र)शाखा च गन्धर्वा रूपस्तम्भतृतीयके ।
पुनः गन्धर्वे खल्वशाखी पञ्चशाखा विधीयते ॥ १२ ॥

પંચશાખાના જાડાઈમાં છ ભાગ કરવા. ૧ પત્રશાખા, ૨ ગન્ધર્વશાખા, ૪ મધ્યમાં રૂપસ્તંભ બે ભાગ પહોળો, ૪ ફરી ગન્ધર્વશાખા અને પાંચમી ખલ્વશાખા ( સિંહશાખા ) એ રીતે પંચશાખાની વિધિ જાણવી. રૂપસ્તંભ બે ભાગનો, બાકીની ચાર શાખા એકેક ભાગની કરવી.

### सप्तशाखा–हस्तिनी

पत्रशाखा च गन्धर्वा रूपशाखास्तृतीयकम् ।
स्तम्भशाखो भवेन्मध्ये रूपशाखा तु पञ्चमी ॥ १३ ॥

षष्ठी स्यात्खल्वशाखा च सिंहशाखा च सप्तके ।
प्रासादकर्णसंयुक्ता सिंहशाखाग्रसूत्रतः ॥ १४ ॥

સપ્તશાખાની જાડાઈમાં આઠ ભાગ કરવા. ૧ પત્રશાખા, ૨ ગન્ધર્વશાખા, ૩ રૂપશાખા, ૪ મધ્યનો રૂપસ્તંભ ( બે ભાગ ), ૫ રૂપશાખા, ૬ ખલ્વશાખા, ૭ સિંહશાખા જાણવી. પ્રત્યેક ઉપશાખા એકેક ભાગની અને મધ્યનો રૂપસ્તંભ બે ભાગનો કરવો. પ્રાસાદની રેખાકર્ણની બરાબર સમસૂત્રે ફરકે તે રીતે સિંહશાખા અને પત્રશાખા એકસૂત્રે રાખવાં.

### नवशाखा–पद्मिनि

पत्रगन्धर्वसंज्ञा च रूपस्तम्भस्तृतीयकम् ।
चतुर्थी खल्वशाखा च गन्धर्वा चैव पञ्चमी ॥ १५ ॥


रूपस्तम्भस्तथा षष्ठी रूपशाखा ततः परम् ।
पत्रशाखा च सिंहस्य मूलकर्णेन संस्थिता ॥ १६ ॥

નવશાખાની જાડાઈમાં અગિયાર ભાગ કરવા. તેમાં બે રૂપસ્તંભ બબ્બે ભાગના અને બાકીની ઉપશાખાઓ એકેક ભાગની સમજવી. ૧ પત્રશાખા, ૨ ગન્ધર્વશાખા, ૩ રૂપસ્તમ્ભ, ૪ ખલ્વશાખા, ૫ ગન્ધર્વશાખા, ૬ બીજો રૂપસ્તંભ, ૭ રૂપશાખા, ૮ ખલ્વશાખા, ૯ સિંહશાખા જાણવી. પત્રશાખા અને સિંહશાખાઓ મૂળ રેખાના સમસૂત્રે રાખવી.

અપરાજિતમાં શાખાની જાડાઈમાં આય દેવાનું કહ્યું છે. બીજા કોઇ ગ્રન્થમાં ત્રિશાખા ષષ્ઠાંશ, પંચશાખા પંચમાંશ, સપ્તશાખા ચતુર્થાંશ અને નવશાખા તૃતીયાંશ ભાગે વિસ્તારમાં રાખવાનું વિધાન છે, શાખામાં જે દેવનો પ્રાસાદ હોય તેના પ્રતિહાર દ્વારપાળનાં સ્વરૂપો યથોક્ત દિશાનાં કરવાં, વિષ્ણુ મંદિરના દ્વારશાખામાં દશાવતાર—જૈનોમાં વિદ્યાદેવીઓનાં સ્વરૂપો કરે છે. પ્રાચીન મંદિરોની શાખામાં ગંગાજમનાનાં સ્વરૂપો થતાં.

"Aho Shrutgyanam"

એક કુંભ બરાબર ઉંબરો રાખે, બીજું કુંભીથી અર્ધ ભાગે, ત્રીજું કુંભીથી ત્રીજા ભાગે, ચોથું કુંભીથી ચોથા ભાગે ઉંબરો ગાળવો ( નીચે ઉતારવો ) એમ ચાર વિધાન કહ્યાં.[૨૫]



શાખાઉદયના ચાર ભાગમાંથી સવા ભાગના શાખાના રૂપનો ઠેરો

शार्दूलविक्रीडितम्


**अर्धचन्द्र—**

दैर्ध्ये व्याससमो हि चन्द्र उदितस्त्वर्धेन विस्तारतः
अर्द्धे चन्द्र इदञ्च शङ्खकमलं शाखोदरे पादुका ।
स्थाप्यं चात्र खुरान्तिकं पुनरिदं चन्द्रस्य पीठं समं
तस्योर्ध्वे क्रियते ह्युदम्बरविधिः पूजाप्रतिष्ठादिकम् ॥ २२ ॥

---

૨૫ કુંભી ઉદમ્બર ગાળવા સંબંધમાં શિલ્પીવર્ગમાં વિવાદ છે. એક વર્ગ એવું માને છે કે ગાળવો-ઉતારવાનો હોય ત્યારે તલકડો અને કુંભીઓ પણ ઉતારવી જોઈએ-પ્રતિપક્ષ એવી માન્યતા ધરાવે છે કે कुम्भकेन समा कुम्भी स्तम्भैश्चैवोदुम्बरम् । કુંભી અને તલકડા ઉતારવા જોઈએ નહિ. શાસ્ત્રકાર તો ઉંબરો ઉતારવાનું કહે છે, પણ તેની સાથે તલકડા કે કુંભીઓ ગાળવાના ન હોય. વિવાદ મધ્યસ્થ દૃષ્ટિથી જોઈએ તો સાંધારપ્રાસાદમાં ઉંબરા સાથે કુંભી પણ નીચે ઉતારેલી કેટલાક જૂના દાખલામાં જોવામાં આવે છે. હું એમ નથી કહી શકતો કે બન્ને પક્ષ જૂઠા છે, ગ્રન્થમાં આપેલા બ્લોક નકશામાં તલકડાથી ઊંબરા ગાળેલા છે. બીજો પક્ષ તે એ માન્યતાથી ઊલટો છે. તે તો ઊંબરા સાથે તલકડા પણ નીચે ઉતારવા અને કુંભીઓ પણ ઉતારવાનું કહે છે.

"Aho Shrutgyanam"



અર્ધચંદ્ર શંખોદ્વાર

(૧) (૫૦)
એક હાથથી પચાસ હાથ સુધીના પ્રાસાદના કૂર્મ શિલામાન, ભીટ્ટપીઠમાન પ્રાસાદોદયમાન અને દ્વારોદયમાન.

| પ્રાસાદહસ્ત | દીપાર્ણવ કૂર્મમાન | પ્રાસાદતિલક કૂર્મમાન | ભીટ્ટમાન | પીઠમાન | પ્રાસાદોદય-માન ગ. આં | દ્વારોદયમાન |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૪ | ૪ | ૪ અં | ૧૨ અં | ૧·૮ | ૧૬ |
| ૨ | ૬ | ૬ | ૫ | ૧૬ | ૧-૮ | ૧-૮ |
| ૩ | ૯ | ૮ | ૬ | ૧૮ | ૩·૫ | ૨·૦ |
| ૪ | ૧૨ | ૧૦ | ૭ | ૨૮ | ૪·૩ | ૨·૧૬ |
| ૫ | ૧૨॥ | ૧૨ | ૮ | ૩૨ | ૫·૧ | ૨·૧૯ |
| ૬ | ૧૩॥ | ૧૪ | ૮॥ | ૩૬ | ૫.૧૭ | ૨·૨૨ |
| ૭ | ૧૪। | ૧૬ | ૯॥ | ૪૦ | ૬·૯ | ૩·૧ |
| ૮ | ૧૫ | ૧૮ | ૧૦। | ૪૪ | ૭·૧ | ૩·૪ |
| ૯ | ૧૫॥। | ૧૯ | ૧૧ | ૪૮ | ૭·૧૭ | ૩·૬ |
| ૧૦ | ૧૬॥ | ૨૦ | ૧૧॥। | ૫૨ | ૮·૮ | ૩·૮ |
| ૨૦ | ૨૨ | ૩૦ | ૧૬॥। | ૮૨ | ૧૩·૯ | ૪·૪ |
| ૩૦ | ૨૪॥ | ૪૦ | ૧૯। | ૧૦૨ | ૧૮·૫ | ૫·૧ |
| ૪૦ | ૨૬ | ૫૦ | ૨૧॥। | ૧૧૮ | ૨૧·૯ | ૫·૨૧ |
| ૫૦ | ૨૮॥। | ૬૦ | ૨૪। | ૧૨૮ | ૨૪·૨૧ | ૬·૧૭ |

"Aho Shrutgyanam"

દ્વારની પહોળાઈ બરાબર અર્ધચન્દ્ર ( શંખોદ્વાર ) લાંબો કરવો, તેની લંબાઈથી અર્ધ પહોળો નીકળતો રાખવો. તેમાં શંખ અને કમળપત્રાદિ કોતરવા. શાખા બરાબર બે બાજુ પદક કરવાં. અર્ધચન્દ્રના ખરાના સમસૂત્રે રાખવું. અર્ધચન્દ્ર ઉપર ઉંબરાનું સ્થાપન અને વિધિપૂર્વક પ્રતિષ્ઠાદિ કરવાં.

**उपजाति :**

**द्वारविस्तारभेद—**

सीमासु पादेन च विस्तृतं हि द्वारं युतं वै द्विगुणोच्छ्रयेण ।
विस्तीर्णमेत्रोद्रयतः पदेन युतं वरं शाखिकया समानम् ॥ २३ ॥

દ્વારવિસ્તારના ભેદ અને માન કહે છે. દ્વારની ઊંચાઈના અર્ધ ભાગે દ્વારવિસ્તાર એ એક ભેદ; દ્વારવિસ્તારમાં ચોથો ભાગ મેળવીને દ્વાર પહોળું કરવું તે બીજો ભેદ અને દ્વારોદયના ચોથો ભાગ ( અર્ધ )માં મેળવીને દ્વારવિસ્તાર કરવું તે ત્રીજો ભેદ જાણવો. એ વિસ્તાર બે શાખાના ગાળાનો જાણવો.[२६]

**इन्द्रवज्रा**

**उत्तरङ्ग—**

द्वारे द्वयं विंशविभागतश्च निम्नोच्छ्रयं भागत एव चाष्टौ ।
शेषोच्छ्रयं शाखविभागयुक्तं कुर्यात्तथा चोर्ध्वतरतः कश्च ॥ २४ ॥

**शार्दूलविक्रीडितम्**


शाखाविस्तारं( र )मानमस्तमुदयं सार्द्धं सपादोत्तरं
शाखाभागविभागगर्भरचना श्रीविश्वकर्मा कविः ।
द्वारे दीर्घविभागसप्तमुनिभी रूप( पं ) पदं चाष्टभिः
[२७]छादये( ये ) रूपविधानतश्च तिलकं नानाविधं तोरणम् ॥ २५ ॥

---

૨૬ દ્વાર આટલું પહોળું કરવાનું પ્રમાણ કોઈ ગ્રન્થમાં અમારા જોવામાં આવેલ નથી. અહીં વિશેષતા છે. સૂત્ર. વીરપાલ જેવા વિદ્વાનને કોઈ પ્રાચીન ગ્રન્થનું પ્રમાણ મળ્યું હોય. વર્તમાન કાળમાં યજમાન દ્વાર પહોળું કરાવવાનો આગ્રહ રાખે છે. તેઓને આ સપ્રમાણ છે. દૃષ્ટાંત—૭ ગજના પ્રાસાદનું દ્વારોદય ૨ ગજ ૨૨ આ પ્રમાણ થાય તેમાં અગ્ર વિસ્તાર ( અગ્રવિસ્તાર ) ૧ ગ. ૧૧ અં.નું અને અહીં આપેલ બીજો ભેદ વિસ્તારનો ચતુર્થાંશ ઉમેરતાં ૧ ગ. ૨૦ આં થાય. તેનો ત્રીજો ભેદ દ્વારોદયમાં ચતુર્થાંશ ઉમેરતાં ૨ ગ-૧૪ અં. થાય. આ વિસ્તાર પ્રમાણે આટલું મોટું એકે ગ્રન્થમાં જોવામાં આવેલ નથી. અહીં તે નવીન છે.

૨૭ અહીં ઉત્તરંગના આપેલા ૨૨ ભાગ અસ્પષ્ટ છે. દીપાર્ણવ અ. ૬માં અને જ્ઞાનરત્નકોશમાં આપેલા ૨૧ ભાગ આ રીતે છે. શાખા વિભાગ ૨॥ અઢી + તે પર ત્રણ ભાગ મધ્યમાં બેઉ તરફ રાખવા + છાજલી ।।। પોણો ભાગ + પટ્ટિકા ०।।। પોણો ભાગ ( એટલે છાજલી કુલ ૧।। ભાગ ) તે પર રથિકા ૭ ભાગ ( નીચે ઉપરની પટ્ટિકા કંઠ સહિત ) તે પર ૧ ભાગ છજ્જુ, સર્વોપરિ ઉદ્‌ગમ ઘંટા ૬ ભાગ મળીને કુલ ૨૧ ભાગનું માન પ્રાચીન મંદિરોમાં ઉત્તરંગના દૃષ્ટાંતરૂપ મળે છે.

"Aho Shrutgyanam"



દ્વારપર—ઉત્તરંગ

દ્વારના ઉત્તરંગની જાડાઈના ૨૨ ભાગ કરવા. તેનો મધ્ય ભાગ ૮ રાખવો. નીચેના ભાગની ઊંચાઈ શાખા–પ્રશાખા જેટલી રાખવી. બાકીના ઉપરના અર્ધ ભાગમાં ( છાજલી વગેરે ) રાખવી. દ્વારની શાખા–પ્રશાખા વિસ્તાર–પૃથુમાન–ઉત્તરંગમાં સવા-દોઢ ભાગ, ઉદયમાં શાખાના ભાગ-વિભાગ-યુક્ત ગર્ભરચના કરવી. એવું શિલ્પજ્ઞ વિશ્વકર્મા કહે છે. દ્વાર ઉપર ઉત્તરંગના સાત ભાગ શાખા-પ્રશાખામાં માલાધર આદિ ) રૂપ ભાગ આઠ અને ઉપર સાત ભાગ ( દોઢિયા, ઘંટા, ગ્રાસાદિ ) એ રીતે ઉત્તરંગના ઉદયના બાવીશ ભાગ થયા. છાદિકાની ઉપર રૂપપદવિધાન પર નાનાવિધ તિલક અને તોરણાદિ નિર્માણ કરવા. ૨૫

**शार्दूलविक्रीडितम्**

**भित्तिमान्—**

प्रासादे त्वथ पञ्चमांशपृथुला भित्तिः पदे चैष्टके ।
काष्टं कर्म रसैस्तु सप्त रजतो देवालये वा गृहे ॥
शेषं गर्भगृहस्य भूमिरचना त्वर्धे पदे त्र्युम्बरे
निम्ना भूश्च सुरालयस्य पुरतः शस्तं गृहं चोच्चूयम् ॥ २६ ॥

"Aho Shrutgyanam"

પ્રાસાદ રેખાયે હોય તે વિસ્તારના પાંચમા ભાગની પાષાણની ભીંતની જાડાઈ રાખવી. ઈંટના પ્રાસાદને ચોથા ભાગની ભીંતો કરવી. કાષ્ઠનાને છઠ્ઠા ભાગની. ચાંદી ધાતુના પ્રાસાદને સાતમે ભાગે ભીંતો જાડી કરવી. બાકી રહ્યો તે ગર્ભગૃહ જાણવો. ઉંબરાની ઊંચાઈના અર્ધ કે ત્રીજા ભાગે ગર્ભગૃહનું ભૂમિતળિયું ઊંચું રાખવું. પ્રાસાદના આગળના ભાગે ( મંડપ અને ચોકી ઉત્તરોત્તર ) પ્રમાણથી નીચાં રાખવાં. ૨૬

**उपजातिः**

**मंडोवरस्तम्भ–समन्वय—**

[२८]कुम्भी शिरस्तुल्यमुदुम्बरस्य स्तम्भस्य मानं ह्युद्गमतुल्यमुक्तम्
भरणी भरण्यश्च कपोतशीर्षैः छाद्ये समाना पट्टपिण्डवृद्धिः ॥ २७ ॥

મંડોવરના થરવાળાના કુંભા–કુંભી એક સૂત્રમાં રાખવા...સ્તંભ અને ઉદ્‌ગમ દોઢિયા એકસૂત્રમાં; ભરણી બરાબર ભરણું એકસૂત્રમાં; કપોત અંતરાળ એ સરાના એકસૂત્રમાં રાખવા. પાદ અને છજું એકસૂત્રમાં રાખવાં. એ રીતે ( નિરંધાર ) પ્રાસાદના થરવાળા અને સ્તંભના છોડનો સમન્વય જાણવો. ૨૭

---

૨૮ अपराजित, क्षीरार्णव, ज्ञानरत्नकोश અને दीपार्णवમાં

कुम्भी तु कुम्भके ज्ञेया स्तम्भो ज्ञेयो तथोद्गमम् ।
भरण्या भरणी ज्ञेया कपोताली तथा शिरः ॥ ५३ ॥


कूटछाद्यं पट्टसममर्द्धोदये करोटकः—दीपार्णव अ. ५

નિરંધાર પ્રાસાદને આ ગ્રંથનું પ્રમાણ દીપાર્ણવાદિ ગ્રંથોમાં મંડોવર સ્તંભના સમન્વયને મળતા પ્રમાણ પ્રમાણે છે. સાંધાર પ્રાસાદ વિષે અહીં કહેલ નથી. તેના સમન્વય જુદા હોય છે. અંદરના સ્તંભ, છાડ અને બહારના મોટા મેરુ મંડોવરના સમન્વય નીચે પ્રમાણે—

प्रासादोदयो भवेद्यत्र इदं मानं तु कथ्यते ।
सभ्रमे महाऋषे उदयं च अतः श्रुतु ॥ २७ ॥
कुंम्भि उदुम्बरान्ते च स्तम्भ शिरं च जंङ्घयो.
पट्टं च उद्गमान्तेन शेषभूमि विराजिते ॥ २८ ॥
प्रथमं कूटछाद्यं च उद्गमं छाद्यकीसमम् ।
द्वितीयातृतीयाभूमिपट्टं वै छाद्यकीसमौ ॥ २९ ॥
छाद्यान्ततेमादि पट्टउद्गमोदरसमम् ।
निर्दोषे तद्गवेद्यास्तु पादपट्टं तु छाद्यके ॥ ३० ॥

સાંધાર પ્રાસાદના ઉદય મેરુમંડોવરના થરમાન અને ભૂમિમજલા સંબંધમાં કહ્યું છે. સભ્રમ પ્રાસાદના મંડોવરના થરના સાથે, હે મહાઋષિ, અંદરના સ્તંભોના છોડના ઉદય સમન્વય વિશે હવે સાંભળો. સાંધાર પ્રાસાદની કુંભી અને ઊંબરા એકસૂત્રમાં રાખવાં. સ્તંભ ભરણસરા જંઘામાં સમાવવા. પાટઉદ્‌ગમ દોઢિયાના થરમાં મેળવવા. બાકી ઉપરની જાણવી. પહેલું કૂટછાદ્યના પાટ દોઢિયાની છાજલીના સમસૂત્રમાં રાખવાં. બીજી અને ત્રીજી ભૂમિમાં પણ પાટછાજલી સમસૂત્રે રાખવાં. ઉપરના છજા બરાબર પાટ એકસૂત્રમાં રાખવાં. પરંતુ વચલી ભૂમિમાં પાટ દોઢિયાના ઉદરમાં સમાવવાં.

"Aho Shrutgyanam"




મંડોવર અને સ્તંભના છોડનો સમન્વય

**स्तम्भस्वरूप—** **इन्द्रवज्रा**

[२९]रुद्राभिधानं चतुरस्रकञ्च भद्रं तथा चैव सुभद्रयुक्तम् ।
संवर्धमानप्रतिभद्रयुक्तं स्तम्भा गजांशैर्गजस्वस्तिकाश्च ॥ २८ ॥

સ્તંભના સ્વરૂપ અને તેના નામાભિધાન—ચોરસ સ્તંભને રુદ્ર, ભદ્રવાળા સ્તંભને સુભદ્ર, પ્રતિભદ્રવાળા સ્તંભને સંવર્ધમાન અને અષ્ટકોણ સ્તંભને ગજ અથવા સ્વસ્તિક નામ કહ્યું છે.

**शार्दूलविक्रीडितम्**

**स्तम्भमानप्रमाण—**

प्रासादोऽपि दशांशकं पृथुलं रुद्रांशकं भद्रकं
व्यासे हस्तसुरालये च पृथुलं सूर्यांशकं स्तम्भकम् ।
विश्वोश( विश्वेशो )निलयं वदन्ति विबुधाः शक्रांशकं पञ्चमं
[३०]व्यासे दीर्घचतुर्गुणश्च सकलः स्तम्भस्तु कार्यो बुधैः ॥ २९ ॥

સ્તમ્ભમાન પ્રમાણ

| ગજ | ક્ષીરા | દીપાર્ણવ | પ્રા.તિ. | ગજ | ક્ષીરા | દીપાર્ણવ | પ્રા.તિ. |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૪ | ૪ | ૪ | ૧૫ | ૩૦॥ | ૨૭ | ૨૭ |
| ૨ | ૬ | ૭ | ૬ | ૨૦ | ૩૩ | ૩૨ | ૩૨ |
| ૩ | ૯ | ૯ | ૮ | ૨૫ | ૪૧ | ૩૭ | ૩૭ |
| ૪ | ૧૧ | ૧૨ | ૧૨ | ૩૦ | ૪૬ | ૪૨ | ૪૪ |
| ૫ | ૧૩ | ૧૩॥ | ૧૩॥ | ૩૫ | ૫૧ | ૪૪॥ | ૪૫॥ |
| ૬ | ૧૫ | ૧૫ | ૧૫ | ૪૦ | ૫૬ | ૪૭ | ૪૮ |
| ૭ | ૧૭ | ૧૬॥ | ૧૬॥ | ૪૫ | ૫૯॥ | ૪૯॥ | ૫૦॥ |
| ૮ | ૧૯ | ૧૮ | ૧૮ | ૫૦ | ૬૩॥ | ૫૨ | ૫૩ |
| ૯ | ૨૧ | ૧૯॥ | ૧૯॥ | | | | |
| ૧૦ | ૨૩ | ૨૧ | ૨૧ | | | | |
| ૧૧ | ૨૫ | ૨૨॥ | ૨૨॥ | | | | |
| ૧૨ | ૨૭ | ૨૪ | ૨૪ | | | | |

૨૯ અન્ય ગ્રંથોમા સ્તંભના આકાર અને નામાભિધાન—

| | સ્તંભઆકાર | ચોરસ | ભદ્ર | પ્રતિભદ્ર | અષ્ટાંશ | સોળાંશ | બત્રીશાંશ | વૃત |
|---|---|---|---|---|---|---|---|---|
| ગ્રંથોનાં નામ | પ્રાસાદ તિલક | રુદ્ર | સુભદ્ર | સંવર્ધન | સ્વસ્તિક | — | — | — |
| | ક્ષીરાર્ણવ અપરાજિત | રુચક | ભદ્રજા | વર્ધમાન | અષ્ટાંશ્ર | — | — | — |
| | મત્સ્યપુરાણ | રુચક | — | — | વજ્રક | દ્વિવજ્રક | પ્રથિલક | વૃત |
| | માનસાર | બ્રહ્મકાંત | — | — | વિષ્ણુકાંત | રુદ્રકાન્ત | સ્કંધકાન્ત | — |

એક સ્તંભમાં ચોરસ અષ્ટાંશ ગોળ વચમાં ઘટપલ્લવ આદિ અનેક પ્રકારથી અલંકૃત રૂપવાળા થાય છે.

૩૦ વ્યાસથી ચતુર્ગુણ સ્તંભ દીર્ઘનું પ્રમાણ ઈંટના જેવું સ્થૂળ છે. ઉપરના જે પાંચ પ્રમાણો આપેલા છે તે પાષાણના સ્તંભના સમજવાં. જુદાં પ્રમાણ દેવાનો હેતુ વાસ્તુદ્રવ્યની દૃઢતા પર આધારિત રહે છે. પોરબંદર, ધ્રાંગધ્રા, જોધપુરી.પત્થર માર્બલ વગેરે દ્રવ્યો પર આધાર રાખે છે.


"Aho Shrutgyanam"

પ્રાસાદોના સ્તંભની જાડાઈનું પ્રમાણ કહે છે. પ્રાસાદ રેખાએ વિસ્તાર હોય તેના દશાંશ અથવા એકાદશાંશ સ્તંભની જાડાઈનું પ્રમાણ રાખવાથી તે ભદ્રનો સ્તંભ જાણવો. ( ભદ્રસ્તંભ થાય છે. ) પ્રાસાદમાનના બારમા, તેરમા અને ચૌદમા ભાગે સ્તંભની જાડાઈ રાખવી. એ રીતે પાંચ પ્રકારે સ્તંભની જાડાઈનું પ્રમાણ કહ્યું. સ્તંભની જાડાઈથી ચાર ગણી લંબાઈ ( ઈંટ કામમાં ) રાખવી. એવું વિદ્વજ્જનો કહે છે ( પણ તે સ્થૂળમાન છે ) ૨૯

**शार्दूलविक्रीडितम्**

केचिद् हस्तसुरालये च पृथुलः कार्यस्तु वेदाङ्गुलः ।
युग्मे त्वत्र रसाङ्गुलो हि विबुधैः रामे च नागाङ्गुलः ॥
वेदे तत्र च सुरालये च कथितः स्तम्भश्च सूर्याङ्गुलः ।
इ(उ)च्छ्रायश्च(च)तुर्गुणो निगदितः स्तम्भश्च शाखासमः ॥ ३० ॥

हस्ते सूर्य्यमिते ततः प्रतिकरं वृद्धिस्तु सार्धाङ्गुला ।
द्वात्रिंशत्करसम्मिते प्रतिकरे त्वेकाङ्गुला प्रोच्यते ॥
तस्योर्ध्वं च शतार्द्धकं हि पृथुलश्चार्धाङ्गुलो हस्तके ।
कार्या शिल्पिवरेण स्तम्भरचना देवालयादौ क्रमात् ॥ ३१ ॥




સ્તંભના સ્વરૂપ અને નામાભિધાન

સ્તમ્ભની જાડાઈનું માન કહે છે. એક હાથના પ્રાસાદને સ્તંભ ચાર આંગળ જાડો રાખવો. બે હાથને છ આંગુલ, ત્રણ હાથ ને આંઠ આંગુલ, ચાર હાથ ને બાર આંગુલ સ્તંભ જાડો કરવો. સ્તંભવ્યાસથી સ્તંભની ઊંચાઈ ચાર ગણી રાખવી. ( સ્થૂળમાન ઈંટો જેવડું છે ). સ્તંભ શાખા સમાન જેટલા માપનો રાખવો. ૩૦

ચારથી બાર હાથ સુધીનાને પ્રતિહસ્તે દોઢ દોઢ આંગુલની વૃદ્ધિ કરવી. બારથી બત્રીસ હાથ સુધીના પ્રાસાદને પ્રતિહસ્તે એકેક આંગુલની વૃદ્ધિ કરવી. બત્રીસથી પચાસ હાથ સુધીના પ્રાસાદને પ્રત્યેક હસ્તે અર્ધા અર્ધા આંગુલની વૃદ્ધિ કરવી. દેવપ્રાસાદ અને રાજમહેલ આદિનું પણ આ ક્રમથી સમજવું. ૩૧

**शार्दूलविक्रीडितम्**

स्तम्भोऽष्टास्र सुवृत(त्त)भद्रसहितो रूपेण चालङ्कृतो
युक्तः पल्लवकैस्तथा भरणकं स्याताल्लवैः संवृतम् ।
कुम्भी भद्रयुता कुमारसहितं शीर्षं तथा किन्नराः
पत्रं चेति गृहे न शोभनमिदं प्रासादके शस्यते ॥ ३२ ॥


"Aho Shrutgyanam"

इति सूत्रधारवीरपालविरचिते वास्तुशास्त्रे(वेडायां) प्रासादतिलके भीट्ट-पीठ-मण्डोवर-द्वार-भित्तिः-स्तम्भ-प्रमाणाधिकारे तृतीयोऽध्यायः ॥ ३ ॥


સ્તંભના છોડની રચના-સ્તંભ અષ્ટાંશ ગોળ ભદ્ર આદિથી કરવો. તેને રૂપથી અલંકૃત કરવો. ઘટ્ટ પલ્લવથી શોભતા સ્તંભો, પત્રાકાર, આચ્છાદિત ભરણું, કુંભી ભદ્રની રચનાવાળી, સરામાં કુમાર, કિન્નર કે કીચકના રૂપવાળા (રૂપો) કરવાં. આવા સ્તંભો દેવમંદિર કે રાજ-ભવનમાં કરવાનું કહ્યું છે. પરંતુ સામાન્ય ઘરોમાં તેવા અલંકૃત સ્તંભો કરવા નહીં. ૩૨

ઈતિ સૂત્રધાર વીરપાલે રચેલ પ્રાસાદતિલક ગ્રંથમાં ભીટ પીઠ મંડોવરદ્વાર ભિત્તિ સ્તંભ આદિના પ્રમાણાધિકારનો સ્થપતિ પ્રભાશંકર ઓઘડભાઈ સોમપુરાએ કરેલ ગુજરાતી અનુવાદ સહિતનો ત્રીજો અધ્યાય.


"Aho Shrutgyanam"




દ્વાર, રૂપવાલા સ્તંભછોડ મદલ તોરણ સાથે




રૂપવાળો સ્તંભ




ઘાટવાળો સ્તંભ

"Aho Shrutgyanam"




ઘટપલ્લવયુક્ત સ્તંભનો સંપૂર્ણ છોડ




ઈલિકા તોરણ

"Aho Shrutgyanam"



ગવાક્ષકા તોરણ



હીંડોલક તોરણ

"Aho Shrutgyanam"

# चतुर्थोऽध्यायः

**इन्द्रवज्रा**

**देवतापदस्थापन —**

प्रासादगर्भस्य दलं विधेयं द्वाराग्रखण्डं परिवर्जनीयम् ।
अन्यद् दलं पञ्चविभागयुक्तं तस्मिन्विधेयानि निजासनानि ॥ १ ॥
यक्षादयश्च प्रथमे विभागे द्वितीयभागे खलु देवतानाम् ।
स्कन्दार्कविष्णुश्च जिनस्तृतीये तुर्ये विरिञ्चिः शिवपञ्चमान्तः ॥ २ ॥

[31]પ્રાસાદના ગર્ભગૃહના બે ભાગ કરી તેમાં દ્વારની તરફનો આગલો ભાગ તજી દેવો. બાકી પાછલી ભીંત તરફના અર્ધ ભાગમાં પાંચ ભાગ કરવા. તેમાં ક્રમશઃ અધિષ્ઠાયક દેવોનાં આસન કરવાં. ભીંતની તરફ પહેલા ભાગમાં યક્ષાદિનું સ્થાન; બીજામાં ઇન્દ્રાદિ દેવોનું, ત્રીજામાં કાર્તિકસ્વામી, સૂર્ય, વિષ્ણુ અને જિન તીર્થંકરનું આસન, ચોથામાં બ્રહ્મા અને અંતમાં પાંચમા વિભાગમાં શિવનું આસન કરવું. ગર્ભગૃહની મધ્યમાં શિવલિંગની સ્થાપના કરવી.

**उपजातिः**

**देवतापदस्थान द्वितीयमान–**

गर्भार्द्धव्यासे वसुयुग्मभागे पदं विधेयं खलु देवतानाम् ।
आदौ विदध्याच्च शिवस्य लिङ्गं हिरण्यगर्भश्च द्वितीयभागे ॥ ३ ॥
वह्नौ विभागे नकुलीशरूपं सावित्रिका चैव युगस्वरूपे ।
अतः परं तत्त्वविभाग रुद्रः षड्वक्त्रकः षष्ठविभागके च ॥ ४ ॥
नगे विधाता वसु वासुदेवो जनार्दनो नन्दपदे तथैव ।
दिशासु विश्वे भवभागवह्निर्भानो रविर्विश्वपदे च दुर्गा ॥ ५ ॥
इन्द्रांशके विघ्नविनायकश्च ततो ग्रहाश्चन्द्रकलांशमाताः ।
गणास्तत्र सप्तदशे विभागे पदे पुराणे खलु भैरवश्च ॥ ६ ॥

---

31 પ્રાસાદમણ્ડન, વિવેકવિલાસ અને ઠક્કુર ફેરુ, વત્થુસારસૂત્ર વીરપાલના મતનું સમર્થન કરે છે. દેવતામૂર્તિ પ્રકરણમાં પૃથક્ રીતે ગર્ભગૃહના ૪૯ વિભાગો કરેલા છે. વાસ્તુરાજ અને સમરાઙ્ગણસૂત્રધાર દશ વિભાગ કહે છે. ક્ષીરાર્ણવ અને દીપાર્ણવ અહીં આપેલા શ્લોક ૩-૬ પ્રમાણે ૨૮ વિભાગ કહે છે. અહીં પાંચ વિભાગમાં એક પ્રશ્ન ઊભો થાય છે કે વીરપાલ "આસન" શબ્દ મૂકે છે. એટલે તેના પીઠ = સિંહાસન = પબાસણના નિકાળાની મર્યાદા એમ થાય. દેવના પદસ્થાપન = તે જ ભાગમાં દેવને બેસારવા એવો નહિ પરંતુ ૨૮ ભાગ, ૪૯ ભાગ જેવા સૂક્ષ્મ ભાગ જ્યાં કહ્યા છે ત્યાં દેવતા સ્થાપન બેસારવાનું પ્રમાણ જાણવું એવો મારો નમ્ર અભિપ્રાય છે. જિન તીર્થંકરના સંબંધમાં સ્પષ્ટ કહેલ છે પરંતુ તે વ્યવહારમાં જોવામાં આવતું નથી. જો તે પ્રમાણે બેસારવામાં આવે તો પાછળ પ્રદક્ષિણા થાય તેટલી જગ્યા રહેવી જોઈએ. જો કે બ્રહ્મા અને વિષ્ણુ મૂર્તિઓ જ્યાં જ્યાં શાસ્ત્રીય પદ્ધતિએ નિર્માણ કરેલા પ્રાસાદોમાં હોય છે ત્યાં ત્યાં તે રીતે પ્રદક્ષિણા પાછળ થાય તેટલી જગ્યા હોય છે જ.

"Aho Shrutgyanam"

## દેવતાપદસ્થાપનવિભાગ પૃથક્ પૃથક્ ગ્રંથોના મતમતાન્તરનું કોષ્ટક

| ક્રમ ભાગ | ૧ ક્ષીરાર્ણવ ૨ દીપાર્ણવ ૩ જ્ઞાનરત્નકોશ ૪ અપરાજિત ૫ પ્રાસાદતિલક | સમરાઙ્ગણ સૂત્રધારનો મત ભીંતથી દશ ભાગ | પ્રાસાદતિલક વસ્તુસાર વિવેક વિલાસ ભીંતથી ભાગ પાંચ ભાગ | દેવતામૂર્તિ-પ્રકરણ મયમતમ્ ૪૯ ભાગ |
|---|---|---|---|---|
| ૨૮ | ૦ | ૧ ૦ | | ૨૬ પિશાચાંશ — માતૃકા યક્ષ ગન્ધર્વ રાક્ષસ ભૂતાદિ |
| ૨૭ | પિશાચ | | | |
| ૨૬ | ભૂત, વૈતાલ | | | |
| ૨૫ | રાક્ષસ | ૨ રાક્ષસ | ૧ યક્ષગન્ધર્વ ક્ષેત્રપાલ | |
| ૨૪ | દૈત્ય | | | |
| ૨૩ | અઘોર | | | |
| ૨૨ | ભૃગુ ઘોર | ૩ દૈત્ય | | |
| ૨૧ | હનુમંત | | | |
| ૨૦ | યક્ષરાજ | | | |
| ૧૯ | ક્ષેત્રપાલ | ૪ ગંધર્વ | ૨ દેવો અને દેવીઓ | |
| ૧૮ | ભૈરવ | | | |
| ૧૭ | ગણ | | | |
| ૧૬ | માતૃકા, લક્ષ્મી, સર્વ દેવીઓ | ૫ યક્ષ | | |
| ૧૫ | ગ્રહો | | | માનુષાંશ ૨૪ ભાગ — સર્વદેવ સ્થાપન |
| ૧૪ | ગણેશ, લક્ષ્મી, વિતરાગ | | | |
| ૧૩ | જિન દુર્ગા, લક્ષ્મી | ૬ સૂર્ય | ૩ કૃષ્ણ, જિન સૂર્ય કાર્તિક | |
| ૧૨ | સૂર્ય | | | |
| ૧૧ | અગ્નિ | | | |
| ૧૦ | વિશ્વરૂપ, ઉમા, લક્ષ્મી | ૭ ચણ્ડી | | |
| ૯ | જનાર્દન પદ્માસનમાં, ઊભી વિષ્ણુ મૂર્તિ | | | |
| ૮ | વાસુદેવ શેષશાયી, દશાવતાર, શંકર, ઉમા | ૮ વિષ્ણુ | ૪ બ્રહ્મા | |
| ૭ | બ્રહ્મા, સરસ્વતી, સાવિત્રી, હિરણ્યગર્ભ, મિશ્ર યુગ્મમૂર્તિ | ૯ બ્રહ્મા | | બ્રહ્માંશ ૪ — બ્રહ્મા વિષ્ણુ સ્થાપન |
| ૬ | કાર્તિકસ્વામી | | | |
| ૫ | રુદ્ર, અર્ધનારીશ્વર | ૧૦ શિવલોક મધ્યમાં | ૫ શિવલિંગ મધ્યમાં | |
| ૪ | સાવિત્રી | | | |
| ૩ | નકુલીશ | | | |
| ૨ | હેમગર્ભ, શાલિગ્રામ, બ્રહ્મા | | | |
| ૧ | શિવલિંગ મધ્યમાં | | | |

સ્થૂળ કથન છે.

पटाधो यक्षभूताद्याः पटाग्रे सर्वदेवताः ।
तदग्रे वैष्णवब्रह्मा मध्ये लिङ्गं शिवस्य च ॥ प्रासादमण्डन अ. ७.

ગર્ભગૃહના અર્ધ ભાગમાં ૨૮ વિભાગ કરી તેમાં નિશ્ચયપૂર્વક દેવતાઓનું પદસ્થાપન રાખવું. મધ્યમાં પહેલા ભાગમા શિવલિઙ્ગ, બીજામાં બ્રહ્મા અને શાલિગ્રામ, ત્રીજામાં નકુલિશ, ચોથામાં સાવિત્રી, પાંચમાં વિભાગમાં રુદ્રમૂર્તિ, છઠ્ઠામાં સ્કંદ-કાર્તિક, સાતમામાં બ્રહ્મા, આઠમા ભાગે વાસુદેવ, નવમા ભાગે જનાર્દન, દશમા ભાગે વિશ્વદેવ, અગિયારમાં ભાગે અગ્નિ, બારમા ભાગે સૂર્ય, તેરમા ભાગે દુર્ગા, ચૌદમે વિઘ્નવિનાયક, પંદરમા ભાગે નવગ્રહ, સોળમે માતૃકા **સત્તર**મા ભાગે ગણ, અઢારમા ભાગે ભૈરવની સ્થાપના કરવી. ૩-૬

**उपजातिः**

नवेन्दुभागे त्वथ क्षेत्रपालस्तथो(था हि)विंशे किल यक्षराजः ।
कपीन्द्रराजो हि पदेऽधिके स्याद् द्वाविंशभागे भृगुघोररूपः ॥ ७ ॥
रामे च युग्मे खलु शङ्करश्च युगेऽधिके युग्मपदे च दैत्यः ।
भूताधिके विंशपदे तु राक्षसः पिशाच उक्तः किल रामयुग्मः ॥ ८ ॥
ततोऽधिकेशे प्रवदन्ति भूतं शून्यं हि शेषं पदमुच्यते च ।
निजे पदे शिल्पविदां निधेयो नान्यत्र भागे भयमस्ति तत्र ॥ ९ ॥

ઓગણીશમા ભાગે ક્ષેત્રપાલ, વીશમે ભાગે યક્ષરાજ, એકવીસમાં ભાગે હનુમાન, બાવીસમા ભાગે ઘોરરૂપ ભૃગુ, ત્રેવીસમા ભાગે શંકરમૂર્તિ, ચોવીસમા ભાગે દૈત્ય, પચ્ચીસમા ભાગે રાક્ષસ, છવ્વીસમે પિશાચ, સત્તાવીસમે ભૂત–એક દેવયોનિના ભેદ અને અઠ્ઠાવીશમો ભાગ શૂન્ય જાણવો જે દેવનો જે વિભાગે દેવપદસ્થાપન કહ્યા હોય ત્યાં શિલ્પશાસ્ત્રીએ તે પધારાવવા. યોગ્ય સ્થાન પર દેવસ્થાપન ન કરે તો ભય ઉપજાવે. ૭-૯.

**शार्दूलविक्रीडितम्**

[३१]विष्णुस्थानगतं वराहजलजं शैलेन्द्रपुत्री च गीः
सावित्री खलु मध्यभागनियता सर्वे [च] लक्ष्मी शुभाः ॥
स्थाने विघ्नविनायके निजगदे श्रीवीतरागो जिनः ।
देवी मण्डल मातृका च कथिता मध्ये च नान्या स्थिता ॥ १० ॥

---

મંડનના આ સ્થૂલ સૂચનો શિલ્પી વર્ગ વ્યવહારમાં મૂકે છે એવું મને લાગે છે. જો કે અન્ય સર્વ ગ્રંથોમાં જિન તીર્થંકરનાં પદસ્થાન કહેલ છે પણ તે વ્યવહારમાં જોવામાં આવતાં નથી.

ઉત્તર ભારતનાં શિવાલયોમાં લિઙ્ગ ગર્ભગૃહના મધ્યમાં નહીં પરંતુ ગર્ભગૃહના ઈશાન કોણમાં જોવામાં આવે છે. કાશીમાં તે આ રીતે જ છે.

૩૨ દેવતાપદસ્થાપનનાં અહીં બે પ્રમાણો આપેલાં છે, પરંતુ દેવતાદૃષ્ટિપદસ્થાપનનો વિષય આ ગ્રંથમાં લુપ્ત થએલ છે. દેવદૃષ્ટિપદ સંબંધમાં પૃથક્ પૃથક્ ગ્રંથોમાં ભિન્ન ભિન્ન વિભાગ કહેલ છે. તેમાં એકસૂત્રતા મળતી નથી. દીપાર્ણવના દ્વારોદયના બત્રીશ ભાગ દૃષ્ટિપદના કહ્યા છે. અપરાજિતમાં ચોસઠ વિભાગ. ઠક્કુર ફેરુએ વાસ્તુસારમાં દશ ભાગ. દિગમ્બરાચાર્ય વસુનન્દીએ નવ ભાગ દેવદૃષ્ટિપદના કહ્યા છે. એ ચારે ગ્રંથોના મતાનુસાર , જિનદેવની દૃષ્ટિ જોતાં નવ આંગુલથી બાવીસ આંગુલ જેટલો ફરક આવે છે. આથી સર્વમાન્ય એવું દ્વારોદયના અષ્ટભાગનું સૂત્ર અમુક હેવો માટે ઠીક છે.

द्वारोच्छ्रयोऽष्टधा भक्तं ऊर्ध्वभागं परित्यजेत् ।
सप्तमाष्टमे सप्तभागे दृष्टिसूत्रसुशोभनम् ॥ वृक्षार्णव

દ્વારોદયના આઠ ભાગ કરી ઉપરનો એક ભાગ છોડી દેવો. સાતમા ભાગના ફરી આઠ ભાગ કરી તેમાં સાતમા ભાગે દેવદૃષ્ટિ રાખવી. અર્થાત્ દ્વારોદયના ૬૪ ભાગ કરીને પંચાવનમે ભાગે દૃષ્ટિ રાખવી.

"Aho Shrutgyanam"

**उपजातिः**

विष्णोर्विभागे हरिशंकरौ च ।
गिरीश्वरो रुद्रविभाग उक्तः ॥
ब्रह्मा स्थितस्तत्र च मिश्रमूर्ति(:) ।
हरेर्हरस्यापि प्रकल्पनीया ॥ ११ ॥

વિષ્ણુના પદસ્થાનમાં વરાહ અને જળશાયી, દુર્ગાના સ્થાનમાં સરસ્વતી, મધ્ય ભાગમાં સાવિત્રી અને લક્ષ્મીની સ્થાપના સર્વ વિભાગમાં શુભ કહેલ છે. વિઘ્નવિનાયકના સ્થાને વીતરાગ જિન, માતૃકાના સ્થાને દેવીમંડળની સ્થાપના કરવી. પરંતુ અન્યની સ્થાપના ત્યાં ન કરવી; વિષ્ણુ વિભાગમાં હરિ અને શંકરની મૂર્તિ, બ્રહ્માજીના પદમાં હરિહરની મિશ્રમૂર્તિ અને રુદ્રના વિભાગે ગૌરીશંકર કે અર્ધનારીશ્વરની સ્થાપનાનું અન્ય ગ્રંથોમાં કહ્યું છે. ૧૦-૧૧.

**उपजातिः**

**देववाहन**

प्रासादगर्भं च सपादसार्द्धं पदं विहाय प्रतिमूलसूत्रे ।
सुरप्रमाणेन स्ववाहनानि दृष्टिं च कुर्यात्कटिजानुपादम् ॥ १२ ॥

પ્રાસાદના ગર્ભગૃહના પદથી સવાયા કે દોઢા વિભાગ તજીને દેવની પ્રતિમાના પ્રમાણથી દેવવાહનની સ્થાપના કરવી. દેવવાહનની ઊંચાઈ એ રીતે કરવી કે વાહનની દૃષ્ટિ દેવની પ્રતિમાના કટિ ભાગ, જાનુ ભાગ અથવા પાદ ભાગ પર રહે. [૩૩a] ૧૨.

**शार्दूलविक्रीडितम्**

**एकमुखशिवायतन—**

शम्भुर्मध्यगतश्च तत्र भवने वामे गणानां पतिः ।
याम्येऽगेन्द्रसुता ततो दिनमणिर्नैर्ऋत्यभागे स्थितः ॥
वायव्ये च जनार्दनो धनपतिः स्थाप्यस्तथा पश्चिमे ।
सौम्ये शान्तिग्रहं तथा निगदितं मातृस्तथा दक्षिणे ॥ १३ ॥

| | | |
|---|---|---|
| सूर्य | कुबेर<br>जळशायी | जनार्दन |
| मातृगण | एकमुख<br>शिव | शान्तिग्रह |
| पार्वती | | गणेश |
| | पूर्व | |

—इत्येकमुख-शिवायतनम्

એક મુખ શિવાયતનમાં દેવસ્થાપનનો ક્રમ કહે છે.—મધ્યમાં શિવ, ડાબી તરફ ગણેશ, જમણી તરફ પાર્વતી, નૈઋત્યમાં સૂર્ય, વાયવ્યમાં જનાર્દન, પશ્ચિમે કુબેર, સોમ અન્ય અને જળશાયી, ઉત્તરે શાન્તિગ્રહ અને દક્ષિણે માતૃકા આ ક્રમે સ્થાપના કરવી. ૧૩

---

૩૩a દેવવાહનસ્થાન માટે રાજસ્થાન અને દ્રવિડ પ્રદેશોમાં પ્રાસાદના આગળના ભાગમાં ચોકી અગર મંડપો કરેલા જોવામાં આવે છે. દીપાર્ણવે અ. ૩માં કહ્યું છે કે—


"Aho Shrutgyanam"

### शार्दूलविक्रीडितम्

**चतुर्मुख-शिवायतन—**

मध्ये शम्भुरिनश्च वह्निदिशि वै विघ्नेशयुङ् निर्ऋतिः ।
वायव्ये नगनन्दिनी दिशि ततश्चेशे तु विष्णुः स्मृतः ॥
इत्थं सूर्य-गणेश-विष्णु-गिरिजा व्याघ्राम्बराणां पृथक् ।
तत् पञ्चायतनानि पञ्च विबुधमुख्यं तु मध्ये न्यसेत् ॥ १४ ॥

—इति चतुर्मुख-शिवायतनम्





ચતુર્મુખ શિવાયતનમાં મધ્યે શિવ, અગ્નિ કોણમાં સૂર્ય, નૈઋર્ત્યમાં ગણપતિ, વાયવ્યમાં દુર્ગા-પાર્વતી અને ઈશાનમાં વિષ્ણુની સ્થાપના કરવી. એ પ્રકારે ક્રમે સૂર્ય, ગણેશ, પાર્વતી અને વિષ્ણુ અને મધ્યમાં શંકરની સ્થાપના થાય. શિવપંચાયતનોનાં પૃથક્ પૃથક્ પંચાયતનોનાં નિર્માણ થાય. પંચાયતનમાં મુખ્ય દેવતાની મધ્યમાં સ્થાપના થાય છે.

### शार्दूलविक्रीडितम्

**दुर्गायतन—**

चण्डी शम्भुविनायकौ निगदितावादित्यविष्णूस्तथा ।
शक्तिर्मध्यगता तथाग्निदिशि वै शम्भुः क्रमोऽयं स्मृतः ॥
स्वस्वस्थानगते सुरे च नियतं सौख्यं भवेन्नान्यथा ।




દુર્ગાના આયતનમાં દુર્ગા મધ્યમાં સ્થાપન થાય. તેના ક્રમથી શિવ અગ્નિ કોણમાં, નૈઋર્ત્ય કોણમાં ગણેશ, વાયવ્ય કોણમાં સૂર્ય અને ઈશાન કોણમાં વિષ્ણુની સ્થાપના કહેલા ક્રમે કરવી. જે દેવનું જે સ્થાન કહ્યું હોય ત્યાં જ તે દેવની સ્થાપના કરવી. એથી સુખ પ્રાપ્ત થાય છે. કહેલા ક્રમથી વિરુદ્ધ કરવાથી વિપરીત ફળની પ્રાપ્તિ થાય છે.

---

व्योम वृषभः सिंहश्च गरुडो हंस एव च ।
एक द्वि त्रि चतुः पञ्च रससप्तपदान्तरे ॥ ३४ ॥

દેવના વાહન વિમાન, વૃષભ, સિંહ, ગરુડ કે હંસનું સ્થાન પ્રાસાદથી એક, બે, ત્રણ, ચાર, પાંચ, છ કે સાત પદ છેટે કરવું.

"Aho Shrutgyanam"

**सूर्यायतन—**

कर्तव्ये ग्रहसद्मनि ज्वलनदिग् भौमश्च मध्ये रविः ॥ १५ ॥
राहू राक्षसकोणके सुरगुरुः ख्यातस्तथा दक्षिणे ।
कर्तव्यो भृगुनन्दनस्त्वपरगः केतुग्रहो मारुते ॥
ईशे मन्द उदाहृतः पुनरसौ प्राच्यां शशी चन्द्रमाः ।
सौम्ये चैव क्रमो नवग्रहगृहे विद्वद्भिरुक्तः पुनः ॥ १६ ॥

| | | पश्चिम | | |
|---|---|---|---|---|
| | राहु | शुक्र | केतु | |
| दक्षिण | बृहस्पति | सूर्य | बुध | उत्तर |
| | मंगल | चंद्र | शनि | |
| | | पूर्व | | |

નવગ્રહના આયતનમાં મધ્યમાં સૂર્ય, આગ્નેય કોણમાં મંગળ, નૈઋત્યમાં રાહુ, દક્ષિણમાં બૃહસ્પતિ, પશ્ચિમે શુક્ર, વાયવ્યમાં કેતુ, ઈશાનમાં શનિ અને પૂર્વમાં ચંદ્ર, ઉત્તર દિશામાં બુધની સ્થાપના કરવી. વિદ્વાનોએ નવગ્રહની સ્થાપનાનો ક્રમ સૂર્યાયતનમાં એ પ્રકારે કહ્યો છે. ૧૬

**उपजातिः**

**ब्रह्मायतन—**

मध्ये विरिञ्चिर्गणेशोऽग्निकोणे ।
स्यान्मातृगेहे दिशि दक्षिणे स्यात् ॥
नैर्ऋत्यकोणे च पुरन्दरस्य ।
वरुणाधिनाथे जलशायिनश्च ॥ १७ ॥
उमेशयोर्मारुतकोणके तु ।
ग्रहास्तथैवोत्तर दिग्विभागे ॥
ईशे रमा प्राग् धरणीधरश्च
स्वस्थानसंस्था( : )सुखदो( दा ) हि देव( वाः ) ॥ १८ ॥

| | | पश्चिम | | |
|---|---|---|---|---|
| | इन्द्र | जलशायि | उमा महेश | |
| दक्षिण | मातृगण | ब्रह्मा | नवग्रह | उत्तर |
| | गणेश | धरणीधर | लक्ष्मी | |
| | | पूर्व | | |

બ્રહ્માયતનમાં મધ્યે બ્રહ્મા, અગ્નિ કોણમાં ગણેશ, દક્ષિણે માતૃગણ, નૈઋર્ત્યમાં ઇન્દ્ર, પશ્ચિમે જળશાયિન્, વાયવ્યે ઉમામહેશ્વર, ઉત્તર દિશામાં નવગ્રહ, ઈશાનમાં લક્ષ્મી અને પૂર્વમાં ધરણીધરની સ્થાપના કરવી. પોતપોતાના સ્થાનમાં દેવ પધરાવવાથી સુખની પ્રાપ્તિ થાય છે. ૧૮-૧૯

"Aho Shrutgyanam"

### उपजातिः

**वासुदेवायतन—**

मध्ये विदध्यात्किल वासुदेवं
विनायकं वह्निदिशा( शो ) विभागे ।
भानुगृहं निर्ऋतिकोणके तु ॥
याम्ये तथा मातृगृहं तु कुर्यात् ॥ १९ ॥

ब्रह्मासने मारुतकोणमध्ये
जलेशयो वारुणदेशसंस्थः ।
नटेश्वरं चोत्तरदिग्विदध्याद् ।
उमामहेशौ खलु चेशकोणे ॥ २० ॥

पश्चिम

| | | |
|---|---|---|
| सूर्य | जलशायी | ब्रह्मा |
| मातृका | वासुदेव<br>विष्णु | नटराज |
| गणेश | | उमामहेश |

पूर्व

વાસુદેવાયતનમાં મધ્યે વાસુદેવ, આગ્નેય કોણમાં વિનાયક, નૈઋત્યમાં સૂર્ય, દક્ષિણે માતૃકા, વાયવ્યમાં બ્રહ્મા, પશ્ચિમે જળશાયી ઉત્તરમાં નટેશ્વર અને ઈશાનમાં ઉમામહેશની સ્થાપના કરવી. ૧૯–૨૦

### शार्दूलविक्रीडितम्

**देवतादिङ्मुख—**


प्राची वक्त्र शिवालयः शुभकरः प्रत्यङ्मुखः शस्यते[33b]
न( ना )टेशं वरुणे वदन्ति विबुधाश्च च( श्च )ण्डीश्वरौ चोत्तरे ।
वह्नौ युग्मस्वरूपमेव गदितमीशे च नारीश्वरं
प्राच्यां नन्दिमहेश्वरावपि तथा मातृर्यमं नैर्ऋते ॥ २१ ॥

स्थाप्यो मारुतकोणके षण्मुखो दन्तैक नागाननः ।
ईशे देव नवायनं सुखकरं लोकेशं( श )चण्डौ तथा ॥
अन्यदै( दै )वतदृष्टिमार्गपरतस्त्याज्यं पुरं सन्मुखं ।
वह्नेर्भीतिकरं शिवस्य परतो ग्रामस्य ध्वंसस्तथा ॥ २२ ॥

---

33b વિશ્વકર્માપ્રણીત દીપાર્ણવ ગ્રંથના સાતમા અધ્યાયમાં દેવતા દિક્મુખ વિશેષમાં દિશાઓના દેવોને કયા મુખના બેસારવા તે સ્પષ્ટ કહેલ છે. તેમાં વિદિશાના દેવોમાં ફક્ત નૈઋત્ય કોણ સન્મુખ હનુમંત અને અગિયાર રુદ્રનાં સ્વરૂપો બેસારવાનું કહે છે. બીજા દેવો પૂર્વાદિ દિશાઓના કહ્યા છે. બાણલિંગ, રાજલિંગ, મુખલિંગ, હોમ, યજ્ઞશાલા, જિન, બ્રહ્મા અને શિવ–એ ચાર દ્વારનાં ચાર મુખના અને દ્વિજરાજ ને રૈવત, વિષ્ણુ, સૂર્ય, સ્કંદ, ઇંદ્ર, અગ્નિ–એ સર્વ પૂર્વમુખના અને પશ્ચિમ મુખના

"Aho Shrutgyanam"




દેવતા દિઙ્મુખ કહે છે: શિવાલય પૂર્વ કે પશ્ચિમ મુખનું શુભકર અને પ્રશસ્ત છે. પશ્ચિમે નટરાજ મૂર્તિ, ઉતરમાં ચંડી અને મહેશ્વર, અગ્નિકોણમાં યુગલમૂર્તિ, ઈશાનમાં અર્ધનારીશ્વર રૂપ, પૂર્વમાં નંદિમહેશ્વર, નૈઋત્યમાં માતૃકા અને ધર્મરાજ યમની સ્થાપના કરવી, એવું શિલ્પ-શાસ્ત્રના વિદ્વાનો કહે છે. વાયવ્ય કોણમાં કાર્તિકેય (સ્કંદ) તથા ઈશાનમાં એકદન્ત=ગજાનન લોકેશ અને ચંડીની સ્થાપના કરવી. દેવોનાં નવાયતન સુખ દેનારાં જાણવાં. પૂર્વે કહેલા દેવતા-ઓથી અન્ય દેવોની સ્થાપના જો નગરના બહારના ભાગમાં કરવી હોય તો એ દેવોની દૃષ્ટિ નગરના સન્મુખ રાખવી નહીં. અગ્નિકોણમાં શિવાલયનું મુખ હોય અથવા શિવાલય નગરથી ઊલટા મુખે હોય તો તે ભય દેનાર અને નગરનો નાશ કરે છે. ૨૧–૨૨

**इन्द्रवज्रा**

**त्रिपुरुषस्थापन—**

**मध्ये शिवो वामगतो हरिश्चेद्**
**याम्ये विरिञ्चिस्तु तथार्थलाभः ।**
**हानि प्रजाया यदि मध्यविष्णुः**
**स्वस्थानब्रह्मा पशुपश्च वामे ॥ २३ ॥**

**शार्दूलविक्रीडितम्**

**मध्ये शम्भुर्हरिश्च दक्षिणदिशि वामे विरिञ्चिस्तथा**
**द्वारिद्यं रिपुवर्धनं न हि सुखं देशभङ्गः प्रकोपः ।**
**मध्ये ब्रह्मा हरिश्च दक्षिणदिशि वामे तथा रुद्रकः**
**संहारः सुखवर्जितं धनहरः स्वल्पवृष्टिश्च मेघः ॥ २४ ॥**

---

જાણવા. ગણેશ, નાગેશ, ક્ષેત્રપાળ, ભૈરવ, કુબેર, ગંધર્વ, ગ્રહો, માતૃગણ, નકુલીશ, અઘોર, પિતૃ, ચંડીશ, યક્ષ–એ દક્ષિણ મુખના બેસારવા. દૈત્ય, રાક્ષસ, ભૂત, પ્રેત, પિશાચ એવા ક્ષુદ્ર દેવદેવીઓ દક્ષિણ મુખે બેસારવા. અષ્ટ દિક્પાલો પોતપોતાની દિશાના અધિપતિ પૂર્વાદિ ક્રમે કહ્યા. જિન દેવના પ્રાસાદો શહેરમાં ઉત્તર, દક્ષિણ, પૂર્વ અને પશ્ચિમ–એ ચારે દિશામાંથી ગમે તે દિશાના મુખે બેસારવા તેમાં દોષ નથી.

"Aho Shrutgyanam"

ત્રિપુરુષપ્રાસાદમાં દેવસ્થાપનનું શુભાશુભ ફળ

| | | | |
|---|---|---|---|
| विष्णु | शिव | ब्रह्मा | शुभलाभ |
| रुद्र | विष्णु | ब्रह्मा | अशुभ |
| ब्रह्मा | शिव | विष्णु | दारिद्य |
| शिव | ब्रह्मा | विष्णु | धननाश |

ત્રિપુરુષપ્રાસાદમાં મધ્યમાં શિવ, ડાબી તરફ વિષ્ણુ અને જમણી તરફ બ્રહ્માની સ્થાપના કરવાથી અર્થલાભનું શુભ ફળ મળે છે. મધ્યમાં વિષ્ણુ, જમણી તરફ બ્રહ્મા અને ડાબી તરફ શિવની સ્થાપના કરવાથી પ્રજાહાનિનું અશુભ ફળ પ્રાપ્ત થાય છે. ૨૩. જો મધ્યમાં શિવ, જમણી તરફ વિષ્ણુ અને ડાબી તરફ બ્રહ્માની સ્થાપના કરે તો દારિદ્ર, શત્રુવૃદ્ધિ, સુખનાશ, રાષ્ટ્રભંગ અને રોગના પ્રકોપનું અનિષ્ટ ફળદાતા જાણવું. જો મધ્યમાં બ્રહ્મા, જમણી તરફ વિષ્ણુ અને ડાબી તરફ શિવની સ્થાપના કરે તો સંહાર, સુખહાનિ, લક્ષ્મીનાશ અને મેઘની અલ્પ વૃષ્ટિથી દુકાન અનિષ્ટ ફળદાતા જાણવું. ૨૪.

**उपजातिः**

**लिङ्गपञ्चसूत्र—**

लिङ्गपरिधिपृथुमूलसूत्रम्
ततो द्वितीयं पृथुपीठिकायाः
ब्रह्मा च विष्णुस्त्वथ शङ्करात्तम्
उदयं त्रिभागं तृतीयञ्च सूत्रम् ॥ २५ ॥
[३४]चतुर्थकं लिङ्ग प्रणालमग्रं
यत्पञ्चमं लिङ्गशिरोऽन्तसूत्रम्
न्यूनाधिके हानिकरं प्रजायते
प्रतापवृद्धिः सम एव सूत्रे ॥ २६ ॥

લિઙ્ગ પંચસૂત્ર કહે છેઃ–લિઙ્ગની ફરતી ગોળ પરિધિનું સૂત્ર એ પ્રથમ સૂત્ર; પીઠિકા = જળધારીની પહોળાઈ એ બીજું સૂત્ર; લિઙ્ગના પીઠિકાસમેત ઉદય તેમાં ત્રણ ભાગ થાય છે. નીચેનો ચોરસ ભાગ બ્રહ્માભાગ, તે પર જળાધારીમાં પ્રવિષ્ટ અષ્ટાંશ ભાગ વિષ્ણુભાગ અને પીઠ પર ગોળ લિઙ્ગ પૂજાભાગ એ ત્રણ ભાગ એ ત્રણે મળીને ત્રીજું સૂત્ર. લિઙ્ગથી પરનાળના અગ્રભાગ સુધીની લંબાઇનું ચોથું સૂત્ર અને પીઠિકા જળાધારી ઉપર લિઙ્ગોચ્છ્રયથી ફરી પીઠિકા સુધીનું સૂત્ર એ પાંચમું સૂત્ર. એ સર્વ સરખાં હોવાં જોઈએ. સરખાં હોય તો પ્રતાપવૃદ્ધિ થાય છે. ઓછાં વત્તાં સૂત્ર થાય તો તેથી નુકસાન થાય છે. ( આ પંચસૂત્ર રાજલિઙ્ગ ને વિશે યોગ્યતાવાળું જાણવું. ) ૨૫-૨૬.


---

૩૪ અહીં શિવલિઙ્ગ જળાધારીની પ્રનાલ વિશે કહ્યું, પરંતુ પ્રાસાદની પ્રનાલના સ્થાને આ પ્રનાલ રાખવી જોઈએ, તેથી સર્વ દેવના પ્રાસાદની પ્રનાલ વિચાર ( વિશે ) કહે છે :

पूर्वापरास्यप्रासादनालं सौम्ये प्रकल्पयेत् ।
तत्पूर्वे याम्यसौम्यास्ये मण्डपा वामदक्षिणे ॥ वास्तुमञ्जरी

પૂર્વ અને પશ્ચિમ મુખના પ્રાસાદને ઉત્તરે પ્રનાલ કરવી. ઉત્તર-દક્ષિણના પ્રાસાદને પ્રનાલ પૂર્વ દિશામાં રાખવી. મંડપને ડાબી-જમણી તરફ પ્રનાલ રાખવી.

"Aho Shrutgyanam"



પ્રાસાદના પ્રનાલનું મકરમુખ

"Aho Shrutgyanam"

**शार्दूलविक्रीडितम्**

कुर्यान्नन्दविभागपीठपृथुलं वह्नि( ह्नी )शयुग्मान्तरम् ।
तस्यान्ते कृतमेखला शशिपदे भागैकभागत्रयम् ॥
भागे चैव सपादसार्द्ध जलजमादौ च मध्यान्तयोः ।
ऊर्ध्वं नन्दविभाग ईश उमया रामेशरागाङ्गना ॥ २७ ॥

પીઠ=જળાધારીની પહોળાઈના નવ ભાગમાં વચ્ચેના ત્રણ ભાગમાં શિવલિઙ્ગ સ્થાપનના અને બે બાજુ ત્રણ ત્રણ ભાગમાં એક ભાગની મેખલા (પટ્ટી) અને બે ભાગ જળમાર્ગ કરવો. મેખલાના એક ભાગમાં તેના એક ભાગ, સવા ભાગ, દોઢ ભાગ પ્રમાણથી જળાધારીને મેખલા કરવી. પ્રનાલના આરંભ, મધ્ય અને અંતમાં ક્રમાંક હીન કરવા. લિઙ્ગની ઊંચાઈના નવ ભાગમાં ઉપરના ત્રણ ભાગમાં ગોળશંકર=પૂજાભાગ અને નીચેના છ ભાગ ઉમાપીઠમાં સ્થાપિત કરવા. ૨૭ (અહીં બાણુલિઙ્ગ નહિ પરંતુ રાજલિઙ્ગ વિશે જાણવું.)

**उपजातिः**

दीर्घप्रमाणं किल वह्निभागं
तदग्रव्यासस्तु तदर्द्ध एव ।
प्रणालभागत्रितयं तु कुर्याद्
मध्यैकभागे हि जलस्य मार्गः ॥ २८ ॥

પ્રનાલની લંબાઈ–જળાધારીના વ્યાસના ત્રીજા ભાગની નીકળતી રાખવી. તે પ્રનાલની લંબાઈના ત્રણ ભાગ કરીને તેના ત્રીજા ભાગે વચ્ચે પાણી જવાનો જળમાર્ગ કરવો. ૨૮

**उपजातिः**

**लिङ्गप्रवेशविधि—**

लिङ्गप्रवेशो यदि द्वारमध्ये
स्वदेशभङ्गो न हि राजवृद्धि(ः) ।
पृष्टप्रवेशं न करोति लिङ्गं
खातं च कुर्यान्न हि याम्यभागे ॥ २९ ॥

**इन्द्रवज्रा**

याम्याश्रितं स्वामीविनाशहेतु
लिङ्गप्रवेशो द्विविधो बुधैश्च
आकाशमार्गे कृतरन्ध्रमध्यं
प्रासाद अर्धे च ततो द्वितीयः ॥ ३० ॥

**उपजातिः**

स्वदेशसौख्यं धनराज्यवृद्धिः
स्वर्गे सुखं स्वामी तथा करोति ।
धर्मस्य वृद्धिर्बहुधा प्रजायते
त्यजन्ति रोगाः पशुपुत्रलाभः ॥ ३१ ॥

"Aho Shrutgyanam"

इति सूत्रधारवीरपालविरचिते वास्तुशास्त्रे (बेडाया) प्रासादतिलके देवपदस्थापन-पञ्चायतन-लिङ्गपञ्चसूत्र-लिङ्गप्रवेश-देवतादिङ्मुखादिर्नाम लक्षणाधिकारे चतुर्थोऽध्यायः ॥ ४ ॥

લિઙ્ગપ્રવેશવિધિ[૩૫]–શિવપ્રાસાદના દ્વારમાંથી બાણુલિઙ્ગનો પ્રવેશ કરાવવાથી સ્વદેશ-ભઙ્ગ અને રાજ્યસમૃદ્ધિનો નાશ થાય છે. પ્રાસાદના પૃષ્ઠ ભાગથી લિઙ્ગપ્રવેશ ઇષ્ટ નથી. દક્ષિણ દિશામાં જળાધારીનો જળમાર્ગ રાખવો નહિ. જો દક્ષિણે જળમાર્ગ રાખે તો સ્વામિવિનાશનું નિમિત્ત જાણવું. લિઙ્ગપ્રવેશ બે પ્રકારે કરવાનું વિદ્વાનોએ કહ્યું છે. પહેલા પ્રકારે આકાશમાર્ગે અર્થાત્ શિખરના શુકનાસમાંથી, ગર્ભગૃહના (ઘુમ્મટમાંથી) કરોટકમાંથી, લિઙ્ગ નીચે ઉતારવું. બીજો પ્રકાર અર્ધ પ્રાસાદથી, ઉત્તરંગ ઉપરથી, લિઙ્ગપ્રવેશ ગર્ભગૃહમાં કરાવવો. એ રીતે પ્રાસાદનો વિધિથી શિવલિઙ્ગપ્રવેશ પ્રતિષ્ઠા કરાવવાથી સ્વદેશમાં સુખવૃદ્ધિ, ધનસમૃદ્ધિ, રાજ્યવૃદ્ધિ, ઇન્દ્રસમાન સ્વર્ગીય સુખનો ઉપભોગ અને અનેક પ્રકારે ધર્મની વૃદ્ધિ, રોગનષ્ટતા અને પશુપુત્ર આદિનો લાભ થાય છે. ૨૯–૩૧

ઇતિ સૂત્રધાર વીરપાલે રચેલો વાસ્તુશાસ્ત્રનો (બેડાયા) પ્રાસાદતિલક ગ્રંથનો દેવપદ-સ્થાપન, પંચાયતન, લિઙ્ગપઞ્ચસૂત્ર, લિઙ્ગપ્રવેશાદિ, દેવતાદિઙ્મુખાદિ નામ લક્ષણનો સ્થપતિ પ્રભાશંકર ઓઘડભાઈ સોમપુરાએ કરેલ ચતુર્થ અધ્યાયનો ગુજરાતી અનુવાદ પૂર્ણ થયો. ૪.

---

૩૫ લિઙ્ગપ્રવેશ દ્વારમાંથી કદી ન કરાવવો તેમ કહે છે, પરંતુ આ સૂત્ર બાણલિઙ્ગને લાગુ પડતું હોવાની માન્યતા છે. કહેલાં પવિત્ર સ્થળોએથી પ્રાપ્ત કરેલ બાણલિઙ્ગની વિધિવિધાન અધિવાસ પ્રતિમંડપમાં કરી મંદિરના ઉત્તરંગ ઉપરથી કે શિખરના શુકનાસમાંથી બાણલિઙ્ગ પ્રવેશ કરાવી રેશમી વસ્ત્ર બાંધી ઉપરથી નીચે ઉતારવું. આ વિધિ બાણલિઙ્ગને માટે છે, પરંતુ ઘટિત લિઙ્ગ, રાજલિઙ્ગને આ સૂત્ર લાગુ પડતું નહિ હોય. જો કે તેનો શાસ્ત્રીય પાઠ હજુ જોવા આવેલ નથી. રાજલિઙ્ગ મોટું અને વજનદાર હોય છે. તેને સંકડાશમાં ઉપર ચડાવવાનું અને ઉતારવાનું બહુ મુશ્કેલ થાય. આથી રાજ લિઙ્ગની અધિવાસન, સ્નપનવિધિ અમુક ગર્ભગૃહમાં દ્વારમાંથી લાવી વિધિવિધાન ગર્ભગૃહમાં કરવાથી કોઈ દોષ લાગે નહિ એવી માન્યતા છે.

ચાર હાથ સુધીના શિવમંદિરને શિવાલય કહેવું અને ચાર હાથથી ઉપરના પ્રમાણના શિવાલયને પ્રાસાદ કહેવો.

# प्रासादतिलक

## ग्रन्थपूर्ति

॥ १ ॥

॥ अथ जगती ॥

प्रासादो लिङ्गमित्युक्तं जगती पीठमेव च ।
प्रासादं कारयेत्तस्यानुरूपः (पो) जगत्यो(त्या)मपि ॥ १ ॥

प्रासादात्त्रिचतुःपञ्चगुणेति जगती त्रिधा ।
ज्येष्ठादिषु क्रमाद्योज्या त्रिधैक्यभ्रमसंयुता ॥ २ ॥

षट्सप्तति जिनगृहे द्वारिकां पुरुषत्रये ।
दैर्ध्ये (र्ध्यैः) सपादा सार्द्धा च द्विगुणा मण्डपक्रमात् ॥ ३ ॥

प्रासादेककरान्तर्द्धे त्र्यंशे द्वात्रिंशदन्तके ।
उच्चा युगांशा द्वात्रिंशे भूतांशोऽच्चा तदर्द्धके ॥ ४ ॥


सृष्ट्या कर्णेषु दिक्पालैः प्रासादद्वारमण्डपैः ।
सोपानैस्तोरणैर्युक्ता चतुर्दिक्षु प्रनालकैः ॥ ५ ॥

वास्तुमञ्जरी ॥ २ ॥

પ્રાસાદને શિવલિઙ્ગસ્વરૂપ માની જળાધારી રૂપ જગતી જાણવી. પ્રાસાદના અઙ્ગોપાઙ્ગ જેવું જગતીનું રૂપ કરવું. પ્રાસાદથી ત્રણ ગણી, ચારગણી, પાંચગણી વિસ્તારમાં જગતી કરવી, તે અનુક્રમે જ્યેષ્ઠા, મધ્યમા અને કનિષ્ઠા જાણવી. કનિષ્ઠમાનને એક, મધ્યમાનને બે, અને જ્યેષ્ઠમાનની જગતીને ત્રણ ભ્રમણી કરવી.

ત્રિપુરુષ = બ્રહ્મા, વિષ્ણુ અને રુદ્રના પ્રસાદને; જિનાયતનોને; ચોસઠ યોગિની કે પંચાયતન પ્રાસાદોને છ કે સાત ગણી જગતી વિસ્તારમાં કરવી. લંબાઈમાં સવાઈ, દોઢી કે બમણી જગતી મંડપને કરવી. જગતીની ઊંચાઈ એક હાથથી બાર હાથ સુધીના પ્રાસાદને તેના વિસ્તારમાથી અરધા માપની રાખવી. તેરથી બાવીશ હાથ સુધીના પ્રસાદને ગજે ગજના તૃતીયાંશ = આઠ આંગુલની વૃદ્ધિ પ્રતિહસ્તે કરવી. ત્રેવીશથી બત્રીશ હાથના પ્રાસાદોને પ્રત્યેક ગજે છ છ આંગુલની વૃદ્ધિ કરવી. તેત્રીશથી પચાસ હાથના પ્રાસાદને ગજના પંચમાશ (૪ાા-) આંગુલની વૃદ્ધિ પ્રતિ હસ્તે જગતી ઉદયમાનમાં કરવી. જગતીના ખૂણાએ સૃષ્ટિમાર્ગે દિક્પાલોનાં સ્વરૂપો કરવાં. જગતીના ઉદયમાં ચડવાને દ્વાર અને આગળ નીચે વામન નામનો મુખમંડપ કરવો. જગતી પર ચડવાને પગથિયાંની પંક્તિ કરવી. જગતીમથાળે ચારે તરફ ઢાળ કરી પ્રનાલ મૂકવી. १-५

"Aho Shrutgyanam"





જગતી ઉદયમાનમાં થરવિભાગમાં દ્વાર ઉપર કક્ષાસન અને પીઠ

"Aho Shrutgyanam"

शुण्डिकासने विज्ञेया तत्पदे गण्डविस्तरम् ।
द्वितीयं तत्समं ज्ञेयं शुण्डिकोभय(तः) स्थिताः ॥ ६ ॥
भद्रनिर्गमतुल्यं तु जगतीगण्डनिर्गमं ।
द्वितीयं तत्समं कार्यं प्रतिहारास्तदग्रतः ॥ ७ ॥

क्षीरार्णव ॥ १०१ ॥

પગથિયાંની બે બાજુ હાથણી-હાથીની સૂંઢની આકૃતિની—ચોથા ભાગે પહેલી ગંડસ્થળ=હાથણી કરવી. બીજી પણ તેના જેવડી બે બાજુ કરવી. ભદ્રના નીકાળા જેટલો હાથણીનો નીકાળો રાખવો. બીજીનો પણ તેટલો જ રાખવો. પગથિયાંની બે બાજુ હાથણીની આગળ ઊભાં મોટાં પ્રાતહારોનાં સ્વરૂપો કરવાં. ૬–૭





ચતુર્મુખ, ફરતી દેવકુલિકાઓ, ચાર મહાધર, ચાર મેઘનાદમંડપ, ચાર મંડપ
અને ચાર બલાણક એ સર્વની વિશાળ જગા

"Aho Shrutgyanam"

बलाणकजगत्योर्ध्वेऽग्रे प्रस्तवामन नामतः ।
जगत्योपरि मत्तवारणः सन्मुखो वामदक्षिणे ॥ ८ ॥
राजसेनश्चतुर्भाग वेदिका सप्तभागोच्छ्रित्(ता) ।
द्विपदं चासनपट्टं कक्षासन करोन्नतम् ॥ ९ ॥

क्षीरार्णव ॥

જગતીની ઉપર આગળ નીકળતું અને જગતીના ઉદયમાં સમાય તેટલી ઊંચાઈના મંડપને તે પર 'વામન' નામનો બલાણક કહ્યો છે. જગતીની બે બાજુએ અને સન્મુખ મત્તવારણુ = કક્ષાસન કરવા. તેમાં નીચેનો રાજસેનક ચાર ભાગ, તે ઉપર વેદિકા સાત ભાગ અને બે ભાગનું આસનપટ્ટ (કુલ ૧૩ ભાગ) મત્તવારણુ કરવું. આસનપટ્ટ પર એક હાથ ઊંચું લીલાસન = કક્ષાસન (ઢળતું) કરવું. ૮–૯




મત્તવારણુ—૧૩ ભાગ ઉદય

॥ इति जगती लक्षण ॥

"Aho Shrutgyanam"

॥ १ ॥

॥ देवताद्दष्टिपदस्थापन ॥

उच्छ्रयं द्वात्रिंशद्भागं द्वारमानं विशेषतः ।
अधस्तेः अष्टभागं च शिवस्थानं च निश्चलम् ॥ १ ॥

हरश्च दशमे भागे द्वादशे जलशायिनं ।
मातरस्य द्वयाधिक्यैर्यक्षः षोडशान्विते ॥ २ ॥

अष्टादशैव कर्तव्यं उमारुद्रश्रिया हरिः ।
विंशमे ब्रह्मयुग्मं च तत्र दुर्गा अगस्त्यादयः ॥ ३ ॥

एवं विधेयं प्रकर्तव्या नारदादि मुनीश्वराः ।
एकविंशे भवेल्लक्ष्मीः चतुर्विंशे सरस्वती ॥ ४ ॥

पञ्चविंशे जिनस्थानं षड्विंशे च( चा )न्द्रमेव च ।
ब्रह्मा विष्णुस्तथारुद्रः सूर्यश्च सप्तविंशतिः ॥ ५ ॥

भैरवश्चण्डिकाश्चैव एकोनत्रिंशदंशके ।
तत्पदं च परं शून्यं भूतप्रेतादिराक्षसाः ॥ ६ ॥

क्षीरार्णव


ગર્ભગૃહના દ્વારની ઊંચાઈના બત્રીશ ભાગ કરવા. તેમાં નીચેથી આઠ ભાગ શિવલિઙ્ગ સ્થાપનના જાણવા. દશમે હરશિવ, બારમે ભાગે શેષશાયિની દૃષ્ટિ રાખવી; ચૌદમા ભાગે માતૃકા દેવીઓ; સોળમે ભાગે યક્ષ; અઢારમે ભાગે ઉમા, રુદ્ર, લક્ષ્મી અને વિષ્ણુ અને વીશમે ભાગે બ્રહ્મા, સાવિત્રી એમ યુગ્મમૂર્તિની દૃષ્ટિ રાખવી. ત્યાં વીશમા ભાગે દુર્ગા-અગસ્ત્ય-નારદ આદિ મુનિની દૃષ્ટિ રાખવી. એકવીશમા ભાગે લક્ષ્મી, ચોવીશમા ભાગે સરસ્વતી, પચ્ચીશમા ભાગે જિન વીતરાગ, છવીશમા ભાગે ચંદ્રની અને સત્તાવીશમા ભાગે બ્રહ્મા, વિષ્ણુ, રુદ્ર અને સૂર્યની દૃષ્ટિ રાખવી. ઓગણત્રીશમા ભાગે ભૈરવ-ચંડીની દૃષ્ટિ રાખવી. તે ઉપરના ત્રણ શૂન્ય ભાગમાં ભૂત, પ્રેત અને રાક્ષસની દૃષ્ટિ રાખવી. ૧-૬

द्वारोच्छ्रयोऽष्टधाभक्त ऊर्ध्वभागं परित्यजेत् ।
सप्तमाष्टमे सप्तभागे दृष्टिसूत्र ( त्रं ) सुशोभना ( नम् ) ॥ ७ ॥

वृक्षार्णव

સામાન્ય રીતે ઉચ્ચ દેવોનું દૃષ્ટિસૂત્ર કહે છે કે દ્વારની ઊંચાઈના આઠ ભાગ કરી ઉપરનો આઠમો ભાગ ત્યજી દેવો, અને સાતમા ભાગના ફરી આઠ ભાગ કરી તેના સાતમા ભાગે દેવદૃષ્ટિ રાખવી. ૭

"Aho Shrutgyanam"



દશાવતાર દેવો

"Aho Shrutgyanam"

[1]ऊर्ध्वदृष्टिर्विनाशाय अधो च भोगहानि च ।
सुखदा सर्वकालेषु समदृष्टिर्नसंशयः ॥ ८ ॥

क्षीरार्णव अ. १११

કહેલા દૃષ્ટિસ્થાનથી જો દૃષ્ટિ ઊંચી રાખે તો વિનાશ થાય અને જો દૃષ્ટિ નીચી રાખે તો સમૃદ્ધિનો નાશ થાય. માટે કહેલા સ્થાન સરખું દૃષ્ટિસૂત્ર રાખવાથી સર્વકાળમાં સુખ જ રહે. તેમાં સંશય ન જાણવો. ૮

प्रतिमा पीठमान

द्वारमष्टविभक्तं च त्रिधा भक्तं (च) सप्तभिः ।
पीठं च भागमेकं तु शेषं च प्रतिमा मुने ॥ ९ ॥

सप्तभागं भवेद्वारं षड्भागं त्रिधा कृतम् ।
द्विभागं प्रतिमामानं शेषं पीठसमुच्छ्रयम् ॥ १० ॥

द्वारं षड्भागिकं ज्ञेयं त्रिधा पञ्च प्रकल्पयेत् ।
पीठं तु भागमेकेन द्विभागे प्रतिमा भवेत् ॥ ११ ॥

क्षीरार्णव

ગર્ભગૃહના દ્વારોદયના આઠ ભાગ કરી ઉપરનો એક ભાગ તજી બાકીના સાત ભાગમાં ત્રણ ભાગ કરી તેમાં એક ભાગનું પીઠ-સિંહાસન અને બે ભાગનું પ્રતિમામાન જાણવું.—જયેષ્ઠમાન ૯

બીજું માન—દ્વારોદયના સાત ભાગ કરી ઉપરનો એક ભાગ ત્યજી બાકીના છ ભાગમાં ત્રણ ભાગ કરી બે ભાગની પ્રતિમા અને એક ભાગનું પીઠ-સિંહાસન ઊંચું કરવું તે મધ્યમમાન જાણવું.—મધ્યમ માન ૧૦

---

૧ દેવતા-દૃષ્ટિ સંબંધમાં પૃથક્ પૃથક્ ગ્રંથોમાં ભિન્ન ભિન્ન વિભાગ કહેવાથી એકસૂત્રતા મળતી નથી. દીપાર્ણવ અને ક્ષીરાર્ણવ બત્રીશ ભાગ દૃષ્ટિપદના કહે છે. અપરાજિતસૂત્ર ૬૪ ચોસઠ ભાગ કહે છે. ઠક્કુર ફેરુ વાસ્તુસારમાં દશ ભાગ કહે છે. દિગંબરાચાર્ય વસુનંદી નવ ભાગ કહે છે. દૃષ્ટાંતરૂપ જિન તીર્થંકરની દૃષ્ટિસૂત્ર જોતાં ઉત્તરંગથી નવ આંગુલથી બાવીશ આંગુલ સુધીમાં જિન દૃષ્ટિ આવે એ રીતે તેર આંગુલનો તફાવત રહે છે. એમ એકવાકયતા મળતી નથી. એથી શ્લોક ૭નું પ્રમાણ સર્વમાન્ય છે.

પ્રતિમામાનપ્રમાણ

| | | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| પ્રતિમા માનપ્રમાણ | ઊભી પ્રતિમા માન | આ | ૧૧ | ૨૧ | ૩૧ | ૪૧ | ૪૩ | ૪૫ | ૪૭ | ૪૯ | ૫૧ | ૫૭ | ૬૩ | ૭૩ | ૮૩ | ૯૩ |
| | બેઠી પ્રતિમા માન | આ | ૬ | ૧૨ | ૧૮ | ૨૪ | ૨૭ | ૩૦ | ૩૩ | ૩૬ | ૩૯ | ૪૨ | ૫૨ | ૬૨ | ૭૨ | ૮૨ |
| | પ્રાસાદ ગજ હસ્ત | | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૨૦ | ૩૦ | ૪૦ | ૫૦ |

"Aho Shrutgyanam"


પરિકર યુક્ત દેવમૂર્તિઓ



બ્રહ્મા



મહિષાસુરમર્દિની




સૂર્ય



વિષ્ણુ

૨




स्थुला - नृत्यमण्डप का पीठबंध. तीन प्रकार.

પીઠ-સિંહાસન ઉદયના વિભાગ

ત્રીજું દ્વારોદયના ૭ ભાગ કરી ઉપરનો એક ભાગ ત્યજીને બાકીના પાંચ ભાગના ત્રણ ભાગ કરતાં એક ભાગનું પીઠ-સિંહાસન અને બે ભાગની પ્રતિમા ઊંચી જાણવી. એ કનિષ્ઠમાન. કનિષ્ઠમાન–૧૧

ભાગ આ રીતે ત્રણ માનપ્રતિમા અને પીઠનાં જાણવાં.

જ્યેષ્ટમાન { ૧ પીઠ ૨ પ્રતિમા / ત્રણ ભાગ / ૭ ભાગ ૧ તજવો / દ્વારોદયના ૮ ભાગ }

મધ્યમમાન { ૧ પીઠ ૨ ભાગ પ્રતિમા / ત્રણ ભાગ / ૬ ભાગ ૧ તજવો / દ્વારોદયના ૭ ભાગ }

કનિષ્ટમાન { ૧ પીઠ ૨ ભાગ પ્રતિમા / ૩ ભાગ / ૫ ભાગ ૧ તજવો / દ્વારોદયના ૬ ભાગ }

॥ इति देवतादृष्टिपदस्थापन ॥

॥ ३ ॥

॥ अथ शिखराधिकारः ॥

शिखराश्च विविधाकाराऽनेकाण्डकभूषिताः ।
छाद्योर्ध्वप्रहाराः स्यात् ऊर्ध्वे शृङ्गाणि कारयेत् ॥ १ ॥

शृङ्गे शृङ्गे त्वधश्छाद्यमूर्ध्वं शृङ्गताधोऽद्गमम् ।
स्वस्याङ्गस्य प्रमाणं तु सपादे शृङ्गमुच्छ्रये ॥ २ ॥

स्कन्धस्यार्द्धोदये घण्टा सर्वकामफलप्रदा ।
मूलकर्णरथादौ च एकद्वित्रिक्रमो न्यसेत् ॥ ३ ॥


निरन्धारे मूलभित्तौ सान्धारे भ्रमभित्तिषु ।
रेखा गर्भसमा शस्ता विस्तीर्णा धनदा स्मृता ॥ ४ ॥

रेखामूलस्य दिग्भागे कूर्यादग्रे षडंशकाः ।
षड्बाह्ये दोषदं प्रोक्तं पञ्चमध्ये न शोभनम् ॥ ५ ॥


क्षीरार्णव

શિખરો અનેક આકારનાં થાય છે. તેના પર અનેક અંડકો ચઢાવી સુશોભિત બનાવાય છે. મંડોવર પર છજા ઉપર પ્રહારનો થર કરી તેના પર શૃંગો ચડાવવા. એક શૃંગની ઉપર બીજું શૃંગ ચડાવતાં અર્ધભાગ છોડવો. પ્રત્યેક શૃંગની નીચે ફરી પ્રહારનો થર ચડાવી પ્રત્યેક શૃંગની નીચેના ભાગમાં છાજલી અને ઉદ્ગમ દોઢિયાથી વિભૂષિત કરવા. અંગ–ખાંચાના વિસ્તારના


"Aho Shrutgyanam"



શૃંગોર્ધ્વશૃંગ



ઉરુશૃંગોર્ધ્વ-ઉરુશૃંગ વિભાગ



ત્રણ પ્રકારે શિખરોદય માન અને તેના સૂત્રવૃત

"Aho Shrutgyanam"

પ્રમાણુથી સવાઈ શૃંગની ઊંચાઈ (સ્કંધ–બાંધણુ) રાખવી. તે પર શૃંગના સ્કંધ વિસ્તારથી અર્ધી ઊંચાઈની આમલસારી શૃંગ પર ચડાવવી. તે સર્વ કામનાનું ફળ દેનાર જાણવું. મૂળ કર્ણ-રેખા પ્રતિરથ પર એક બે ત્રણુ એમ કહેલા ક્રમ પ્રમાણે શૃંગો ચડાવવાં. પરંતુ નિરંધાર પ્રાસાદની મૂલ ભીંત પર ગર્ભગૃહની અંદરની ફરકતી કંઈક વધુ અને સાંધાર પ્રાસાદના ભ્રમની ભીંતની બહાર શિખરનો વારસો મેળવવો. ગર્ભગૃહથી બરાબર અગર તેથી વધુ વિસ્તારવાળી રેખા-પાયચો રાખવાથી લક્ષ્મીની પ્રાપ્તિ થાય છે. ૧–૪


શિખરના નીચેના રેખા–પાયચા વિસ્તારના દશ ભાગ કરી શિખરના ઉપર સ્કંધ-બાંધણે ૭ ભાગ પહોળું રાખવું. ૭ ભાગથી વધુ રાખવાથી દોષ કહ્યો છે અને પાંચ ભાગથી ઓછું શોભતું નથી. (આથી સાડાપાચ ભાગ પહોળું સ્કંધ-બાંધણે રાખવું). ૫

रेखामूलस्य विस्तारात् पद्मकोशं समालिखेत् ।
चतुर्गुणेन सूत्रेण सपादशिखरोदयः ॥ ६ ॥

रेखा विस्तारमानेन सपादेन तदुच्छ्रयम् ।
त्रिभागसहिताश्चैव सार्द्धं कृत्वा विचक्षणैः ॥ ७ ॥

उरुशृङ्गाणि भद्रे स्युर्येकादिग्रहसंख्यया ।
त्रयोदश समूर्ध्वेऽधो लुप्तः सप्तोरुशृङ्गकैः ॥ ८ ॥

घण्टा बाह्यप्रमाणं च स्कन्धे स्कन्धे तु कारयेत् ।
रेखामूले तु दिग्भक्ते कोणः कार्यो द्विभागकः ॥ ९ ॥



વાલંજર-નિરંધાર વાલંજર-સોધાર (બાલપંજર)

त्र्यंशभद्र रथ सार्द्ध स्कन्धोर्ध्वे च नवांशके ।
कोणैर्युगांशैर्भद्रं च द्व्यंश त्रयो रथो भवेत् ॥ १० ॥

दीपार्णव

સવાયા શિખરને મૂળ રેખાના પાંયચા વિસ્તારથી ચાર ગણું વૃતસૂત્ર ફેરવવાથી અવિકસિત કમળના આકારની શિખરરેખા = નમણુ થાય. શિખરોદયની ત્રણ પ્રકારે બુદ્ધિમાનોએ રચના કહેલ છે. શિખરના નીચે પાંચચે = મૂળ રેખાથી સવાયુ ૨ દોઢું અને ૩ ત્રીજું ૧⅔ ઊંચાઈના શિખર થાય છે. શિખરના ભદ્રે એકથી નવ સુધી ઉરુશ્રુંગ ક્રમાનુસાર ચડે છે. તેમાં નીચેના પાયચાથી સ્કંધ સુધીની ઊંચાઈના તેર ભાગ કરવા. તેમાં નીચેનું ઉરુશ્રુંગ સ્કંધ સુધી સાત ભાગ લુપ્ત-દબાતું રહે અને ઉપર છ ભાગ રહે. (કુલ તેર ભાગ) પાયચાથી સ્કંધ અને સ્કંધથી સ્કંધ સુધીના ભાગ સમજવા. આમલસારો તેથી બહાર જાણવો. મૂળ શિખરનાં ઉપાંગો—મૂળ શિખરના પાયચા વિસ્તારના દશ ભાગ કરવા. તેમાં રેખા = કર્ણ બે બે ભાગના અને દોઢ દોઢ ભાગના પ્રતિરથ અને આખું ભદ્ર ત્રણ ભાગનું રાખવું (કુલ દશ ભાગ થાય). ઉપર સ્કંધ-બાંધણે વિસ્તારમાં નવ ભાગ કરવા. તેમાં બબ્બે ભાગની બે રેખા, દોઢ દોઢ ભાગના બે પઢરા અને બે ભાગનું આખું ભદ્ર એ રીતે નવ ભાગ બાંધણે = સ્કંધે સમજવા. ૯-૧૦

छायोर्ध्वे स्कन्धपर्यन्तमेकविंशतिभाजितम् ।
अङ्कदिग्रुद्रसूर्यांश-त्रयोदशांशमुत्सृजेत् ॥ ११ ॥
शुकनासस्य संस्थानं छायोर्ध्वे पञ्चधामतम् ।
मण्डपोर्ध्वे शुकघण्टा समा न्यूना न चाधिका ॥ १२ ॥


પ્રાસાદના છજા પરથી શિખરના સ્કંધ બાંધણા સુધીની ઊંચાઈના એકવીસ ભાગ કરવા. તેમાં નવ, દશ, અગિયાર, બાર અને તેર ભાગ સુધીમાં શુકનાસનું સ્થાન રાખવું. એ રીતે શુકનાસનું પંચવિધ પ્રમાણ કહ્યું છે. મંડપના ઉપરની ઘંટા અમલસારો શુકનાસની બરાબર રાખવો અગર શુકનાસથી ઊંચો ન રાખવો. (શુકનાસથી થોડો નીચે હોય તો દોષ નથી). ૧૧-૧૨

कवलिमान

प्रासादस्य पुरो भागे कौलिपद पदार्धत्रिक् ।
तस्योर्ध्वे शुकनासं च एक-त्रि-सप्तमुद्गमम् ॥ १३ ॥
तस्योपरि सिंहः स्थाप्यो मण्डपकलशसमः ।
द्विस्तम्भः शुकनासाग्रे विज्ञेयः पादमण्डपः ॥ १४ ॥

કોલી લક્ષણ કહે છે—પ્રાસાદના આગળ કૌલી ગર્ભગૃહના પદ જેટલી, તેથી અર્ધ કે ત્રીજા ભાગની નિર્ગમ કરવી. તે કૌલી ઉપર શિખરના શુકનાસના એકથી સાત સુધી ઉત્તરોત્તર દોઢિયા ઉદ્‌ગમ ચઢાવવા. તે પર સિંહ સ્થાપન કરવો. તે સિંહ અને મંડપ પરના કલશ-પ્રાયઃ સમ હોય તો સારું (કળશ નીચો હોય તો દોષ ન જાણવો.) શુકનાસની આગળ બે સ્તંભોને પાદમંડપ કહે છે. ૧૩-૧૪

"Aho Shrutgyanam"





પ્રાસાદ છાદ્યોર્ધ્વ, શિખરની જંઘા, શૃંગ અને ભદ્રના ગવાક્ષ, બાજુમાં સંવરણા, ગવાક્ષ

"Aho Shrutgyanam"

कोकिला लक्षण

कोणविस्तारविस्तीर्ण(र्णा) कोकिला शुभलक्षणं (णा) ।
उभयोः पार्श्वयोरेव एकैका च प्रशस्यते ॥ १५ ॥
कोणार्धे च यमद्रंष्टवा (दंष्ट्रा) मितिश्चैव शुभप्रदा ।
सर्वलक्षणसंयुक्ता कोकिलाः सुफलप्रदा ॥ १६ ॥

કોકિલા-પ્રાસાદપુત્રનાં લક્ષણ કહે છે—પ્રસાદની કોળી ઉપર બેઉ તરફ શુભ લક્ષણવાળી કોકિલાનાં લક્ષણ કહું છું. કોળીના બેઉ તરફ ભીંત ઉપર એકેક કોકિલા કરવી. તે પ્રશસ્ત જાણવું. ભીંતની જાડાઈ જેટલું અને કર્ણ-રેખાના વિસ્તાર જેટલું કોકિલા વિસ્તારનું પ્રમાણ રાખવું. રેખાથી નાની અર્ધ પ્રમાણની કોકિલા કરવાથી 'યમદંષ્ટવા' નામનો વેધ ઉત્પન્ન થાય છે. એ રીતે સર્વ લક્ષણવાળી એવી કોકિલા કોળી ઉપર બેઉ તરફ કરવાથી તે શુભ ફળ દેનાર જાણવું. (કોકિલા અર્થાત પ્રાસાદપુત્ર) ૧૫-૧૬.





आमलसाराप्रमाण—

स्कन्धः षड्भागको ज्ञेयः सप्तांशामलसारकः ।
अथवा प्रतिरथावुभौ मध्ये वृत्तामलकम् ॥ १७ ॥

"Aho Shrutgyanam"

सप्तभागमध्ये (च) चतुष्षष्टि विभाजिते ।
द्वात्रिंशोदयं कार्यं ग्रीवा भागं षडं भवेत् ॥ १८ ॥
अण्डकं भास्करे विद्यात् अष्टचन्द्राविलोकित् ।
षड्भागवामलसारि च निष्कान्तं च अतः श्रुणु ॥ १९ ॥
अण्डके द्वादशं भागं च सप्तमिश्चन्द्रकोधित(क)म् ।
षड्मिरामलसारि च चतुर्दशोर्ध्वकलशासनम् ॥ २० ॥
शिवे चेश्वरं रूपं (तु) ध्यानमूर्तिं विचक्षणः ।
शिखरकर्णे प्रस्थाप्यं जिने कूर्याज्जिनेश्वरम् ॥ २१ ॥

क्षीरार्णव



આમલસારો કળશસહિત

હવે આમલસારાનું પ્રમાણ અને વિભાગ કહે છે. શિખરના સ્કંધ-બાંધણું છ ભાગ હોય તો આમલસારો સાત ભાગ પહોળો કરવો અથવા સ્કંધ-બાંધણુંના ઉપાંગોના બે પ્રતિરથ-પઢરાના તિર્યગ્માપ બરાબર આમલસારાનો વિસ્તાર કરવો. (આ બન્ને પ્રમાણ મળી રહે છે). આમલસારા વિસ્તારના આગળ સાત ભાગમાં ચોસઠ ભાગ આમલસારાના પહોળાઈના કરવા અને બત્રીશ ભાગ ઊંચાઈના કરવા. તેમાં ગળું છ ભાગ, મોટો અંડક ૧૨ ભાગ, આઠ ભાગ ચંદ્રસ્

"Aho Shrutgyanam"

અને ૭ ભાગની ઝાંઝરી-રામલસારી કરવી. એ રીતે બત્રીશ ભાગ આમલસારાના ઉદયના જાણવા. હવે નિકાળા પહોળાઈના ભાગ સાંભળો. મોટો અંડક બાર ભાગ, ચંદ્રસ્ સાત ભાગ અને ૭ ભાગ રામલસારી-ઝાંઝરીના અને તે પર કલશાસન ચૌદ ભાગ ( ગર્ભથી સાત ભાગ ) રાખવા. એ રીતે ચોસઠ ભાગ પહોળાઈના અને બત્રીશ ભાગ ઊંચાઈના આમલસારાના જાણવા. શિખરના સ્કંધ ઉપર ખૂણે શિવ ઈશ્વરની ધ્યાનમૂર્તિ કે તાપસ બેસારવા. જો જિનનો પ્રાસાદ હોય તો જિનેશ્વરની મૂર્તિ સ્કંધના ખૂણે બેસારવી. ૧૭-૨૧

ध्वजाधार–स्तंभवेध प्रमाण

प्रासादे पृष्ठदेशे तु दक्षिणे च प्रतिरथे ।
ध्वजाधारस्तु कर्तव्यं ईशाने नैऋत्येऽथवा ॥ २२ ॥

रेखोर्ध्वे षष्ठमे भागे सूत्रांशपादवर्जितम् ।
ध्वजाधारस्तु कर्तव्यो दक्षिणे च प्रतिरथे ॥ २३ ॥

[2]स्तम्भे वेधस्तु कर्तव्यो भित्ति षष्ठांशकम् ।

**क्षीरार्णव**

શિખરના ધ્વજાદંડનુ સ્થાન—

પ્રાસાદના પાછલા ભાગમાં જમણી તરફના પ્રતિરથે ધ્વજાધાર ( સ્તંભવેધ ) કરવો. જો પૂર્વ મુખનો પ્રાસાદ હોય તો નૈઋર્ત્ય કોણુ તરફ અને જો પશ્ચિમ મુખનો પ્રાસાદ હોય તો ઈશાન કોણુ તરફ ધ્વજા દંડ માટે ધ્વજાધાર રાખવો. ૨૨


---

૨ ધ્વજાધારનો અર્થ ધ્વજાદંડને ધારણ કરનાર. કલાબો ( લાંમસા ). આ વિષયમાં શિલ્પિવર્ગમાં થોડો વાદવિવાદ છે. એક પક્ષ કહે છે કે ધ્વજાધાર એટલે ધ્વજાને ધારણ કરનાર ધ્વજાપુરુષ અહીં કરવો જોઈએ. અને તેવાં ધ્વજાપુરુષ કેટલાંક જૂનાં મંદિરોમાં છે પણ ખરા.

કેટલાંક જૂનાં મંદિરોમાં ધ્વજાધાર–લામસા કલાબાપર ધ્વજાદંડ ઊભો કરેલો જોવામાં આવે છે. ત્યાં ધ્વજાપુરુષની આકૃતિ નથી. વળી તે ધ્વજાધાર મૂળરેખાના ૨૪ ભાગ કરી તેના ત્રીજા ભાગે બાંધણા સ્કંધથી નીચે આ ધ્વજા ધાર રાખવાનું કહ્યુ છે. શાસ્ત્રોક્ત વિધાન આ છે. છતાં કોઈ દષ્ટાંતોને પ્રાધાન્યત્વ આપી સ્કંધ બાંધણાના બરાબર ધ્વજાપુરુષ હોવો જોઈએ અને તે પણ સ્કંધમાં આમલસારામાં ધ્વજાદંડને સ્થાપન કરે છે. આ રીત અશાસ્ત્રીય છે. ક્ષીરાર્ણવમાં સ્કંધમાં–બાંધણામાં દંડસ્થાપન કરવામાં ઘણો દોષ કહ્યો છે. તો આમલસારામાં ધ્વજા દંડ સ્થાપન તો ન જ કરાય. વળી સ્કંધથી ૩/૨૪ અંશ જો ધ્વજાધારનું સ્થાન ખરેખર શાસ્ત્રીય રીતે હોય તો આમલસારાથી દંડ બહાર જ રહે તેમાં શંકા નથી. બેઉપક્ષ ધ્વજાધારના સ્વરૂપ અને સ્થાન માટે જુદા છે. પરંતુ ધ્વજાધારની અગત્યતાને તો બેઉ પક્ષ સ્વીકારે છે. જૂનાં દષ્ટાંતો એ પ્રમાણ ન ગણી શકાય. શાસ્ત્રાધાર જે હોય તે સાચો અને સ્વીકારવો જ જોઈએ. જ્યાં શાસ્ત્રાધાર ન હોય ત્યાં જૂનાં પ્રાચીન દષ્ટાંન્તોને માનવાં રહ્યાં. તેવા સમયે વાદવિવાદ ન જોઈએ. શાસ્ત્રનાં અર્થઘટન જુદી રીતે કરી પોતાના મતનું સમર્થન કરવું એ દુરાગ્રહ ન હોવો ( રાખવો ) જોઈએ.



"Aho Shrutgyanam"


ધ્વજાધારનું સ્થાન માન

શિખરની મૂળ રેખાના પાયચાથી સ્કંધ બાંધણા સુધીની ઊંચાઈના છ ભાગ કરીને તેના ઉપરના છઠ્ઠા ભાગમાં ચોથો ભાગ હીન કરીને બાંધણાથી નીચે ધ્વજાધાર કરવો એટલે રેખાની ઊંચાઈના ૨૮ ભાગ કરી સ્કંધ-બાંધણાથી ત્રણ ભાગ નીચે ધ્વજાધાર શિખરના પાછળ જમણી તરફ પઢરામાં કરવો. આ ધ્વજાધારને સ્તંભવેધ પણ કહે છે. તે ભીંતના છઠ્ઠા ભાગ જેટલો કરવો. ૨૩

कलशमान—


प्रासादस्याष्टमांशेन कलशाण्डके (क) विस्तरे ।
षोडशांशाधिको ज्येष्ठो हीनमाने कनीयसः ॥ २४ ॥

ग्रीवापीठ भवेत्भाग त्रिभागेनाण्डकं तथा ।
कर्णिपत्री द्विभागं च त्रिभागं बीजपूरकम् ॥ २५ ॥

एकांशोऽग्रे मूले द्वौ वह्निर्वेदांशकर्णिका ।
ग्रीवा द्वौ पीठमर्द्धं द्वौ षड्भागविस्तरा ॥ २६ ॥

वास्तुमञ्जरी

"Aho Shrutgyanam"



શિખરનું કળશમાન–

( પ્રાસાદ કર્ણ-રેખા વિસ્તાર હોય તેના આઠમા ભાગનો કળશવિસ્તાર રાખવો તે મધ્યમાન. તેનો સોળમો ભાગ વધારવાથી જ્યેષ્ઠમાન અને સોળમો ભાગ ઘટાડવાથી કનિષ્ઠમાન થાય. કળશ વિસ્તારથી દોઢો ઉંચો કરવો.) તેના ઉંચાઈના માનમાં નવભાગ કરવા. તેમાં એક ભાગ પીઠ ગળાનો; તે પર એડક પડઘો ત્રણ ભાગ, કર્ણિકા ને છજી એક એક ભાગની એટલે બે ભાગ અને તે પર દોડલો-બિજોરૂ ત્રણ ભાગનો કરવો. એ પ્રકારે કુલ નવ ભાગ ઉદયના જાણવા. હવે કળશના વિસ્તાર ભાગ કહે છે. દોડલા બિજોરાનો અગ્ર ઉપરનો એક ભાગ, નીચે મૂળમાં બે ભાગ, કણી ત્રણ ભાગ, છજું ચાર ભાગ, એડક પડઘો ૭ ભાગ વિસ્તાર નીચે ગળું બે ભાગ અને તેની નીચેની પડઘી ચાર ભાગ એ રીતે કળશવિસ્તાર ૭ ભાગ જાણવો ૨૪, ૨૫, ૨૬.[૩]

---


૩ કળશનાં બીજા પણ માન કહે છે–

> रेखायाः पञ्चमांशेन कलशं कारयेद् बुधः ।
> घण्टाविस्तारपादेन तत्पादेन युतं पुनः ॥
> इत्थं कलशविस्तारं उच्छ्रयस्तस्य सार्द्धतः । दीपार्णव.

શિખરમાં ઉપયોગી કળશના અન્યમાન કહ્યા છે. શિખરના કે ઉરુશૃંગ કે શૃંગના પાયચા વિસ્તારના પાંચમા અંશે કળશનો વિસ્તાર બુદ્ધિમાન પુરુષોએ કરવો.

બીજું પ્રમાણ આમલસારાના વિસ્તારના ચોથા ભાગમાં ફરી તેના ચતુર્થાંશ ભાગની વૃદ્ધિ કરતાં જે વિસ્તાર આવે તેટલો કળશનો વિસ્તાર રાખવો. અર્થાત્ આમલસારા વિસ્તારથી સવાયા કરીને તેનો ચતુર્થાંશ કળશવિસ્તાર કરવો. વિસ્તારથી દોઢો ઊંચો કરવો.

"Aho Shrutgyanam"


प्रसाद सुवर्ण पुरुष

સુવર્ણનો પ્રાસાદપુરુષ

अथ प्रासादपुरुष—

अथातः सम्प्रवक्ष्यामि पुरुषस्य प्रवेशनम् ।
न्यसेद् देवालयेष्वेवं जीवस्थानफलं भवेत् ॥२७॥

स्कन्धोर्ध्वे ततः स्थाप्य ताम्रपर्यङ्कसंस्थिताम् ।
शयनं चाधि (पि) निर्दिष्टं पद्मं वै दक्षिणे करे ॥२८॥

त्रिपताका करे वामे कार्ये हृदि संस्थितम् ।
घृतपात्रस्योपरि पर्यङ्के सुवर्णपुरुषः ॥ २९ ॥

प्रमाणं तस्य वक्ष्यामि अर्द्धाङ्गुले चैकहस्तकम् ।
अर्द्धाङ्गुला भवेद्वृद्धिर्यावत्पञ्चाशहस्तकम् ॥३०॥

**क्षीरार्णव**

હવે હું સુવર્ણના પ્રાસાદપુરુષ જે દેવાલયના જીવસ્થાનરૂપ છે તેને આમલસારામાં પધરાવવાનો વિધિ જે ફળરૂપ છે તે કહું છું. બાંધણા ઉપર આમલસારામાં ત્રાંબાનો કે ચાંદીનો ઢોલિયો (રેશમની દોરી પાટી) ગાદલી, ઓશીકું, રેશમનાં કરી તે પર સુવર્ણના પ્રાસાદ-પુરુષને સુવરાવવો. તેના જમણા હાથમાં કમળ ધારણ કરાવવું ડાબા હાથમાં ત્રણ શિખાવાળી પતાકા ધારણ કરાવવી ને તે હાથ છાતીએ રાખવો. તેવી આકૃતિની સુવર્ણ પ્રતિમા સુવરાવવી.

આમલસારામાં ગાયનું ઘી ભરેલ ત્રાંબાનો કળશપાત્ર મૂકી તે પર ઢોલિયો મૂકી તેના પર સુવર્ણની પ્રાસાદપુરુષની મૂર્તિ સુવરાવી સંપુટરૂપે રાખવી ( તે પર ઢાંકવું ). પ્રાસાદપુરુષનું પ્રમાણ કહું છું. પ્રત્યેક ગજે અર્ધા અર્ધા આંગળની તેમ એકથી પચાસ હાથ સુધીના પ્રાસાદનું પ્રમાણ પ્રાસાદપુરુષનું જાણવું. ૨૭-૩૦

ध्वजदण्ड पृथुमान—

एकहस्तेषु प्रासादे दण्डपादोनमङ्गुलम् ।
अर्धाङ्गुलं भवेद्वृद्धिः पञ्चविंशतिहस्तके ॥ ३१ ॥

अतोर्ध्वपादवृद्धिः प्रयत्नेन शतार्धमानके ।
पर्वभिर्विषमे कार्याः समग्रन्थीः सुखावहाः ॥ ३२ ॥

"Aho Shrutgyanam"

दण्ड दीर्घमान—

प्रासादकोणमर्यादा सप्तहस्ता न मध्यतः ।
गर्भमानेन कर्तव्यं हस्तः स्यात्पञ्चविंशतिः ॥ ३३ ॥

रेखामानं च कर्तव्यं यावत्पञ्चांशहस्तकम् ।
अष्टमांश यदा हीनाधिक्यं कन्य ज्येष्टमानतः ॥ ३४ ॥

क्षीरार्णव

ધ્વજદંડની જાડાઈનું માન કહે છે. એક હાથના પ્રાસાદને પોણા આંગુલ જાડો ધ્વજદંડ રાખવો. બેથી પચીસ હાથ સુધીના પ્રાસાદોને પ્રતિહસ્તે અર્ધા અર્ધા આંગુલની વૃદ્ધિ જાડાઈમાં કરવી. છવ્વીશથી પચાસ હાથ સુધીના પ્રાસાદને પ્રત્યેક હાથે પા પા આંગુલની વૃદ્ધિ દંડની જાડાઈમાં કરતા જવી. એકી (વિષમ) પર્વ = ગાળા અને બેકી (સમ) ગ્રંથી = કાંકણીનો ધ્વજાદંડ સુખ દેનાર જાણવો. ૩૧-૩૨

હવે ધ્વજદંડની લંબાઈનું માન કહે છે. એકથી સાત હાથ સુધીના પ્રસાદને બહાર રેખા વિસ્તારે હોય તેટલો ધ્વજદંડ લાંબો રાખવો. આઠથી પચીસ હાથ સુધીના પ્રાસાદને ગર્ભગૃહના માન જેટલો ધ્વજદંડ લાંબો રાખવો. છવ્વીશથી પચાસ હાથ સુધીના પ્રાસાદને શિખરની રેખા માને-પાયચા જેટલો વિસ્તાર-ધ્વજદંડ લાંબો રાખવો. જે માન આવ્યું હોય તે મધ્યમાન જાણવું. તેનો આઠમો અંશ અધિક કરવાથી જ્યેષ્ઠમાન અને આઠમો અંશ ઘટાડવાથી કનિષ્ટમાન (ધ્વજદંડવું) જાણવું. ૩૩-૩૪

दण्डकाष्ठ

शिंशपः वंशखदिरमधुकोरुणचन्दनं ।
सुवृतः सारदारुश्च ग्रन्थिकोटरवर्जितः ॥ ३५ ॥

ધ્વજદંડનું કાષ્ઠ સીસમ, વાંસ, ખેર, મહુડા કે ચંદનનું પસંદ કરવું. કાષ્ઠ ગાંઠવાળું ન હોવું જોઈએ. ૩૫

[४] घण्टोदयप्रमाणेन स्तम्भिकोदयः कारयेत् ।
ध्वजावती स्तम्भिका च चाष्टश्रवा (व) वृतास्तथा ॥
तदूर्ध्वे कलशं कुर्यात् वंशबन्धप्रतिहस्तके ॥ ३६ ॥


दीपार्णव

ધ્વજાદંડની સાથે ઊભી સ્તંભિકા ધ્વજાધારથી આમલસારા સુધીના પ્રમાણની અષ્ટાંશ કે ગોળ કરવી તેના પર મોગરો કરવો. ધ્વજાદંડ અને સ્તંભિકાને મજબૂત ત્રાંબાના પાટના બંધો ગજે ગજે જડવા. ૩૬

---

૪ ધ્વજદંડ સાથે સ્તંભિકા આમલસારા જેટલી ઊંચી રાખી ધ્વજાદંડની સાથે બાંધવી. આ પ્રમાણ અપરાજિત આદિ પ્રાચીન ગ્રંથોમાં સ્પષ્ટ આપેલ છે. વર્તમાનમાં સ્તંભિકાની પ્રથા નથી. તેથી કેટલાક શિલ્પીઓ સ્તંભિકાને નિરર્થક માને છે. પરંતુ શાસ્ત્રોમાં તેનો પાઠ છે. મંડનસૂત્રધારે કે નાથુએ સ્તંભિકા વિશે કહ્યું નથી. સંક્ષિપ્ત સંકલનના હેતુથી તેણે કહ્યું ન હોય.

"Aho Shrutgyanam"




ધ્વજાધાર, ધ્વજદંડ, સ્તંભિકા અને મર્કટી

दण्डमर्कटिमान

तदूर्ध्वे च षडंशेन मर्कटी चार्द्धविस्तरा ।
ततः त्रिभागमुत्सेधं च किङ्किणी घण्टमण्डिता ॥ ३७ ॥

अर्द्धचन्द्राकृतिश्चैव पार्श्वे कार्यौ गगारका (कः) ।
तस्योर्ध्वे कलशः कार्यः पञ्चमांशेन दीर्घता ॥ ३८ ॥

पताकाप्रमाण—

ध्वजादण्डमानेन पताका चाष्टांशविस्तृता ।
त्रिभिर्वा पञ्चभिः शिखैः मणिबन्धं च शोभितम् ॥ ३९ ॥

ધ્વજાદંડની ઉપર દંડની લંબાઈના છઠ્ઠા ભાગે પાટલી લાંબી કરવી. તેનાથી અર્ધ પહોળી અને પહોળાઈના ત્રીજા ભાગે જાડી રાખવી. પાટલીને કાંકણીઓ અને ઘંટિકાઓથી શોભતી કરવી. પાટલીમાં નીચે અર્ધચંદ્રને બે બાજુ ગગારકોની આકૃતિ કરવી. પાટલી ઉપરના ભાગમાં તેની લંબાઈના પાંચમા ભાગ પ્રમાણનો કળશ ઊંચો કરવો. ૩૭-૩૯

निष्पिन्हं (ष्पन्नं) शिखरं दृष्टवा ध्वजाहीनं न कारयेत् ।
असुरा वासमिच्छन्ति ध्वजहीने सुरालये ॥ ४० ॥

दीपार्णव

તૈયાર થયેલું શિખર ધ્વજા વગરનું રાખવું નહિ અર્થાત્ દેવપ્રતિષ્ઠા કરી લેવી, કારણ કે ધ્વજારહિત શિખર જોઈને (છ માસ સુધી) ભૂત, રાક્ષસ ને અસુરો પ્રાસાદમાં વાસ કરવાની ઇચ્છા કરે છે તેથી ધ્વજા વગરનું શિખર ન રાખવું અર્થાત્ દેવપ્રતિષ્ઠા કરીને ધ્વજા ચડાવી દેવી. ૪૦

॥ इति शिखराधिकारः ॥

॥ ४ ॥

॥ अथ मण्डपाधिकारः ॥

अथातः सम्प्रवक्ष्यामि मण्डपानां तु लक्षणं ।
प्रासादस्य प्रमाणेन मण्डपं कारयेद् बुधः ॥ १ ॥

प्रथमं समं सपादसार्द्धं च पादोनद्वयम् (मेव च ।)
द्विगुणं चाऽपि कर्तव्यं सपादद्वयमेव च ॥ २ ॥

सार्द्ध-द्वयं तु कर्तव्यं अत ऊर्ध्वे न कारयेत् ।
इति सप्तधा प्रमाण-सूत्रं वास्तुविद्भिरुदाहृतम् ॥ ३ ॥

"Aho Shrutgyanam"

હવે હું પ્રાસાદના મંડપોનું લક્ષણ કહું છું. પ્રાસાદના પ્રમાણથી બુદ્ધિમાન શિલ્પીએ મંડપ કરવો. પહેલો સમ=એટલે પ્રાસાદ જેવડો, બીજો સવાયો, ત્રીજો દોઢો, ચોથો પોણા બે ગણો, પાંચમો બમણો, છઠ્ઠો સવા બે ગણો અને સાતમું પ્રમાણ પ્રાસાદથી અઢી ગણો મંડપ વિસ્તારમાં કરવો. તેથી વધુ ન કરવો. એ રીતે વાસ્તુશાસ્ત્રના જ્ઞાતાઓએ સાત પ્રમાણસૂત્રો મંડપનાં કહેલાં છે ૧-૩

समं सपादपञ्चाशत्पर्यन्तं दशहस्तकम् ।
दशपञ्चहस्ते सार्द्धं चतुर्हस्ते द्व्यपादून (दोनम्) ॥ ४ ॥
त्रिहस्ते द्विगुणं तद्विशिष्टा चतुष्किका ।
चतुष्कं चाऽपि चाष्टांशं शुकस्तम्भानुसारत् (तः) ॥ ५ ॥

—क्षीरार्णव

પચાસ હાથથી દશ હાથના પ્રાસાદને મંડપ પ્રાસાદ જેવડો કરવો અથવા સવાયો મંડપ કરવો. દશથી પાંચ હાથ સુધીના પ્રાસાદને દોઢો મંડપ કરવો. ચાર હાથનાને પોણા બે ગણો, ત્રણ હાથનાને બે ગણો અને એથી ઓછા માપના દેવાલયને વિચિત્ર એવી ચોકી કરવી. ચોકી ચોરસ કે અષ્ટાંશ શિખરના શુકસ્તમ્ભને અનુસરતી પાદમંડપ જેવી કરવી. ૪-૫

गूढत्रिक (:) तथा नृत्यक्रमेण मण्डपत्रयं ।
प्रासादे राजे प्रतोल्ये वापिद्वाराग्र एव च ॥ ६ ॥

अपराजित

મંડપોના ત્રણ સામાન્ય પ્રકાર–ગૂઢમંડપ, ત્રિકમંડપ અને નૃત્યમંડપ. એ ત્રણે પ્રકારના મંડપો દેવપ્રાસાદ આગળ કે રાજપ્રાસાદ આગળ, પ્રતોલ્યા આગળ કે જલાશયોના દ્વાર આગળ એમાંના મંડપ કરવા. ૬


त्रिकमण्डपाः

एकत्रिवेदषट्सप्तनवचतुष्किकान्वितः ।
अग्रे भद्रं द्विपार्श्वे द्वे चाग्रपार्श्व(द्व)योस्तथा ॥ ७ ॥
अग्रतस्त्रिचतुष्किथश्च (ष्क्यश्च तथा) पार्श्वद्वयोऽपि च ।
मुक्तकोणो चतुष्कयो चेदिति द्वादशमण्डपाः ॥ ८ ॥

नामाभिधान–

सुभद्रस्तु किरीटं च दुन्दुभिः प्रान्त एव च ।
मनोहरश्च शान्तश्च नन्दी(न्दा)ख्यश्च सुदर्शनः ॥ ९ ॥
रम्यकश्च सुनाभश्च सिंहसूर्यात्मकरतथा ।
त्रि(नि)र्गूढाग्रे त्रिके ख्यातं द्वादशाः मुखमण्डपाः ॥ १० ॥

"Aho Shrutgyanam"




બાર જાતિ મંડપના સ્વરૂપો

બાર પ્રકારના ત્રિકમંડપની રચના કહે છે. એક પદની ચોકી 'સુભદ્ર' (૨) ત્રણ પદને 'કિરીટ' (૩) ત્રણ પદ આગળ એક ચોકી 'દુન્દુભિ' (૪) છ ચોકી 'પ્રાંત' (૫) છ ચોકી પદ આગળ એક પદ વધારવાથી 'મનોહર' (૬) નવ પદની 'શાન્ત' (૭) નવ પદ આગળ એક પદની ચોકીને 'નંદ' (૮) નવ ચોકીને બાજુના બે પદ વધારવાથી 'સુદર્શન' (૯) ૧૧ પદના સુદર્શન આગળ એક પદ વધારવાથી 'રમ્યક' (૧૦) રમ્યકને આગળ ત્રણ ચોક કરવાથી 'સુનાભ' (૧૧) સુનાભને પાછલી પંક્તિમાં બે બાજુ એકેક પદ વધારવાથી 'સિંહ' (૧૨) પાંચ પદની ત્રણ પંક્તિની આગળ ત્રણ પદની ચોકીઓ કરવાથી 'સૂર્યાત્મક' નામે બારમો ત્રિક મંડપ થાય. એ રીતે ત્રિક પ્રકારના બાર મંડપોની રચના એકથી અઢાર પદની કહી. ગૂઢ મંડપો આગળ બહાર આવા ત્રિક મંડપો કરવા. ૭-૧૦

पुष्पकादि २७ मंडपाः–

पुष्पकोऽथ चतुःषष्टि आद्यो द्वादशस्तम्भकाः ।
पुष्पकाद् द्वौ द्वौ हीनाः स्युः मण्डपाः सप्तविंशतिः ॥ ११ ॥

अपराजित–

ચોસઠ સ્તંભોના પુષ્પકાદિ ૨૭ મંડપોમાં પહેલા બાર સ્તંભોના સુભદ્ર નામના મંડપથી બબ્બે સ્તંભોની વૃદ્ધિ કરવાથી ૬૪ સ્તંભોનો પુષ્પક મંડપ ૨૭મો થાય. અર્થાત્ પુષ્પક મંડપના ૬૪ સ્તંભોમાંથી બબ્બે સ્તંભો ક્રમથી ઓછા કરવાથી ૨૭ મંડપો થાય. ૧૧

(આ ૨૭ મંડપોનાં નામ સ્તંભ સંખ્યા સાથે આ સાથે આલેખમાં આપેલાં છે.)

मेर्वादिमण्डपाः–


सूर्योत्तरशतं स्तम्भा भूमिका पञ्चधोच्छ्रिताः ।
मेरुमण्डप उक्ताश्च द्विभौमोर्ध्वं च माण्डतः ॥ १२ ॥

द्वौ द्वौ स्तम्भौ ह्रस्वयोगान्मण्डपाः स्युरनुक्रमात् ।
चतुःषष्टिस्तम्भत्रैलोक्य मण्डपाः पञ्चविंशतिः ॥ १३ ॥

—दीपार्णव


બેથી પાંચ ભૂમિ-મજલાના એકસો બાર સ્તંભો સુધીના મેર્વાદિ પચીશ મંડપો જાણવા. એકસો બાર સ્તંભોના પાંચ ભૂમિના મેરુ મંડપથી બબ્બે સ્તંભો ક્રમે ક્રમે ઓછા કરવાથી પચીસ મંડપો અનુક્રમે ચોસઠ સ્તંભો સુધીના થાય. આ મંડપો દેવપ્રાસાદ આગળ કે બલાણકમાં થાય. ઉપર સંવરણા અને મત્તવારણયુક્ત મંડપોની રચના થાય. ૧૨-૧૩

"Aho Shrutgyanam"




પુષ્પકાદિ ૨૭ મંડપોમાંના ૧-૧૪ મંડપોના આલેખનો

"Aho Shrutgyanam"




પુષ્પકાદિ ૨૭ મંડપોમાંના ૧૫-૨૩ મંડપોના આલેખનો




પુષ્પકાદિ ૨૭ મંડપોમાંના ૨૪-૨૭ મંડપોના આલેખનો

"Aho Shrutgyanam"

## पञ्चभूमियुक्त मेर्वादि २५ मंडपोनो रचनाक्रम

| क्र. | मंडपोनां नाम | स्तंभ संख्या | भूमि | प्रथम भूमि स्तल | द्वितीय भूमि स्तल | तृतीय भूमि स्तल | चतुर्थ भूमि स्तल | पञ्चम भूमि स्तल |
|---|---|---|---|---|---|---|---|---|
| १ | त्रैलोक्यविजय | ६४ | प्रथम | ३६ | २८ | | | |
| २ | लक्ष्मीविलास | ६६ | | ३६ | ३० | | | |
| ३ | पद्मसम्भव | ६८ | द्वितीय | ३६ | ३२ | | | |
| ४ | विमान | ७० | भूमि | ३६ | ३४ | | | |
| ५ | तेजवर्धन | ७२ | | ३६ | ३६ | | | |
| ६ | प्रताप | ७४ | | ३६ | २८ | १० | | |
| ७ | सूर्याङ्क | ७६ | | ३६ | २८ | १२ | | |
| ८ | भूर्भुवा | ७८ | तृतीय | ३६ | २८ | १४ | | |
| ९ | पुण्यात्मा | ८० | भूमि | ३६ | २८ | १६ | | |
| १० | शान्तिदेह | ८२ | | ३६ | २८ | १८ | | |
| ११ | सुरवल्लभ | ८४ | | ३६ | २८ | २० | | |
| १२ | शतशृंग | ८६ | | ३६ | २८ | २२ | | |
| १३ | पूर्णाख्य | ८८ | | ३६ | २४ | १४ | ४ | |
| १४ | कीर्तिपताक | ९० | | ३६ | २४ | २० | ६ | |
| १५ | महापद्म | ९२ | चतुर्थ | ३६ | २४ | २० | ८ | |
| १६ | पद्मराग | ९४ | भूमि | ३६ | २४ | २० | १० | |
| १७ | इन्द्रनील | ९६ | | ३६ | २४ | २० | १२ | |
| १८ | शृङ्गवा | ९८ | | ३६ | २४ | २० | १४ | |
| १९ | रत्नकूट | १०० | | ३६ | २८ | २० | १२ | ४ |
| २० | हेमकूट | १०२ | | ३६ | २८ | २० | १२ | ६ |
| २१ | गन्धमादन | १०४ | | ३६ | २८ | २० | १२ | ८ |
| २२ | हिमवान् | १०६ | पञ्चम | ३६ | २८ | २० | १२ | १० |
| २३ | कैलास | १०८ | भूमि | ३६ | २८ | २० | १२ | १२ |
| २४ | मंदार | ११० | | ३६ | २८ | २० | १२ | १४ |
| २५ | मेरु | ११२ | | ३६ | २८ | २० | १२ | १६ |

"Aho Shrutgyanam"

अष्टगूढमण्डपाः—

चतुरस्रो वर्धमानः स्वस्तिको भद्रसंयुतः ।
गरुडः सप्रतिरथः सुरनन्दः प्रभद्रकैः ॥ १४ ॥

कर्णाढ्यैः सर्वतोभद्रः कैलासो भद्रकोदकैः ।
प्रतिरथानिन्द्रनीलः त्रिभिः स्याद्रत्नसम्भवः ॥ १५ ॥

इत्यष्टौ च समाख्याता वर्धमानादिमण्डपाः ।
सपीठमण्डोवरादिः प्रासादाकृतिमेखला ॥ १६ ॥

दीपार्णव

આઠ પ્રકારના ગૂઢમંડપનાં સ્વરૂપો કહે છે. ૧ ચોરસ વર્ધમાન, ૨ ભદ્રયુક્ત સ્વસ્તિક, ૩ પ્રતિરથયુક્ત ગરુડ, ૪ ભદ્રપ્રતિભદ્રયુક્ત સુરનન્દન, ૫ રેખાની પાસે નંદીવાળો સર્વતોભદ્ર, ૬ ભદ્રની પાસે નંદી હોય તેવો કૈલાસ, ૭ પ્રતિરથ પાસે નંદી હોય ઇન્દ્રનીલ, ૮ ત્રણ નંદીયુક્ત તે રત્નસંભવ એ રીતે વર્ધમાનાદિ આઠ ગૂઢમંડપોનાં સ્વરૂપો જાણવાં. આ ગૂઢમંડપને પ્રાસાદના જેવી પીઠ મંડોવર આદિ મેખલા કરવી. ૧૪-૧૫ (આ ગૂઢમંડપોને પ્રાસાદના જેવી દીવાલને મંડોવરના થરો થાય. તે એક અગર ત્રણ દ્વાર થાય.) ૧૪-૧૬

मेघनादादि षड् महामण्डपाः—

अतः परं प्रवक्ष्यामि मण्डपानां यथाक्रमम् ।
नामस्वरूपमानं च प्रयुक्तं वृक्षराजयोः ॥ १७ ॥


शिवनादो हरिनादो ब्रह्मनादस्तथैव च ।
रविनादः सिंहनादः षष्टमो मेघनादकः ॥ १८ ॥

शिवनादादि षड्मण्डपा द्विसाद्वीत्रयभूमिकाः ।
सर्वदेवेषु कर्तव्याः स्वनाम्ना च विशेषतः ॥ १९ ॥

मध्यस्तम्भाष्टके गवदी तोरणानि प्रदक्षिणे ।
रथयुक्ताश्च प्रासादा वेदियुक्ताश्च मण्डपाः ॥ २० ॥


वृक्षार्णव

"Aho Shrutgyanam"




ગૂઢમંડપો

"Aho Shrutgyanam"





ગૂઢ મંડપો

હવે હું ૭ મહામંડપોનાં નામો ક્રમથી કહું છું. તેનાં નામ અને સ્વરૂપ વૃક્ષાર્ણવમાં વિગતથી કહ્યાં છે. ૧ શિવનાદ, ૨ હરિનાદ, ૩ બ્રહ્મનાદ, ૪ રવિનાદ, ૫ સિંહનાદ, ૬ મેઘનાદ એમ ૭ મહામંડપોનાં નામ જાણવાં. આ મંડપો અઢી કે ત્રણ ભૂમિ ઉદયના વિશેષ કરીને કરવા. સર્વ દેવોને આ મંડપો થઇ શકે. તેમાં જે દેવના કહ્યા હોય તે વિશેષ કરીને કરવા. મંડપના મધ્યના આઠ સ્તંભોને ઠેકી (ગડદી) ચડાવીને ફરતાં તોરણો કરવાં. રથભદ્રાદિયુક્ત ખુલ્લા મંડપોને મત્તવારણ કરવા. ૧૭-૨૦




ગૂઢ મંડપો

"Aho Shrutgyanam"




ગૂઢ મંડપો

तलैस्तु विषमस्तुल्यैर्यैः क्षणैः स्तम्भैः समैस्तथा ।
भित्यन्तरे यदा स्तम्भः पट्टादौ नैव दूषणम् ॥ २१ ॥

क्षणमध्येषु सर्वेषु पट्टमेकं न दापयेत् ।
युग्मं च दापयेत्तत्र वेधदोषो विवर्जयेत् ॥ २२ ॥

મંડપની રચના વિષમ પદવિભાગના તળપટ અને સમ સ્તંભોથી કરવી. એકથી બીજા મંડપને જોડતાં જો તે વચ્ચે ભીંતનું અંતર હોય તો, ભૂમિ ઊંચીનીચી હોય અગર સ્તંભ કે પાટ આઘાપાછા

કે ઊંચાનીચા હોય તો અર્થાત્ સમસૂત્રમાં ન હોય તો વચ્ચે ભીંતનું અંતર હોય તો દોષ લાગતો નથી. ક્ષણુ અર્થાત્ ખંડ = પદના વચ્ચે એક પાટ આવવો જોઈએ નહીં પરંતુ સમ = બેકી સ્તંભો સમ = બેકી પાટ રાખીને દોષનો ત્યાગ કરવો. ૨૧-૨૨




સાંધાર-નિરંધાર પ્રાસાદના મંડોવર સાથેના
સ્તંભાદિનો સમન્વય

स्तम्भपृथुमानम्—

प्रासादस्य दशांशस्तम्भः शस्यतेशुभकर्मसु ।
एकादशै तु ( स्तु ) कर्तव्यो द्वादशै च ( श्च ) विशेषतः ॥ २३ ॥
त्रयोदशांशैः प्रकर्तव्यं शक्रांशे तथोच्यते ।
एतन्मानं पञ्चधा च स्तम्भान्तं विस्तरे पृथु ( पृथक् ) ॥ २४ ॥

क्षीरार्णव

પ્રાસાદ રેખાયે હોય તેના ૧ દશમા, ૨ અગિયારમા, ૩ બારમા, ૪ તેરમા, કે ૫ ચૌદમા, ભાગે એમ પાંચ પ્રકારે સ્તંભની જાડાઈનું માન જાણવું. ૨૩-૨૪

मत्तवारणम्—

नरपीठस्य चोर्ध्वं तु कूटछाद्यस्य मस्तके ।
कृत्वा दशसार्द्धांशान् भागैकं राजसेनकम् ॥ २५ ॥
वेदिका च द्विभागा तु भागार्धासनपट्टकम् ।
स्तम्भश्चैव चतुर्थांशं भागार्धं भरणं भवेत् ॥
शरं च भागमेकेन पट्टश्च सार्द्धभागकः ॥ २६ ॥

क्षीरार्णव


નરપીઠના મથાળેથી છજ્જાના મથાળા સુધીના મંડપની ઊંચાઈના સાડાદશ ભાગ કરવા. તેમાં એક ભાગનું રાજસેનક, બે ભાગની વેદિકા, અરધા ભાગનો આસનપટ્ટ, તે ઉપર ચાર ભાગનો સ્તંભ, અરધા ભાગનું ભરણું. એક ભાગનું શરૂ અને દોઢ ભાગની પાટની જાડાઈ મળીને કુલ સાડા દશ ભાગ કક્ષાસનયુક્ત મત્તવારણવાળા મંડપના ઉદયના જાણવા. ૨૫-૨૬

वितान=करोटकः—

मण्डपानां समस्तानां मध्ये कुर्याद्वितानकम् ।
आद्योत्पत्तिः समं सर्वं विता[ना]नां तु लक्षणम् ॥ २७ ॥
वितानानि विचित्राणि क्षिप्तान्युत्क्षिप्तकानि च ।
समतलानि ज्ञेयानि उदितानि त्रिधा क्रमात् ॥ २८ ॥


સર્વ પ્રકારના મંડપોના ઉપર મધ્યમાં ( તેના આચ્છાદન ઢાંકણરૂપ ) વિતાન = ઘુમ્મટ કરવા. તેની પ્રથમ ઉત્પત્તિ સપાટ ઢાંકણથી ( સરખા છાતિયા ઢાંકવાની પ્રથાથી શરૂ થઈ ) થઈ તે સર્વ વિતાનનાં લક્ષણ છે. વિતાન ચિત્રવિચિત્ર પ્રકારના થાય તેમાં મુખ્ય ત્રણ ભેદ ૧ ક્ષિપ્ત-ઉત્ક્ષિપ્ત, ૨ સમતલ ( છાતિયાનું ઢાંકણ ), ૩ ઉદિત. તે કોલકાચલાથી ઊંચેઊંચે ચડતા થરોથી ઢંકાતે ઘુમ્મટ = વિતાન એ રીતે વિતાન = કરોટક = ઘુમ્મટના મુખ્ય ત્રણ પ્રકાર જાણવા. ૨૭-૨૮

"Aho Shrutgyanam"




વિતાનના થરો, કર્ણ, દર્દરિકા, રૂપકંકા, ગવાક્ષ અને
કોલના થરથી આચ્છાદિત વિતાનમધ્યમાં લટકતી પદ્મશિલા

"Aho Shrutgyanam"



વિતાનના થરોનું તલદર્શન

"Aho Shrutgyanam"



સમતલ વિતાન (છીતીયાથી ઢાંકણુ)

बलाणकम्--


ब्रह्मेश-विष्णु-चन्द्रार्क-जिनाग्रे स्याद् बलाणकः ।
प्रासादाग्रे गृहे दुर्गे राजद्वारे जलाश्रये ॥ २९ ॥

वामनश्च विमानश्च हर्म्यशाल(श्च) पुष्करः ।
तथा चोत्तुङ्गनामा च पञ्चैते च बलाणकाः ॥ ३० ॥

वामनो देवताग्रे च विमानोत्तुङ्गै (ङ्गो) राजवेश्मनि ।
हर्म्यशालं गृहे वाऽपि प्रासादे नगराननें ॥ ३१ ॥

पुष्करं वारिमध्यस्थमग्रतश्चैव भूषितम् ।
सप्तनवभूम्युत्तुङ्गमत ऊर्ध्वं न कारयेत् ॥ ३२ ॥ इति पंचविधबलाणकम्

"Aho Shrutgyanam"




ક્ષિપ્તાનુક્ષિપ્ત વિતાન


બ્રહ્મા, મહેશ, વિષ્ણુ, ચંદ્ર, સૂર્ય અને જીનના પ્રાસાદો આગળ બલાણુક કરવા. ભવન આગળ ડેલી તે બલાણુક; દુર્ગના દરવાજા પર, રાજપ્રાસાદ આગળ અને જલાશ્રયમાં કે આગળ એમ બલાણુકો કરવા. ૧ વામન, ૨ વિમાન, ૩ હર્મ્યશાલ, ૪ પુષ્કર, ૫ ઉત્તુઙ્ગ એમ પાંચ પ્રકારનાં નામો જાણવાં. દેવપ્રાસાદના આગળનો કે જગતી બરાબર કે ઉપર ૧ વામન નામે બલાણુક જાણવો, રાજપ્રાસાદ આગળ ૨ વિમાન કે ૫ ઉત્તુંગ નામનો બલાણુક, ઘર આગળ કે નગરના મુખ આગળ દરવાજા પર ૩ હર્મ્યશાલ નામે બલાણુક અને જલાશ્રયની મધ્યમાં કે તેના મુખ આગળ શોભતો એવો ૪ પુષ્કર નામનો બલાણુક જાણવો. ઉત્તુંગ બલાણુક સાત કે નવ માળ ભૂમિ સુધી ઊંચાઈના કીર્તિસ્તંભ જેવો કરવો, તેનાથી વધુ ઊંચો ન કરવો. ઘર કરતાં ડેલી ઊંચી ન કરવી. ૨૯-૩૨




"Aho Shrutgyanam"




વિતાન વિસ્તાર ૬૬ ભાગ, ઉદય ૩૩ ભાગ





१८ वीं शताब्दी से वर्तमान कालकी ओरीसा शैली. ५

प्रभाशंकर ओ. सोमपुरा

"Aho Shrutgyanam"

अथ संवरणा—

संवरणाश्च प्रवक्ष्यामि प्रथमं पञ्चघण्टन् ( घण्टकान् ) ।
चतुर्घण्टाभिर्वृद्धया च यावद्दे( दे )कोत्तरं शतम् ॥ ३३ ॥

पञ्चविंशतिरित्युक्ता विभक्तिभागसङ्ख्यया ।
विभक्तिरष्टभागाद्या यावद् वेदोत्तरं शतम् ॥
छाद्योद्गमास्तरकूटस्तदूर्ध्वे घण्टिका भवेत् ॥ ३४ ॥

दीपार्णव

હવે હું સંવરણા વિશે કહું છું. શરૂમાં પાંચ ઘંટાથી ચાર-ચાર ઘંટાની વૃદ્ધિ કરતાં એકસો એક ઘંટા સુધીની; તેના ભાગ સંખ્યાથી પચીસ સંવરણા કહી છે. વિભક્તિ ભાગ સંખ્યાએ પહેલી આઠ ભાગની સંવરણાથી એકસો ચાર ભાગ સુધીની એમ પચીસ સંવરણા ચાર-ચાર ભાગની વૃદ્ધિથી કરતા જવું. પ્રત્યેક થર નીચે છાજલી, તે પર મધ્યે દોઢિયા અને ખૂણે કૂટ, તેના પર ઘંટા એ વિધિથી સંવરણાના થરો સમજવા. ઉપર ભદ્રના ઉરુશ્રૃઙ્ગની જેમ ઉરુઘંટા અને સર્વોપરિ મધ્યે મૂલ ઘંટા પર કળશ સ્થાપન કરવો. ૩૩-૩૪

कीर्तिस्तम्भ-प्रतोल्या—

स्तम्भगर्भे भित्तिगर्भे तन्मध्ये च विचक्षण ।
तोरणस्योभयस्तम्भौ ब्रह्मगर्भे तु संस्थितौ ॥ ३५ ॥

पीठकुम्भीस्तम्भभरणशिरगडदीपुनः शर् ।
पट्ट उर्ध्वे पट्टोपरि क्षुट ( कूट ) छाद्योर्ध्वतिलकः ॥ ३६ ॥

स्तम्भद्वयेन चोत्तुङ्गं युग्मस्तम्भैर्मालाधरः ।
चतुरस्र-चतुःस्तम्भैर्विचित्रः परिकीर्तितः ॥ ३७ ॥

स्तम्भस्योभये पक्षे वेदिका चित्ररूपकम् ।
षड्भिः स्तम्भैस्तु रूपाढ्यमकरैर्ध्वे( रध्व )जमुच्यते ॥ ३८ ॥


दीपार्णव

હે બુદ્ધિમાન શિલ્પી, તોરણના બે સ્તમ્ભો પ્રાસાદના પદના ગર્ભે કે ભીંતના ગર્ભે કે તે બે વચ્ચે સ્થાપન કરવા, પરંતુ સન્મુખની ઊભા બ્રહ્મગર્ભની બેઉ બાજુ તોરણના બેઉ સ્તંભો ઊભા કરવા. કામદ પીઠ પર કુંભી, સ્તમ્ભ, ભરણું, સરૂ, તેપર ગડદી = ઠેકી પર ફરી ભરણું સરૂ ચડાવી તે પર પાટ આડો મૂકવો. તેના પર કૂટછાદ્ય, તે પર સ્તંભગર્ભ તિલક કરવું અને મધ્યમાં ઇલિકા તોરણ અને દેવસ્વરૂપો કરવાં.

( ૧ ) બે સ્તંભોના પ્રતોલ્યાને ૧ ઉત્તુંઙ્ગ, ( ૨ ) જોડકા સ્તંભોવાળા પ્રતોલ્યાને ૨ માલાધાર, ( ૩ ) ચાર સ્તંભોની ચોકીના પ્રતોલ્યાને ૩ વિચિત્ર, ( ૪ ) ચાર સ્તંભોની ચોકીને બે બાજુ કક્ષાસન કરવાથી ૪ ચિત્રરૂપ અને ( ૫ ) ૭ સ્તંભોયુક્ત પ્રતોલ્યાને ૫ મકરધ્વજ કહે છે. આમ પાંચ પ્રતોલ્યાનાં સ્વરૂપો જાણવાં. ૩૫-૩૮

॥ इति मण्डपाधिकारः ॥


"Aho Shrutgyanam"




પ્રતોલ્યા


"Aho Shrutgyanam"

## प्रतोल्या स्वरूप




चित्ररूप पोर




P.O.S.



कूर्मशिला जगती भिट्ट पीठ प्रासादोदयद्वार भित्ति स्तंभ आसनस्थ ऊर्ध्वस्थ प्रतिमानुं १ गजथी १०० गज सुधीनुं मानप्रमाण

| प्रासाद गज | कूर्मशिला प्रा. ति. | कूर्मशिला क्षीरा. दीपा | जगती मान दीपा | भिट्ट मान | पीठ मान प्रा. ति. | प्रासादोदय | भित्त पृथु मान | द्वारोदय मान | स्तम्भ पृथुमान | प्रतिमामान आसनस्थ | प्रतिमामान ऊर्ध्वस्थ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| १ | ४ आं. | ०.४ | ०.१२ | ०.४ | ०.१२ | १.८ | ०.५ | ०.१६ | ०.४ | ०.६ | ०.११ |
| २ | ६ आं. | ०.६ | १ गज | ०.५ | ०.१६ | २.८ | ०.१० | १.८ | ०.७ | ०.१२ | ०.२१ |
| ३ | ८ आं. | ०.९ | १.१२ | ०.६ | ०.१८ | ३.५ | ०.१४॥ | २.० | ०.९ | ०.१८ | १.७ |
| ४ | १० आं. | ०.१२ | २ गज | ०.७ | १.४ | ४.३ | ०.१९ | २.१६ | ०.१२ | १.० | १.१७ |
| ५ | १२ आं. | ०.१२॥। | २.१२ | ०.८ | १.८ | ५ गज | २.१ | २.१९ | ०.१३॥ | १.३ | १.१९ |
| ६ | १४ आं. | ०.१३॥ | ३ गज | ०.८॥। | १.१२ | ५.१६ | २.५ | २.२२ | ०.१५ | १.६ | १.२१ |
| ७ | १६ आं. | ०.१४॥ | ३.१२ | ०.९॥ | १.१६ | ६.८ | ३.९॥ | ३.१ | ०.१६॥ | १.९ | १.२३ |
| ८ | १८ आं. | ०.१५ | ४ गज | ०.१०। | १.२० | ७ गज | ३.१४॥ | ३.४ | ०.१८ | १.१२ | २.१ |
| ९ | १९ आं. | ०.१५॥। | ४.१२ | ०.११ | २.० | ७.१६ | ३.१९ | ३.६ | ०.१९॥ | १.१५ | २.३ |
| १० | २० आं. | ०.१६॥ | ५ गज | ०.११॥। | २.४ | ८.८ | २.२४ भ्रम | ३.८ | ०.२१ | १.१८ | २.५ |
| २० | १.१६ | ०.२२ | ८.१६ | ०.१६॥। | ३.१० | १२.८ | ३.१६ भ्रम | ४.४ | १.८॥ | २.४ | २.१५ |
| ३० | २.१२ | १.१॥ | ११.४० | ०.१९। | ४.६ | १८.५ | २.१२ भ्रम | ५.० | १.१८ | २.१४ | ३.१ |
| ४० | ३.८ | १.३॥ | १३.१४ | ०.२१॥। | ४.२२ | २१.१३ | ३.८ भ्रम | ५.२० | १.२३ | ३ गज | ३.११ |
| ५० | ४.४ | १.४॥। | १५ गज | १.०। | ५.८ | २४.२१ | ४.४ भ्रम | ६.१६ | २.४ | ३.१० | ३.२१ |

"Aho Shrutgyanam"

॥ ५ ॥

॥ वेधदोषादि ॥

दिक्शुद्धिकृते वास्तौ दिग्मूढ वास्तुवेधकृत् ।
जीर्णे तु स्थापिते वास्तु वेधदोषो न विद्यते ॥ १ ॥
पूर्वोत्तरे च दिग्मूढं मूढं पश्चिमदक्षिणे ।
तत्र मूढममूढं वा तत्तु तीर्थं समं हि तम् ॥ २ ॥
सिद्धायतने तीर्थेषु नदीनां सङ्गमेषु च ।
स्वयम्भूबाणलिङ्गेषु तत्र दोषा न विद्यते ॥ ३ ॥
जिनेन्द्राणां समवरणे दिग्दोषो न विद्यते ॥

सूत्रसंतान

પ્રત્યેક વાસ્તુની દિક્શુદ્ધિ કરવી. દિગ્મૂઢ વાસ્તુ દોષિત જાણવા, પરંતુ જીર્ણવાસ્તુના જીર્ણોદ્ધારમાં દિગ્મૂઢને ગણિત આદિ કે કોઈ દોષ લાગતો નથી. પૂર્વ અને ઉત્તર વચ્ચે અગર તો પશ્ચિમ અને દક્ષિણ વચ્ચે (એટલે ઈશાનથી નૈઋત્યના સૂત્રે) જો દિગ્મૂઢ હોય તો તે મૂઢને અમૂઢ જાણવો. તે તીર્થસમાન દોષરહિત જાણવું. સિદ્ધ મુનિઓના આશ્રમમાં તીર્થસ્થાનમાં કે નદીના સંગમસ્થાન પર, સ્વયંભૂ કે બાણલિંગના સ્થાન પર અને જૈન સમોરણમાં દિગ્મૂઢનો દોષ લાગતો નથી. ૧-૩

पाषाणान्तं जलान्तं वा वालुकान्तं खनेद् भूमि(म्) ।
केशाङ्गाराःकाष्ठलोहाः शल्यभ(स्मानि) शोधयेत् ॥ ४ ॥
आय-ऋक्ष-गण-चन्द्र-चतुरङ्गं प्रयोजयेत् ।
आयादि अङ्गशुद्धिं[तु] न जीर्णे चिन्तयेद् गृहे ॥ ५ ॥

अपराजित

પાયો પાષણ સુધી, જલ સુધી કે વાલુરેતીના અંત સુધી, પાકી ભૂમિ આવે ત્યાં સુધી ખોદી શિલારોપણ વિધિ કરવી. જમીનમાં વાળ, કોલસા, લાકડું, લોઢું, હાડકાં કે રાખ આદિ શલ્ય કાઢી ભૂમિ-શુદ્ધિ કરવી. આ શલ્યો કાઢી નાખવાં. આય, નક્ષત્ર, ગણ અને ચંદ્ર એ ચાર ગણિતનાં અંગો મેળવવાં. જીર્ણમંદિર કે ઘરમાં આયાદિ અંગ મેળવવાની જરૂર નથી. ત્યાં દોષ લાગતો નથી. ૪-૫

वर्जयेदर्हतः पृष्ठमग्रं तु शिवसूर्ययोः ।
ब्रह्म-विष्णु(ष्णो)श्च पार्श्वं तु चण्डी सर्वत्र वर्जयेद् ॥ ६ ॥


अपराजित

જિન તીર્થંકરના મંદિરની પૂંઠે, સૂર્ય અને શિવના સન્મુખ, બ્રહ્મા અને વિષ્ણુની બાજુમાં ઘર ન કરવું, પરંતુ ચંડીના મંદિરની ચારે તરફ ચારે બાજુ ક્યાંય ઘર ન કરવું. ૬

प्रसिद्धराजमार्गस्य(र्गाच्च) प्राकारान्तरे(रतो)ऽपि वा ।
त्यक्त्वा द्विगुणां भूमि वेधदोषो न जायते ॥ ७ ॥

सूत्रसन्तान

"Aho Shrutgyanam"




મહેશ, વિષ્ણુ અને બ્રહ્માની મૂર્તિઓનું ઉદ્ગમ

વેધદોષ આવે ત્યાં જો પ્રસિદ્ધ રાજમાર્ગ હોય, કોટ કિલ્લો કે કમ્પાઉન્ડ જેવું અંતર હોય, અગર તે બે વચ્ચે બમણી ભૂમિનું અંતર હોય તો વેધદોષ લાગતો નથી. ૭

नाभिवेधः–

अग्रतः पृष्ठतश्चैव वामदक्षिणतोऽपि वा ।
प्रासादं कारयेदन्यं नाभिवेधं विवर्जयेद् ॥ ८ ॥

ब्रह्माविष्णुरेकनाभौर्द्वयो दोषो न विद्यते ।
शिवसूर्याग्रे न देवस्य दृष्टिवेधमहद्भयम् ॥ ९ ॥

सूत्रसन्तान

८

"Aho Shrutgyanam"

એક દેવના પ્રાસાદ આગળ, પાછળ કે બાજુમાં જો અન્ય દેવના પ્રાસાદનું નિર્માણ કરવાનું હોય ત્યારે આગળ, પાછળ કે બાજુમાં ગર્ભવેધ થવા ન દેવો. જો ગર્ભવેધ થાય તો નાભિવેધ જાણવો. તે અવશ્ય ત્યાગવો. બ્રહ્મા અને વિષ્ણુનાં મંદિરો એક નાભિ પર કરવાં તેમાં દોષ નથી, પરંતુ શિવ અને સૂર્યના સામે કોઈપણ મંદિરની સ્થાપના કરવી નહિં, કારણ કે એથી દૃષ્ટિવેધનો મહાભય ઊપજે છે ૮–૯

विभक्ति तलच्छन्दाय (न्दे तु) शिखरोर्ध्वं हि कारयेत् ।
ऊर्ध्वामिधानकं ख्यातं तलच्छन्दं तथाभिधम् ॥ १० ॥

हीनमाने कृते दोषाः कथ्यते (कथयते) तान् समासतः ।
आयुर्हानिं द्वारहीने कौलिहीने धनक्षयः ॥ ११ ॥

अपदस्थापितैः स्तम्भैर्महारोगं विनिर्दिशेत् ।
स्तम्भव्यासोदये हीने कान्ता तत्र विनश्यति ॥ १२ ॥

अपराजित

પ્રાસાદના તલચ્છંદની વિભક્તિ અનુસાર છજા પર શિખર કરવું. ઉપરનું શિખર જે નામથી ઓળખાતું હોય તે જ તળચ્છંદ રાખવું. તેમાં ફેરફાર કદી ન કરવો. શાસ્ત્રમાં કહેલા માનથી ઓછું કરવાથી જે દોષો કહેલા છે તે હું કહું છું દ્વારહિનતાથી આયુષ્ય ઘટે. કોળી હીનથી કે પ્રનાળહીનથી ધનનો નાશ થાય. સ્તંભના પદથી વિમુખ જો સ્તંભ સ્થાપન કરે તો મહારોગ ઉત્પન્ન થાય. જાડાઈ કે ઊંચાઈથી ઓછું કરવાથી સ્ત્રીનો નાશ થાય. ૧૦–૧૨

प्रसादपीठहीने तु नश्यन्ति गजवाजिनः ।
रथोपरथहीने तु प्रजापीडां विनिर्दिशेत् ॥ १३ ॥

जङ्घाहीने भवेद् बन्धोर्नाशः कर्तुकारादिकः ।
शिखरहीनमाने तु नश्यन्ति पुत्रपौत्रकाः ॥ १४ ॥

अपराजित

પ્રાસાદ પીઠ વગરનો કરવાથી હાથી, ઘોડા વ. વાહનોની સમૃદ્ધિનો (વાહનાદિનો) નાશ થાય. પ્રાસાદના રથ ઉપરથનાં ઉપાંગો માનથી ઓછા કરવાથી પ્રજાને પીડા કરાવે. મંડોવરની જંઘા ઓછી કરવાથી ભાઈઓ, કર્તા અને કરાવનારનો નાશ થાય. શિખર પ્રમાણથી નાનું કરવાથી પુત્રપૌત્રાદિનો નાશ થાય. ૧૩-૧૪


अतिदीर्घे कुलच्छेदो ह्रस्वे व्याधिसमुद्भवः ।
स्थूले स्थापने पीडा कर्ता तत्र विनश्यति ॥ १५ ॥

स्कन्धहीनो( नः ) कबन्धश्च समसन्धिः शिरोगुरुः ।
अप्रसारिते पादे पञ्चैते धननाशकाः ॥ १६ ॥

दिग्मूढो नष्टच्छन्दश्च ह्रायते हीने शिरोगुरुः ।
ज्ञेया दोषास्तु चत्वारः प्रासादाः कर्मदारुणाः ॥ १७ ॥

अपराजित

"Aho Shrutgyanam"



યોગેશ્વરવિષ્ણુ લક્ષ્મીનારાયણ યોગેશ્વરશિવ

"Aho Shrutgyanam"

શિખર પ્રમાણથી લાંબું થાય તો કુળનો નાશ થાય. ટૂંકું થાય તો વ્યાધિ રોગ થાય. નીચેથી જાડું પ્રમાણથી ભારે થાય તો કરાવનારને પીડા ને નાશ થાય ૧ શિખરના બાંધણે સાંકડું કે ૨ ચપટ બંધ વગરનું કે ૩ સાંધ પર સાંધ હોય કે ૪ માથાભારે નીચે સાંકડું ને ઉપર પહોંળું હોય કે ૫ પાયા વગરનું કે પાતળા પાયા વાળું બાંધકામ એ પાંચે દોષો લક્ષ્મીનો નાશ કરે છે. બીજા ચારમહાદોષો ૧ દિઙ્મૂઢ હોય, ૨ નષ્ટ છંદ હોય, ૩ વ્યયથી આય ઓછો હોય, ૪ માથા ભારે ઉપર પહોળું ને નીચે સાંકડું હોય તે ચાર મહા દોષ પ્રાસાદકર્મમાં મહાભયંકર જાણવા. ૧૫-૧૭

एकद्वित्रिकमात्राभिर्गर्भगेहं यमा( दा )यतम् ।
यमचुल्ली तदा नाम कर्तृभर्तृविनश्यकम् ॥ १८ ॥
जगत्यां लोपयेच्छालां शालायां मण्डपं तथा ।
मण्डपे नैव प्रासादो ग्रस्तश्चेद् दोषकारकम् ॥ १९ ॥

सूत्रसन्तान

જગતીથી શાળા, ચોકી, ચોકીથી મંડપ અને મંડપથી ગર્ભગૃહ એમ ઉત્તરોત્તર ઊંચાં ઊંચાં ભૂમિતળ રાખવાં. નીચે રાખવાથી દોષ લાગે છે. ૧૮–૧૯

दीर्घमानाधिकं ह्रस्वं वक्रे चापि सुरालये ।
छन्दभेदे जातिभेदे हीनमाने महद्भयम् ॥ २० ॥
मण्डलं जालकं चैव कीलकं सुखिरं तथा ।
छिद्रं सन्धिश्च काराश्च महादोषा इति स्मृताः ॥ २१ ॥

अपराजित

પ્રાસાદમાનથી લાંબુ કે ટૂંકું કરવાથી વક્ર કે છંદભેદ. જાતિભેદ કે હીનમાન કરવાથી મહાદોષકારક ભય ઊપજે. મંદિરમાં ભમરા મંડળ કરે, કરોળિયા જાળ કરે કે બાંધે, જીવડા ખોતરી ખાય, બાકાં પાડે, ભમરા દરછિદ્ર પાડે, ચૂનામાં તડો પાડે, પોપડા પડે, ભીંતોમાં ચીરાડા પડે, તો આ બધા ભિન્ન દોષ કહેવાય તે મહાદોષકારક જાણવા. અર્થાત્ કર્તાએ જીર્ણોદ્ધાર કરાવવો. ૨૦-૨૧

**जिर्णोद्धारवास्तु—**

अन्यायद्रव्यनिष्पन्ना परवास्तुदलोद्भवा ।
हीनाधिकाङ्गी प्रतिमा स्वपरोन्नतिनाशिनी ॥ २२ ॥

विवेकविलास

અન્યાયથી પેદા કરેલા દ્રવ્યથી મંદિર કે પ્રતિમા કરાવે કે કોઈ કામ સારુ લાવેલ વાસ્તુદ્રવ્ય પાષાણુ કે કાષ્ઠ બીજા મંદિરમાં વાપરે કે પ્રતિમા હીન કે અધિક અંગવાળી થાય તો પોતાના અને પારકાના હિતનો નાશ થાય. ૨૨

आचाल्यं चालयेद्वास्तु विप्रवास्तुशिवालयम् ।
न चालयेद् सर्वदा तं हि चालिते राष्ट्रविभ्र [ म ]म् ॥ २३ ॥

"Aho Shrutgyanam"

यद्यथा स्थापितं वास्तु तत्तथैव हि कारयेत् ।
अव्यङ्गं चालितं वास्तु दारुणं कुरुते भयम् ॥ २४ ॥

खण्डितं स्फुटितं भग्नं चलितं चालितं तथा ।
पतितं पातितं जीर्णमाग्निलीढं समुद्धरेत् ॥ २५ ॥

अपराजित

જે મંદિર ચલિત ન થઈ શકે તેવું, ન પડે તેવું હોય તો, વિદ્વાન બ્રાહ્મણનું ઘર કે શિવાલય એ સર્વ પડે તેવું ન હોય છતાં પાડે તો દેશ અને રાષ્ટ્રનો નાશ થાય છે.

જે વાસ્તુ સ્થાપિત–સ્થિર હોય તેને નિષ્કારણ પાડે કે તે વાસ્તુ વાંકું, ચાળેલું, પાડવા જેવું ન હોય છતાં જો પાડે તો મહાભયંકર ભય ઉપજાવે. ખંડિત થયેલું, ફાટેલું, ભાંગેલું, ચલિત થયેલું કે ચાળેલું પડેલું કે અપવિત્ર થયેલું, જીર્ણ અને અગ્નિથી બળેલું હોય તેવા વાસ્તુનો જ જીર્ણોદ્ધાર કરી શકાય. ૨૩-૨૫

अथ चेत् चालयेत्तत्तु जीर्णं व्यङ्गं च दूषितम् ।
आचार्यं शिल्पिभिः प्राज्ञः शास्त्रदृष्ट्या समुद्धरेत् ॥ २६ ॥

स्वर्णजं रूप्यजं वापि कुर्यान्नागवृषादिकम् ।
तस्य शृङ्गेन दन्तेन पतितं पातयेत्सुधीः ॥ २७ ॥

अपराजित

જો જીર્ણ પ્રાસાદ વાસ્તુ પડી જાય તેવું વાંકું ને ચલિત કરવા જેવું દૂષિત હોય તો બુદ્ધિમાન પુરુષોએ આચાર્ય અને કુશળ શિલ્પીને બોલાવી તેનો શાસ્ત્ર દૃષ્ટિથી જીર્ણોદ્ધાર કરાવવો. સુવર્ણ કે ચાંદીના હાથીના દંતૂશળે કે નંદીના શિંગડેથી પહેલાં પડે તેવું હોય તેને પાડવાનો પ્રારંભ કરવો. ૨૬-૨૭ ( શુભ મુહૂર્તમાં વાસ્તુદેવનું પૂજન અને શિલ્પીને સંતુષ્ટ કરવા. )


तद्रूपे( पं ) तत्प्रमाणं च पूर्वसूत्रं न चालयेत् ।
हीने तु जायते हानिरधिके स्वजनक्षयः ॥ २८ ॥

वास्तुद्रव्याधिकं कुर्यात् मृत्काष्ठे शैलजं हि वा ।
शैलजे धातुजं चैव धातुजे रत्नजं तथा ॥ २९ ॥

જીર્ણોદ્ધાર કરતાં જૂનું જે માપનું લાંબું પહોળું કે ઊંચું હોય તે જ માપનું કરવું. તેનું પૂર્વસૂત્ર ચાળવવું નહીં. જો પહેલાના જૂનાથી ઓછું કરે તો હાનિ–નુકસાન થાય અને મોટું કરે તો પોતાના કુટુંબપરિવારનો નાશ થાય. પ્રાસાદાદિ વાસ્તુકાર્યનો જીર્ણોદ્ધાર કરતાં જે દ્રવ્યનું હોય તેનાથી અધિક દ્રવ્યનું કરવું અર્થાત્ માટીનું હોય તો ઈંટ કાષ્ઠનું કરવું. ઈંટનું હોય તો પાષાણનું કરવું અને પાષાણનું હોય તો ધાતુરત્નનું કરવું. ૨૮-૨૯

दिशिलो [ पं ] पदलोपं च गर्भलोपं तथैव च ।
उभयौ नरके यान्ति ( तः ) स्वामिसर्वधनक्षयः ॥ ३० ॥

"Aho Shrutgyanam"



અલંકૃત પ્રતોલ્યા—કલ્યાણ-૧

थरभङ्गो यदा यस्य कोपितास्त्वत्र देवताः ।
शिल्पिनो च ( नश्च ) क्षयं यान्ति तद् भवेद् स्वामिमृत्युदम् ॥ ३१ ॥
विषमपदस्तुलास्तम्भं पादभित्तिनष्टकम् ॥
क्रमपदचलिते यच्च न शुभं कर्त्तुकारकम् ॥ ३२ ॥



"Aho Shrutgyanam"

દિગ્મૂઢ, પદલોપ, ગર્ભલોપથી સ્વામી અને શિલ્પી બેઉનો નરકવાસ થાય છે અને સ્વામીની લક્ષ્મીનો નાશ થાય છે. પાષાણુ કે ઈંટોના થરમાં ભંગ થાય તો પ્રાસાદના દેવતા કોપિત થાય છે, સ્વામી અને શિલ્પીનો નાશ થાય છે. ચોરસાઈમાં વિષમ પદ કાટખૂણે ન હોય તેના પદ કે પાટડા કે એકીસ્તંભ હોય કે નીચે ભીંતો પાયા વગરની હોય તો તેથી કર્તા કરાવનારનું અશુભ થાય છે. ૩૦-૩૨

**संवर्द्धन—**

एक-द्वि-त्रि योगेन वृद्धीति वास्तुशोभनम् ।
पुरां तु पूर्वतो वृद्धि अपरा नैव वर्धयेत् ॥ ३३ ॥

**जयपृच्छा**

જો ભવનપતિ સમૃદ્ધ થાય તો ભવનવાસ્તુની એક, બે, ત્રણ તરફ વૃદ્ધિ કરવી. સંમુખ પૂર્વમાં વધારવું કે ડાબી જમણી તરફ વધારવું તે સર્વકામનાને આપનાર જાણવું પરંતુ એકલો પાછલો ભાગ વધારવો નહીં. ૩૩.

न्यूनाधिकयेन पट्टान्नां तुलावेधः उपर्यधः ।
एकखण्डो नीचोच्यत्वे पट्टानां तालुवेधता ॥ ३४ ॥

**विवेकविलास**

પાટ ઉપર પીઢિયા નાનામોટા હોય તો તે 'તુલાવેધ' જાણવો. તેમ જ એક ખંડ (૩૫)માં પાટડા ઊંચાનીચા હોય તો તે 'તાલુવેધ' જાણવો. ૩૪

**छायादोष—**

देवध्वजकूपवृक्ष न दोषं उत्तरायतम् ।
पूर्वापरं च दोषाणां छाया तुष्टि दोषयेत ॥ ३५ ॥

**गृहप्रकरण**

प्रथमान्त्यं यामवर्ज्यं द्वित्रिप्रहरसम्भवा ।
छायावृक्षध्वजाकूप सदादुःखप्रदायिनी ॥ ३६ ॥

**सूत्रसन्तान**

ઘર પર દેવના શિખરની, ધ્વજાની કે વૃક્ષની છાયા કે ઘરની છાયા કૂવામાં પડે તો તે દોષકારક છે, પરંતુ તે ઉત્તરદક્ષિણમાં પડે તો દોષકર્તા નથી. પૂર્વપશ્ચિમની છાયા દોષકારક જાણવી. પરંતુ તે દિવસના પહેલા કે ચોથા પ્રહરનો છાયા છોડીને બીજા કે ત્રીજા પ્રહરની છાયા દેવધ્વજ કે વૃક્ષની પડે તો અગર ઘરની છાયા તે સમયે કૂવામાં પડે તો હંમેશાં દુઃખકારક જાણવી ૩૫-૩૬

उत्तमोत्तमधात्वादि पाषाणेष्टिकाकाष्ठकम् ।
श्रेष्ठमध्याधमद्रव्यं लोहं चैवाधमाधमम् ॥ ३७ ॥

**प्रकीर्णकवास्तु**


"Aho Shrutgyanam"

ધાતુ ઉત્તમમાં ઉત્તમ છે. પાષાણુ, ઈંટ અને કાષ્ઠ એ શ્રેષ્ઠ, મધ્યમને કનિષ્ઠ વાસ્તુ દ્રવ્ય કહ્યાં છે, પરંતુ લોખંડ તો અધમમાં અધમ દ્રવ્ય કહ્યું છે. લોહકર્મ દેવમંદિરમાં વર્જ્ય જાણવું. ૩૭

अशास्त्रं मन्दिरं कृत्वा प्रजाराज्यगृहाणि च ।
तद्गृहाण्यशुभान्वा( न्या )हु श्रियस्तत्र न विद्यते ॥ ३८ ॥

निर्दोषवास्तु

શાસ્ત્રવિધિરહિત મંદિર, પ્રજા કે રાજાનું ભવન કરવાથી તે ભવનો અશુભ જાણવાં. તેમાં લક્ષ્મી કદી વાસ કરતી નથી. ૩૮



શિવતાંડવ નૃત્ય

"Aho Shrutgyanam"

द्वारमध्ये स्तु(त्तु)लास्तम्भो नागदन्तश्च भित्तिका ।
द्वारमध्ये समा श्रेष्ठा न चैते विषमा स्थिता ॥ ३९ ॥

**प्रकीर्णकवास्तु**

મંદિર કે ઘરના દ્વારની સામે પાટ સ્તંભ નાગદન્ત (ઘોડા) કે ભીંત=દીવાલ હોય તો તે નેષ્ટ છે, પણ તે દ્વારમાં જો એક સ્તંભ કે નાગદન્ત હોય તો દોષ છે પરંતુ દ્વારમાં જો તે બે પડતા હોય તો તે દોષકારક ન જાણવા. ૩૯

अल्पलेपं बहुलेपं समसन्धि शिरोगुरु ।
अप्रतिष्ठा(ष्ठं) पादहीनं तच्च वास्तु विनश्यति ॥ ४० ॥

**सूत्रसन्तान**

ચણુતરકામમાં, સાંધાઓમાં પ્રમાણથી ઓછો ચૂનો હોય કે બહુ ચૂનો વાપર્યો હોય તેમ જ ચણુતરકામમાં પાષાણ કે ઈંટોના થરોના સાંધાચળો ન હોય (એટલે સાંધ પર સાંધ હોય) અગર કામ માથાભારે ઉપર પહોળું ને નીચે સાંકડું હોય અગર પાયાપીઠ વગરનું હોય તેવું વસ્તુ નાશકારક જાણવું. ૪૦

देवप्रदक्षिणा—

एका चण्डया रवेः सप्त तिस्रोदद्याद्विनायके ।
चतुरस्रो वास्तु(विष्णु)देवस्य शिवस्यार्धं प्रदक्षिणा ॥ ४१ ॥

**अपराजित**

દેવી ચંડીના મંદિરને એક, સૂર્યના મંદિરને સાત, ગણેશને ત્રણ, વિષ્ણુને ચાર અને શિવલિઙગને અર્ધ પ્રદક્ષિણા કરવી કારણ કે શિવની પ્રનાલ ઓળંગાય નહીં. ૪૧

अल्पदोषं गुणाधिक्यं दोषायतनं भवेद्गृहम् ।
दोषाधिक्यं गुणाल्पत्वं गृहमंते विवर्जयेत् ॥ ४२ ॥

**सूत्रसन्तान**

જે વાસ્તુ-પ્રાસાદ-ગૃહ-જળાશ્રય-જે થોડા દોષ અને ઘણા ગુણવાળું હોય તો તે વાસ્તુ દોષરહિત જાણવું. તે દોષિત ગણાય નહિ. જેમ શુદ્ધ અગ્નિમાં થોડાં જળબિંદુઓથી અગ્નિ હોલવાતો નથી, તે રીતે તેવું કાર્ય નિર્દોષ જાણવું. પરંતુ જેમાં ઘણા દોષો હોય અને ગુણ ઓછા હોય તેવું વાસ્તુ અંતે ત્યજી દેવું. ૪૨

॥ इति वेधदोषादि ॥

॥ ६ ॥

॥ **प्रतिष्ठामुहूर्त** ॥

पूर्वोक्तसप्तपुण्याह प्रतिष्ठा सर्वसिद्धिदा ।
रवौ सौम्यायने कुर्याद् देवानां स्थापनादिकम् ॥ १ ॥

"Aho Shrutgyanam"


સૂર્ય


ચંદ્ર


મંગળ


બુધ



ગુરુ


શુક્ર


શનિ


રાહુ


કેતુ



प्रतिष्ठा चोतरामूले आर्द्रायां च पुनर्वसौ ।
पुष्य हस्ते मृगे स्वाति रोहिण्यां श्रु(श्रु)तिमैत्रमे ॥ २ ॥
तिथिं रिक्तां कुजं घिष्ण्यं क्रूरविद्धं विधुं तथा ।
दग्धां तिथिं च गण्डान्तं चरभोपग्रहं त्यजेत् ॥ ३ ॥
सुदिने सुमुहूर्ते च लग्ने सौम्ये युतेक्षिते ।
अभिषेकः प्रतिष्ठा च प्रवेशादिकमिष्यते ॥ ४ ॥

આગળ કહેલા સાત પુણ્યાહ દિવસે પ્રતિષ્ઠા કરવાથી સર્વસિદ્ધિ પ્રાપ્ત થાય છે. સૂર્ય ઉત્તરાયણમાં હોય તેવા સમયે પ્રાસાદ અને દેવતાદિની પ્રતિષ્ઠા કરવી તે શુભ છે. શુભ નક્ષત્ર, ત્રણ ઉત્તરા, મૂળ, આર્દ્રા, પુનર્વસુ, પુષ્ય, હસ્ત, મૃગશીર્ષ, સ્વાતિ, રોહિણી, શ્રવણ અને અનુરાધા, એટલાં નક્ષત્રો પ્રતિષ્ઠા કાર્યમાં શુભ જાણવાં. વર્જવા યોગ્ય રિક્તા તિથિ, મંગળવાર, નક્ષત્રવેધ, નેષ્ટગ્રહો, દગ્ધાતિથિ, અવયોગ, ગંડાંત યોગ, ચર રાશિ અને ઉપગ્રહ એ સર્વ પ્રતિષ્ઠાદિ શુભકાર્યમાં ત્યાગવાં. શુભ દિવસ, શુભ મુહૂર્તમાં શુભગ્રહ, લગ્નમાં સૌમ્યગ્રહ એ બધું જોઈને રાજ્યાભિષેક કે દેવ પ્રતિષ્ઠા અને ગૃહપ્રવેશ કરવાં તે શુભ જાણવું. १-४

प्रासादाग्रे तथैशान्ये उत्तरे मण्डपं शुभम् ।
त्रिपञ्चसप्तनन्दैकादशविश्वकरान्तरे ॥ ५ ॥
मण्डपः स्यात् करैरष्टदशसूर्यकलामितैः ।
षोडशहस्ततः कुण्डे दशादधिक इष्यते ॥ ६ ॥
स्तम्भैः षोडशसंयुक्तं तोरणादिविराजितम् ।
मण्डपे वेदिका मध्ये पञ्चाष्टनवकुण्डकम् ॥ ७ ॥

પ્રતિષ્ઠા મણ્ડપ-પ્રાસાદની આગળ કે ઈશાનકોણમાં કે ઉત્તર દિશામાં પ્રાસાદથી ત્રણ, પાંચ, સાત, નવ, અગિયાર કે તેર હાથના અંતરે પ્રતિષ્ઠાના યજ્ઞમંડપનું નિર્માણ કરવું. એ મંડપ આઠ, દશ, બાર કે સોળ હાથસુધીના પ્રમાણનો સમચોરસ કરવો કુંડોની અધિકતાના કારણે સોળ હાથથી પણ વધુ પ્રમાણનો મંડપ કરવો. યજ્ઞમંડપ વીશ ગજ = હાથનો તુલાપ્રદાનના વિષયમાં બનાવવો. તોરણથી સુશોભિત સોળ સ્તંભોના મંડપને ચારે તરફ ચાર દ્વાર રાખવાં. મધ્યમાં વેદિકા અને ફરતા પાંચ, આઠ, કે નવકુંડો બનાવવા. ५-७

हस्तमात्रं भवेत् कुण्डे (ण्डं) मेखलायोनिसंयुतम् ।
आगमैर्वेदमन्त्रैश्च होमं कुर्याद् विधानतः ॥ ८ ॥
अयुते हस्तमात्रं हि लक्षार्धे तु द्विहस्तकम् ।
त्रिहस्तं लक्षहोमे स्यात् दशलक्षे चतुष्करम् ॥ ९ ॥
त्रिंशलक्षे पञ्चहस्तं कोट्यर्धे षट्करं मतम् ।
अशीतिलक्षेऽद्रिकरं कोटिहोमेऽष्टहस्तकम् ॥ १० ॥

"Aho Shrutgyanam"

યજ્ઞકુંડનું પ્રમાણ કહે છે—એક હાથના યજ્ઞકુંડને ત્રણ મેખલાં ને યોનિ કરવી. આગમો અને વેદમન્ત્રોથી વિધિથી દેવતાઓને આમંત્રિત કરી યજ્ઞ-હોમનો પ્રારંભ કરવો. દશહજાર આહુતિને સારુ એક હાથનો, પચાસ હજાર આહુતિને સારુ બે હાથનો, એક લાખ આહુતિને સારુ ત્રણ હાથનો, દશલાખને ચાર હાથનો, ત્રીશ લાખને પાંચ હાથનો, પચાસ લાખને છ હાથનો, એંશી લાખને સાત હાથનો અને એક કરોડ આહુતિને સારુ આઠ હાથનો યજ્ઞકુંડ બનાવવાનું પ્રમાણ છે. ૮-૧૦

ग्रहपूजाविधानेन( च ) कुण्डमेककरं भवेत् ।
मेखलात्रितयं वेदरामयुग्माङ्गुलैः क्रमात् ॥ ११ ॥

एकद्वित्रिकरं कुर्याद् वेदिकोपरिमण्डलम् ।
ब्रह्माविष्णुरवीणां तु सर्वतोभद्रमिष्यते ॥ १२ ॥

भद्रं तु सर्वदेवानां नवनाभिस्तथा त्रयम् ।
लिङ्गोद्भवं शिवस्यपि लतालिङ्गोद्भवं तथा ॥ १३ ॥

भद्रं गौरितिलके च देवीनां पूजनं ( ने ) हितम् ।
अर्धचन्द्रं तडागेषु चापाकारं तथैव च ॥ १४ ॥

ગ્રહપૂજાદિ વિધાનમાં એક હાથનો કુંડ બનાવવો. તેને ચાર, ત્રણ અને બે આંગુલની એમ ત્રણ મેખલા અનુક્રમેથી કરવી. મધ્યની વેદી ઉપર એક, બે કે ત્રણ હાથનાં મંડલ ભરવાં. બ્રહ્મા, વિષ્ણુ અને સૂર્યને સર્વતોભદ્ર મંડળ ભરવું. સર્વ દેવતાઓની પ્રતિષ્ઠામાં ભદ્ર નામનું મંડળ ભરવું. તથા નવનાભિવાળું લિઙ્ગોદ્ભવ મંડળ ભરવું. શિવપ્રતિષ્ઠામાં લિંઙ્ગોદ્ભવ તથા લતાલિઙ્ગોદ્ભવ નામનાં મંડળો ભરવાં. સર્વ દેવીઓની પૂજાપ્રતિષ્ઠામાં ભદ્રમંડળ તથા ગૌરીતિલક નામનાં મંડળો ભરવાં. તળાવની પ્રતિષ્ઠામાં અર્ધચંદ્ર મંડળ ધનુષાકાર ભરવું. ૧૧-૧૪.

॥ स्थपति=सूत्रधारपूजन ॥

इत्यनव(न्त)रतः कुर्यात् सूत्रधारस्य पूजनम् ।
वस्त्रालङ्कारभूषिते गोमहिष्याश्ववाहनैः ॥ १५ ॥

अन्येषां शिल्पिनां पूजा कर्तव्या कर्मकारिणाम् ।
स्वाधिकारानुसारेण वस्त्रताम्बूलभोजनैः ॥ १६ ॥

पुण्य-प्रसादजं स्वामी प्रार्थयेत् सूत्रधारतः ।
सूत्रधारो वदेद् स्वामिन् अक्षयं भवतात् तव ॥ १७ ॥

लक्ष( क्ष्य )लक्षणोऽभ्यासाद् गुरुमार्गानुसारतः ।
प्रासादभवनादीनां सर्वज्ञानमवाप्यते ॥ १८ ॥

एकेन शास्त्रेण गुणाधिकेन विना द्वितीयेन पदार्थसिद्धिः ।
तस्मात् प्रा( प्र )कारान्तरो( रतो ) विलोक्य मणिर्गुणाढयोऽपि सहायकाङ्क्षी ॥ १९ ॥

प्रासादमण्डन

"Aho Shrutgyanam"



યમ



ભૈરવ



ઉમા મહેશ



ઉર્ધ્વતિલક શિવ



ભૂતશિવનૃત્ય તાંડવ



નૃત્યશિવ



ઈશાનશિવ



બ્રહ્મા

એ રીતે પ્રાસાદ સંપૂર્ણ થયા પછી સૂત્રધાર સ્થપતિનું વિધિપૂર્વક પૂજન કરવું દેવપ્રતિષ્ઠા, યજ્ઞયાગાદિ કરીને પ્રમુખ સ્થપતિને સન્માનપૂર્વક ગાયો, દાસ-દાસીઓ, ઘર-ઘોડા, આદિ વાહન આપી સંતુષ્ટ કરવા. સુવર્ણ રત્ન આદિ આભૂષણો, ભૂમિ, દ્રવ્ય, ઉત્તમ પ્રકારનાં વસ્ત્રો આપવાં. અન્ય કાર્યકર્તા શિલ્પીઓનું પણ યોગ્યતાપૂર્વક પૂજન કરીને તેમની યોગ્યતાનુસાર આપવું અને વસ્ત્ર, ભોજન, તાંબૂલ આદિથી સન્માન કરવું, તત્પશ્ચાત્ યજમાન ગૃહપતિએ પ્રાર્થના કરવી કે, "હે સ્થપતિ, અમારો પુણ્ય પ્રાસાદ પૂર્ણ થયો." તેના ઉત્તરમાં સ્થપતિએ કહેવું કે, "હે સ્વામિન્, આપનું કાર્ય અનંત કાળ અક્ષય હો!" દેવપ્રાસાદ કે રાજપ્રાસાદ કે ભવન નિર્માણ સારુ સર્વ પ્રકારના શિલ્પજ્ઞાનનાં સર્વ લક્ષણોનો અભ્યાસ ગુરુમાર્ગને અનુસરીને પ્રાપ્ત

"Aho Shrutgyanam"

થાય છે. ( ગુરુના વિદ્યાદાનથી જ્ઞાનપ્રાપ્તિ થાય છે ). શિલ્પશાસ્ત્રના ગ્રંથો અનેક છે. એક શાસ્ત્રના અભ્યાસથી સર્વ ગુણોનો વિકાસ થતો નથી. અન્ય ગ્રંથોના અભ્યાસ વિના કાર્યસિદ્ધિ થતી નથી. એથી કરીને પ્રકારાન્તર અન્ય મત-મતાન્તરોનો વિચાર કરી વિવેકબુદ્ધિથી કાર્ય કરવું. જે રીતે મણિના ગુણ જાણવાને સારુ કિંકિણીની સહાયતા લેવી પડે છે, એ રીતે મહાન્ ગુણવાન્ પુરુષોના ઘણા ગ્રંથોનો અભ્યાસ-મનન કરીને કાર્યની સિદ્ધિ મેળવાય છે. ૧૫-૧૯

॥ इति प्रतिष्ठामुहूर्तादि ॥

॥ इति ग्रन्थपूर्तिः ॥


ઇતિ સૂત્રધાર વીરપાલ પ્રણીત વાસ્તુશાસ્ત્રના ( ઍડયા ) પ્રાસાદતિલકની ગ્રન્થપૂર્તિ સ્થપતિ પ્રભાશંકર ઓઘડભાઈએ કરેલ ગુજરાતી અનુવાદ સહિત પૂર્ણ થઈ.

॥ इति प्रासादतिलकम् ॥



"Aho Shrutgyanam"

સપ્ત માતૃકાઓ




"Aho Shrutgyanam"

# पद्मश्री स्थपति प्रभाशंकर ओघडभाइ सोमपुरा शिल्पबिशारद का संपादित प्रणित शिल्प स्थापत्य का अलभ्य साहित्य ग्रंथो का प्रकाशन

**१. दीपार्णाव** :– વિશ્વકર્મા પ્રણિત પ્રાસાદ શિલ્પનો મહાન ગ્રંથ ૭૬ + ૪૮૮ = ૫૫૪ પૃષ્ઠોનો મોટી રોયલ સાઇઝ જેમાં ૩૫૦ આલેખો (ડ્રોઇંગો) હાફટોન બ્લોક ફોટા બ્લોક ૧૧૦ મૂળ સંસ્કૃત શ્લોક પાઠ તેનો ગુજરાતી અનુવાદ. તેમાં ગર્ય અને ટીપણુ સાથે ભરપુર સંપૂર્ણ વિવરણુ સમજ સાથે દલદાર ગ્રંથના અધ્યાય ૨૭. અનેક દેવદેવીઓની શિલ્પાકૃતિઓ અને પ્લાનો ઇલીવેશન સાથે આપેલા છે. સ્થપતિ પ્રભાશંકરભાઇના દીર્ઘ કાળના સક્રીય અનુભવના નિચોડ રૂપ આ અદ્ભુત ગ્રંથ ભારતમાં પ્રથમ પ્રકાશિત થયેલ છે. તેમના અનુભવની પ્રશંશા વિદ્વાનોએ કરી છે. ૫૦ પ્રષ્ઠોની વિદ્વદ્ પૂર્ણ પ્રસ્તાવનાનું પઠન કરવાથી સંપાદકની કુશળતા, અનુભવ અને વિદ્વતાનો પરિચય થાય છે. રાષ્ટ્રપતિ ડો. રાજેન્દ્રપ્રસાદે આ ગ્રંથની પ્રશંશા કરી ચાર હજાર રૂા. પારિતોષિક સન્માન સાથે શ્રી સોમપુરાજીને આપીને તેમનું બહુમાન કરેલ છે. ના. જામસાહેબ, પૂ. ભૂ. ગવર્નર શ્રી. ક. મા. મુનશીજી, પુરાતત્વજ્ઞ શ્રી વાસુદેવશરણજી શ્રીમદ્ શ્રી શંકરાચાર્યજી અને જૈનચાર્યજી વિજયોદયસૂરિશ્વરજીએ ગ્રંથની પ્રમાણિકતા ઉપયોગીતાની પ્રશંસા કરી છે. અલગ ગ્રંથના ઉતરાર્ધમાં જૈનપ્રાસાદ પ્રતિમા પરિકર યક્ષયક્ષણી આદિના આલેખનો સાથે આપેલ છે. ગંથની પ્રતિ અલ્પ રહી છે. હાલ તેનું મુલ્ય રૂા. ૩૦ પોસ્ટેજ અલગ.

**२. क्षीरार्णाव** : વિશ્વકર્માપ્રણિન નારદ અને વિશ્વકર્માના સંવાદરૂપ આ ગ્રંથ મહાપ્રાસાદોની રચનાનો અદ્ભૂત અદ્વિતી મહાગ્રંથ છે. સાંધાર પ્રાસાદો, ચતુર્મુખ મહા–પ્રાસાદોનો વિષય સવિસ્તર આપેલ છે. બે ત્રણુ ભૂમિ ઉદયના મેઘનાદ મંડપોની રચના દ્વાદશ ભૂમિ ઉદયના પ્રાસાદોની રચના અનેક પ્રકારના મંડપો પૃથક પૃથક પ્રકારના કસા છે. ગ્રંથોના ૨૨ અધ્યાયો પ્રાપ્ત થયેલ છે તેમાં ૮૦૦ સંસ્કૃત મૂળ શ્લોક તેનો ગુજરાતી અને હીન્દી અનુંવાદ સાથે વિવરણુ. તેમાં અર્થ સમજણુ અને આલેખનો ચિત્રો નકશાઓ સાથે આપેલ છે. અનેક દેવદેવીઓના સ્વરૂપો બત્રીસ દેવાંગનાઓના લક્ષણુ સ્વરૂપો સાથે તેના આલેખનો આપેલા છે. નકશાઓ ફોટાઓ વગેરે સાથે ૫૮ + ૩૨૪ = ૪૧૨ પૃષ્ઠોનો અલભ્ય દુષ્પાપ્ય અવર્ણનીય ગ્રથ છે તેની ભૂમિકા પુરાતત્વજ્ઞ વિદ્વાન ડો૦ મોતિચંદજીએ લખી, સંપાદક માટે ગ્રંથની પ્રસંશા કરી છે. મુલ્ય રૂા ૨૫) પચ્ચીસ પોસ્ટેજ અલગ

**३. प्रासाद मंजरी** : મૂળ સંસ્કત સાથે હીન્દી અનુંવાદ કરેલ છે. ૮૦ રેખા ચીત્રો હાફટોન બ્લોકો ૨૦ છે. પંદરમી શતાબ્દીમાં મેવાડના મહારાણા કુંભાના સ્થપતિ મંડન સૂત્રધારના કનિષ્ઠ બંધુ "નાથજી"એ આ ગ્રંથની રચના વાસ્તુ મંજરીની કરેલી તેનું પ્રાસાદ સ્તબક–પ્રાસાદ મંજરી." અનુવાદ સાથે તેના અર્થ વિવરણુ ટીપણુ સમજ સાથે તેના રેખા ચિત્રો સહિત સંપાદન કરેલ છે. અભ્યાસની દષ્ટિએ ઉત્તમ ગ્રંથ છે અનેક શિલ્પગ્રથોના પ્રમાણે આપેલા છે. મુલ્ય રૂા. ૭ સાત પોસ્ટેજ. અલગ

"Aho Shrutgyanam"

**૪. प्रासाद मंजरी** ઉપર મુજબ ગુજરાતી અનુવાદ. મુલ્ય રૂા. સાત પોસ્ટેજ અલગ.

**૫. Prasad Manjari** મૂળ સહીત તેનોં અંગ્રેજી અનુવાદ. પ્રાસાદની જાતિઓ સંપાદકના હસ્તલીખીત શિલ્પગ્રંથના વિવેચન આદિની વિસ્તૃત નોટ. આ ગ્રંથનો અંગ્રેજી અનુવાદ અમેરીકન એકેડેમીના સભ્ય; ભારતીય વાસ્તુશાસ્ત્રના વિસ્તૃત શબ્દ કોષનાં કઠિન કાર્ય પર રોકાયલા છે. તે વિદ્વાંન પુરાતત્ત્વજ્ઞ શ્રી મધુસુદનભાઈ એ ઢાંકી આ ગ્રંથનુ અંગ્રેજી અનુવાદ તૈયાર કરી રહ્યા છે. હાલ આ ગ્રંથ પ્રેસમાં છે. તેનું મુલ્ય રૂા. ૧૫ પોસ્ટેજ અલગ.

**वेधवास्तु प्रभाकर** –મૂળ સંસ્કૃત. જુદા જુદા શિલ્પગ્રંથના વેધ વિચારના સંગ્રહીત કરેલ. તેનું ગુજરાતી અને હીન્દી અનુવાદ સહીત. પ્રાસાદ ભવન ગ્રહો પ્રતિમા આદિ પરના વેધ દોષો અનેક પ્રકારના આપેલા છે. ગૃહ સ્થાપન–શલ્યવિજ્ઞાન દ્વાર સ્તંભ પાટ મુહુર્ત ચંદ્ર વાસ્તુ વજ્રલેપ સંક્ષિપ્ત પૂજાવિધિ મંત્ર સૂત્રધાર પૂજન, ગણિત કોષ્ઠક આદિ અનેક વિષયોથી ભરપુર અલભ્ય સુંદર ગ્રંથમાં રેખાચીત્રો ફોટાઓ સાથે આપેલા છે. આ ગ્રંથ દીપાર્ણવ ક્ષીરાર્ણવ અને પ્રાસાદમંજરી ગ્રંથની પૂર્તિ રૂપે છે. મુલ્ય રૂા. ૧૦ દશ. પોસ્ટેજ અલગ.

**૭ ભારતીય દુર્ગવિધાન**—અનેક પ્રાચીન ગ્રંથોમાં દુર્ગ વિષયનું સાહિત્ય એકત્રિત કરેલ છે. શીલ્પના જુદા જુદા ગ્રંથો પુરાણો, રામાયણ, મહાભારત, કૌટિલ્ય અર્થશાસ્ત્ર, અગસ્ત્ય આદિ ઋષિ મુનીયોના ગ્રંથોમાંથી મૂળ સંસ્કૃત પાઠ પરથી દુર્ગ લક્ષણ–દુર્ગની પહોળાઈ ઉચાઈ દુર્ગની આકૃતી તેના નામો–પ્રતોલ્યા તેના અંગોના નામો શાસ્ત્રીય રીતે તેના આકૃતી ચીત્રો ફોટા સાથે સમજાવેલ છે. આ ગ્રંથ શ્રી સોમપુરાજી અને પુરાતત્વરૂપ શ્રી મધુસુદનભાઈ ઢાંકીના સંયુકતે લખેલ છે તે મુંબઈના સોમૈયા પબ્લીકેશન સંસ્થા તરફથી પ્રકાશીત થયેલ છે. મુલ્ય રૂા. ૩૫–પોસ્ટેજ પ્રથક

**૮. प्रासाद तिलक** તેરમી સદીમાં થયેલ સૂત્રધાર વીરપાલ રચિત સુંદર ગ્રંથ વિવિધ છંદમાં સંસ્કૃત કાવ્યમાં લખેલ છે. આ અદ્‌ભૂત ગ્રંથની પ્રતો શ્રી સોમપુરાજીના હસ્તલિખિત ગ્રંથ ભંડારમાં ફક્ત તેના ચાર અધ્યાયો પ્રાપ્ત થયેલ–મૂળ ગ્રંથ દશેક અધ્યાયનો હોવા સંભવ છે. મૂળ ચાર અધ્યાયો પછી પ્રાચીન ગ્રંથોના આધારે ગ્રંથ પૂર્તિ આપી ગ્રંથ સંપૂર્ણ આપવા પ્રયાસ કર્યો છે. આ ગ્રંથ વડોદરા પ્રાચ્ય વિદ્યા મંદિર તરફથી બરોડા યુનીવર્સીટી પ્રેસમાં તેમના ત્રૈમાસીક "સ્વાધ્યાય" માં છપાયેલ. મૂલ્ય રૂા. ૧૦ દશ પોસ્ટેજ પ્રથક.

**जिनदर्शन शिल्प**—દીપાર્ણવના ઉત્તરાર્ધ રૂપે છે જૈન પ્રાસાદ શીખરો પ્રતિમા માન પ્રતિના લક્ષણ વર્ણ લાંચ્છન પરિકર લક્ષણ: ૨૪ યક્ષ ૨૪ યક્ષણી ૧૬ વિદ્યા દેવીઓ દશ દીગપાળ નવ ગ્રહો–જૈનોના ચાર દીશાના અષ્ઠ પ્રતિહારો માણીભદ્ર–ક્ષેત્રપાળ પદ્માવતી ઘંટાકર્ણના શાસ્ત્રીય પાઠો તેના અનુવાદ અને તે પ્રત્યેકના આલેખન રેખાચીત્રો જૈનોના શાશ્વત તીર્થો–સમવસરણ અષ્ટાપદ, મેરૂગીરી, નંદીશ્વરદ્વીપના શાસ્ત્રીય પાઠો અનુવાદ સાથે તેના આલેખનો જૈનોના ૨૪–૫૨–૭૨ અને ૧૦૮ જીનાયતનો તેના નકશાઓ ત્રણે કાળની ચોવીસીયો તેના નામ લાંચ્છન સિદ્ધચક. ગણધર સંખ્યા ૐકાર હ્રીંકારમાં ચોવીશ તિર્થંકર વર્ણ પ્રમાણે. અષ્ટમંગળ ચૌદ સ્વપ્ન માણકસ્તંભ આદિ જૈન શિલ્પને લગતું સંપૂર્ણ સાહિત્ય મૂળપાઠ અને તેના અનુવાદ અને રેખાચીત્ર સાથે આવા અલભ્ય ગ્રંથ પ્રથમ પ્રકાશીત થયેલ છે. મુલ્ય રૂા. ૧૦ પોસ્ટેજ પૃથક્.

"Aho Shrutgyanam"

**૧૦ ભારતીય શિલ્પ સંહીતા**—પ્રતિમાવિધાન અંગેનો અદ્ભૂત ગ્રંથ પ્રાચીન શિલ્પ ગ્રંથોના આધારે બે વિભાગમાં આવેલ છે. પૂર્વાદ્ધમાં–મૂર્તિ પૂજા–પ્રતિમામાન પ્રતિમા તાલમાન–વર્ણ–વાહન–હસ્તમુદ્રા, પાદમુદ્રા, આસન શરીરમુદ્રા પીઠીકા (સિંહાસન) નૃત્ય–ષોડશાભરણ અલંકાર આયુધ પરિકર વ્યાલ સ્વરૂપો–દેવાનુચર અસૂરાદિ ૧૯ સ્વરૂપો અને બત્રીસ દેવાંડનાઓ આ સર્વના મૂળ સંસ્કૃત પાઠો સાથે અનુવાદ અને તેના વિસ્તૃત આલેખનો હજુ સુધી આવું સાહિત્યનુ પ્રકાશન અલભ્ય અને અમુલ્ય છે.

ગ્રંથના ઉત્તરાર્ધમાં દેવ દેવીઓ જૈનો આદિ સ્વરૂપો આપેલા છે. બ્રહ્માના ચાર સ્વરૂપો, વિષ્ણુના ૨૪ અને દશ અવતાર ઉપરાંત ૨૪ અવતારો વિષ્ણુના અન્ય સ્વરૂપો કૃષ્ણના સ્વરૂપો ચતુર્મુખ વિષ્ણુ લક્ષ્મીનારાયણ આદિ સ્વરૂપો શિવ રુદ્રના અવ્યક્ત વ્યક્ત વ્યક્તાવ્યક્ત સ્વરૂપો જ્યોતિર્લિંગ બાણલીંગ રાજલીંગ સહસ્ત્રલીંગ શતાલિંગ ધારાલિંગ પાષાણ પરિક્ષા રુદ્રના બાર સ્વરૂપો ઉમા મહેશ દશ સંયુક્ત સ્વરૂપો. શિવના અન્ય સ્વરૂપો. નવેક ભૈરવ સ્વરૂપો નંદી—

દેવી શકિત સ્વરૂપો નવ દુર્ગા સપ્ત માતુકાઓ ચંડી આદિ સ્વરૂપો દ્વાદશ.

**ગૌરિ સ્વરૂપો** ચતુર્વિંશની ગૌરી સ્વરૂપો

દ્વાદશ સૂર્ય ત્રયોદશાદિત્ય સ્વરૂપો. ગણેશના ૧૫ સ્વરૂપો કાર્તિક સ્કંદ.

**વિશ્વકર્મા** યજ્ઞવૃષભ મૂર્તિ હનુમંતના સ્વરૂપો દશ દીગ્પાળ નવગ્રહો

જૈન તિર્થંકર યક્ષ યક્ષણુ વિદ્યાદેવીઓ માણિભદ્ર ઘંટાકર્ણ ક્ષેત્રપાળ પદ્માવતી આઠ દ્વારપાળ પ્રતિહારો ચૌદ સ્વપ્ન-અષ્ટમંગળ આદિ. આ સર્વના મૂળપાઠ સાથે તેના સેંકડો આલેખનો આપવામાં આવેલ છે. આવો ગ્રંથ વર્તમાનમાં પ્રથમ પ્રકાશીત થાય છે. તે મુંબઈ સોમૈયા પબ્લીકેશન પ્રકાશન થયેલ છે.

**૧૧. વાસ્તુ તિલક**—સાતમી આઠમી સદીમાં પંડીત કેશવે લખેલ સુંદર ગ્રંથ વિવિધ સંસ્કૃત છંદમાં તે કાળના શિલ્પને લગતો ગ્રંથમાં વિવિધતા છે. તેનો વિદ્વાન કર્તા શિલ્પનો જ્ઞાતા જણાય છે. સકલ લોકોપયોગી શિલ્પ એવું તેણે ગ્રંથાંતે આપેલ છે તેનું શુદ્ધીકરણ શ્રી મધુસુદનભાઈ ઢાકી બનારસમાં કરાવી તેના રેખાચીત્રો સાથે તેના પર અંગ્રેજી નોટ સાથે–બરોડા પ્રાચ્યવિદ્યા તરફથી પ્રેસમાં છપાશે.

**૧૧. વૃક્ષાર્ણવ**—આ ગ્રંથના પ્રકરણો પ્રાપ્ત થયેલા છે. તે મહાપ્રાસાદોને લગતો અલભ્ય ગ્રંથ છે. તેના પાઠોને અંગ્રેજી અનુવાદ શ્રી ઢાકીજી તેના પર લખી રહ્યા છે. તેનું સંશોધન ચાલી રહ્યું છે.

**૧૨ વાસ્તુવિદ્યા**—અને વાસ્તુશાસ્ત્ર ઉપર પ્રમાણે સંશોધનમાં શ્રી મધુસુદન ઢાકીજી બનારસમાં કરી રહ્યા છે. તેની અંગ્રેજી નોટ સાથે લખે છે.

## શિલ્પ કલા પ્રકાશન


૩ પથીકસોસાયટી, અમદાવાદ-૧૩
૩૧, ધરોરા પાર્ક, અમદાવાદ-૧૩
મુકુંદકુંજ સોસાયટી, ધાટલોડીયા રોડ,
અમદાવાદ-૧૩

પ્રકાશકો :
**શ્રી બળવંતરાય પ્રભાશંકર સોમપુરા**
**શિલ્પશાસ્ત્રી અને ભાઇઓ**


"Aho Shrutgyanam"